# વિશ્વવ્યાપી જળપ્રલય

નૂહનું વહાણ આજે પણ આરારાટ પર્વત પર
બરફમાં ધરબાયેલું પડયું છે.



રેવ.ડૉ.જયાનંદ આઈ ચૌહાન

$8BGV2

# વિશ્વવ્યાપી જળપ્રલય

લેખક :
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
*એમ. એ. (જર્નાલિઝમ) યુ.એસ.એ.*
'કનાન', મિશન રોડ, નડિયાદ ૩૮૭ ૦૦૨

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

**GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103**

◆ વિશ્વવ્યાપી જળપ્રલય

◆ *પ્રકાશક :*
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ *લેખક :*
**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન**
*એમ.એ. (જર્નાલિઝમ) યુ.એસ.એ.*
'કનાન', મિશન રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૨

◆ **આવૃત્તિ :**
**પ્રથમ આવૃત્તિ :** જુલાઈ ૧૯૯૮ : નકલ ૧૦૦૦
**પુનર્મુદ્રણ :** જાન્યુઆરી ૨૦૦૧

◆ **નકલ : ૧૦૦૦**

◆ **કિંમત : રૂ. ૩૦-૦૦**

◆ *મુદ્રક :*
**જેન્સન કોમ્પ્યુટર્સ**
એ/૪, બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી,
ખોખરા મ્યુ. સ્નાનાગર સામે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : ૨૧૬૨૪૪૧

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# અર્પણ



**સ્વ. શ્રી. રસિકલાલ વીરજીભાઈ પરમાર**

જન્મ : તા. ૫-૮-૧૯૩૧

મૃત્યુ : તા. ૨૧-૧૧-૧૯૯૦

સ્વ. શ્રી. રસિકલાલ વીરજીભાઈ પરમારના
સ્મરણાર્થે તેમનાં ધર્મપત્ની
શ્રીમતી સુશીલાબહેન રસિકલાલ પરમાર
તરફથી આ પુસ્તકના પુનઃ પ્રકાશન માટે
રૂા. દસ હજાર ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક
સોસાયટીને ભેટ આપવામાં આવ્યા છે.
આ માટે તેમનો આભાર માનીએ છીએ.

# પ્રકાશકના બે બોલ

"વિશ્વવ્યાપી જળપ્રલય" પુસ્તકની બીજી આવૃત્તિના પ્રકાશન સમયે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી પરિવાર વતી પુસ્તકના લેખક, વિદ્વાન પાળક એવા રેવ. ડૉ. જે. આઈ. ચૌહાન સાહેબનો આભાર માનીએ છીએ. ૧૯૯૮માં આ પુસ્તક પ્રગટ થયું ત્યારબાદ ખૂબ જ ટૂંકા ગાળામાં પુસ્તકની ૧૧૦૦ નકલ વેચાઈ ગઈ તે જ લેખક પ્રત્યેનો લોકોનો પ્રેમ જોઈ શકાય છે. રેવ. ડૉ. જયાનંદ સાહેબે પુસ્તકો દ્વારા ખ્રિસ્તી સમાજની જે સેવા કરી છે તે ખરેખર અભિનંદનીય છે.

ઉત્પત્તિ ૧:૨૬ મુજબ દેવે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ. તો ઈશ્વરનું સ્વરૂપ અને પ્રતિમા એટલે શું ? ઈશ્વર જોઈ શકે, વિચારી શકે, સમજી શકે એવી પોતાના જેવી બુદ્ધિ આપી. ઈશ્વર જેને પસંદ કરે એવું પસંદ કરવાની મુક્તેચ્છા ઈશ્વરે માણસને આપી. પણ, માણસ ભ્રષ્ટ બન્યું અને ઈશ્વર પાપને સાંખી લેતા નથી. પાપનું પરિણામ મરણ છે.

દુનિયા ભ્રષ્ટ થઈ હતી અને નૂહ અને તેના કુટુંબ સિવાય કોઈ ન્યાયી નહોતું. તેથી ઈશ્વરે જળપ્રલય દ્વારા સર્વ જીવોનો નાશ કર્યો.

નૂહ કોઈ દરિયાકાંઠાનો રહેવાસી ન હતો, એટલે આવું જંગી વહાણ બનાવવાનો તેને ખ્યાલ પણ ન હોય, પણ ઈશ્વરપિતા દ્વારા તેને જે કાંઈ માહિતી આપવામાં આવી તેની વિગત આ પુસ્તકમાં આપવામાં આવી છે.

આ પુસ્તકના પ્રકાશન માટે સ્વ. શ્રી રસિકલાલ વીરજીભાઈ પરમારના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબહેન રસિકલાલ પરમાર તરફથી આ પુસ્તકના પ્રકાશન માટે રૂ. ૧૦,૦૦૦/-નું ખૂબ જ ઉદાર દાન પ્રાપ્ત થયું તે બદલ સમગ્ર પરિવારના આભારી છીએ.

**રેવ. નિકોલસ પરમાર** — *પ્રમુખ*

**રેવ. પ્રકાશ સીંગાડા** — *સેક્રેટરી*

**માર્ચ-૨૦૦૧**

# ઉપોદ્‌ઘાત

## આટલું જ કહેવાનું

વિશ્વભરમાં નૂહનું વહાણ હજી અરારાટ પર હયાત છે કે કેમ, અને કોઈક સમયે એને બહાર લાવવામાં આવશે કે કેમ, એની ચર્ચા ચારે બાજુ ચાલી રહી છે. એ ધ્યાનમાં લઈને તેમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું કે, નૂહના દિવસોમાં તેઓ ખાતાપીતા, પરણતા પરણાવતા હતા, અને જળપ્રલય આવીને તેઓને તાણી લઈ ગયો. એમ જ માણસના દીકરાના પુનરાગમન સમયે થશે. એ યાદ કરીને આ પુસ્તક લખવા પ્રેરાયો છું.

આ અગાઉ ઈ.સ. ૧૯૬૪માં દસ જેટલાં વિવિધ પુસ્તકોમાંથી સંશોધન કરીને "નૂહના સમયનો જળપ્રલય અને વહાણ" - એ માહિતીસભર લેખ તૈયાર કરીને નવેમ્બર ૧૯૬૪ના "ખ્રિસ્તીબંધુમાં" પ્રસિદ્ધ કર્યો હતો. જે આ પુસ્તકમાં સામેલ કરવામાં આવ્યો છે.

ક્રિએશન રિસર્ચ ઈન્સ્ટીટયૂટ તરફથી અંદરનાં જે ચિત્રો મને મળ્યાં તેનો આભાર માનું છું.

મારી નાદુરસ્ત તબિયતના સમયમાં આ પુસ્તક લખવાની કૃપા પરમકૃપાળુ પરમેશ્વર પિતાએ આપી માટે હૃદયપૂર્વક તેમનો આભાર માનું છું.

જયાનંદ આઈ. ચૌહાન
નવેમ્બર ૨૦, ૨૦૦૦

## અનુક્રમણિકા


૧. બાઈબલનો પાઠ ....................૧

૨. નૂહના સમયનો જળપ્રલય તથા વહાણ ..........૧૨

૩. વહાણ બનાવવા માટે વાપરેલું લાકડું ..........૨૧
ઓરડી કે ઓરડીઓ ? ..................૨૩

૪. જળપ્રલય ક્યારે શરૂ થયો ? ...............૨૭

૫. જળપ્રલયનો વિસ્તાર - જળપ્રલય માત્ર સ્થાનિક
હતો કે આખી પૃથ્વી પર ? ................૩૦

૬. જળપ્રલયનું કારણ

ક. દેવના દીકરા અને માણસોની દીકરીઓનો
ગૃહસંસાર ..................૪૩

ખ. ભ્રષ્ટાચાર ..................૫૩

ગ. ઈશ્વર પાપને સાંખી લેતા નથી. ..........૫૫

૭. આટલું બધું પાણી ક્યાંથી આવ્યું ? ...........૫૭

૮. ક. નૂહના વહાણમાં લેવા માટે જેમ પશુઓના
શુદ્ધ-અશુદ્ધ ભાગ પાડયા, તેમ પક્ષીઓના
પાડયા કે નહિ ? ................૬૪

ખ. નૂહના વહાણમાં આટલાં બધાં પ્રાણીઓ-પંખીઓ
સમાઈ શકે ખરાં ? ...............૬૫

૯. મથૂસેલાહના લાંબા આયુષ્યનું મહત્ત્વ ..........૭૫

૧૦. જળપ્રલય પૂર્વે માનવીનું આયુષ્ય સેંકડો વર્ષનું હતું .....૮૧

૧૧. જળપ્રલય અને ડાયનાસોર ..............૯૦

ક. બાઈબલમાં ડાયનાસૌર વિષે કંઈ જ નોંધ કેમ નથી ? ૯૦

ખ. એક પ્રાગ ઐતિહાસિક પ્રાણી ડાયનાસૌર .......૯૨

૧૨. ક. પૃથ્વી પરથી પાણી ઓસરવા લાગ્યાં. . . . . . . . . . . ૯૬
ખ. પૃથ્વીના પેટાળની ભયજનક સ્થિતિ . . . . . . . . . . . ૯૮
ગ. આરારાટ પર્વત વિષે . . . . . . . . . . . . . . . . . . . ૯૯
ઘ. આટલાં બધાં પ્રાણીઓ વહાણમાંથી
કેવી રીતે ઊતર્યાં હશે ! . . . . . . . . . . . . . . . . ૧૦૫
ચ. નૂહના વહાણની પ્રભુ ઈસુ સાથે સરખામણી . . . . ૧૦૭
૧૩. જળપ્રલય પછી નૂહના દીકરાઓથી થયેલી પ્રજાઓ . . . ૧૦૯
૧૪. ઈસ્વીસન ક્યારથી શરૂ થઈ ? . . . . . . . . . . . . . . ૧૧૨
૧૫. પૃથ્વીની ઉંમર કેટલી . . . . . . . . . . . . . . . . . . . . ૧૨૩
૧૬. ભારતની જળપ્રલયની વાત . . . . . . . . . . . . . . . . ૧૩૫
૧૭. નૂહના વહાણના સંશોધનનો તબક્કાવાર ઇતિહાસ . . . ૧૪૦
ઉપયોગી થાય તેવાં પુસ્તકો



જળપ્રલયમાં તણાતાં પ્રાણીઓ
સિંહ પોતાના બચ્ચાના બચાવ માટે પ્રયત્ન કરે છે.

# ૧

# બાઈબલ પાઠ

## ઉત્પત્તિ ૫:૨૫ થી ૩૧ કલમો અને ૬ થી ૧૧ અધ્યાય

૨૫ અને મથૂશેલાહ એકસો સત્યાસી વર્ષનો થયો, ત્યારે તેને
લામેખ થયો; ૨૬ અને લામેખનો જન્મ થયા પછી મથૂશેલાહ સાતસો
બ્યાસી વર્ષ જીવ્યો, ને તેને દીકરાદીકરીઓ થયાં. ૨૭ અને
મથૂશેલાહના સર્વ દહાડા નવસો અગણોતેર વર્ષ હતાં; અને તે
મરી ગયો.

૨૮ અને લામેખ એકસો બ્યાસી વર્ષનો થયો, ત્યારે તેને
દીકરો થયો. ૨૯ અને તેણે તેનું નામ નૂહ [એટલે વિસામો] પાડયું,
ને કહ્યું કે, જે ભૂમિને યહોવાએ શાપ દીધો, તેમાં અમારાં કામ
તથા હાથોના ઉદ્યોગ સંબંધી એ જ અમને દિલાસો આપશે. ૩૦ અને
નૂહનો જન્મ થયા પછી લામેખ પાંચસો પંચાણુ વર્ષ જીવ્યો, ને
તેને દીકરાદીકરીઓ થયા. ૩૧ અને લામેખના સર્વ દહાડા સાતસો
સિત્તોતેર વર્ષ હતાં; અને તે મરી ગયો.

૩૨ અને નૂહ પાંચસો વર્ષનો થયો; અને નૂહને શેમ તથા
હામ તથા યાફેથ થયા.

૬ અને ભૂમિ પર માણસો વધવા લાગ્યાં, અને તેઓને
દીકરીઓ થઈ, ત્યારે એમ થયું, કે ૨ દેવના દીકરાઓએ
માણસોની દીકરીઓને જોઈ કે, તેઓ સુંદર છે; અને જે સર્વને
તેઓએ પસંદ કરી તેઓમાંથી તેઓએ પત્નીઓ કરી. ૩ અને
યહોવાએ કહ્યું કે, મારો આત્મા માણસની સાથે સદા વાદ નહિ
કરશે, કેમ કે તે માંસનું છે; તથાપિ તેઓના દિવસ એકસો વીસ
વર્ષ થશે. ૪ તે દિવસોમાં પૃથ્વીમાં મહાવીર હતા, ને દેવના

દીકરાઓ માણસની દીકરીઓની પાસે ગયા, ને તેઓથી છોકરાં
થયાં, જેઓ પુરાતન કાળના બળવાનો, નામાંકિત પુરુષો હતા.

૫ અને યહોવાએ જોયું કે માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી
થઈ, ને તેઓના હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ
છે. [૬] અને યહોવાએ પૃથ્વી પર માણસને ઉત્પન્‍ન કર્યું, તેનો તેને
પશ્ચાત્તાપ થયો, ને હૃદયમાં તે ખેદિત થયો. [૭] અને યહોવાએ કહ્યું
કે, જે માણસને મેં ઉત્પન્‍ન કર્યું, તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ;
હા, માણસ તથા પશુ, પેટે ચાલનારાં પ્રાણી તથા આકાશનાં
પક્ષીઓ સુદ્ધાં [તે સર્વનો સંહાર કરીશ]; કેમ કે તેઓને ઉત્પન્‍ન
કર્યાનો મને પશ્ચાત્તાપ થાય છે. [૮] પણ નૂહ યહોવાની દૃષ્ટિમાં કૃપા
પામ્યો.

૯ નૂહની વંશાવળી આ પ્રમાણે છે. પોતાના જમાનામાં નૂહ
ન્યાયી તથા સીધો માણસ હતો; અને નૂહ દેવની સાથે ચાલતો.
[૧૦] અને નૂહને શેમ તથા હામ તથા યાફેથ એ ત્રણ દીકરા થયા.
[૧૧] પણ દેવની સમક્ષ પૃથ્વી દુષ્ટ થઈ ગઈ ને પૃથ્વી જુલમથી ભરપૂર
હતી. [૧૨] અને દેવે પૃથ્વી પર જોયું, તો જુઓ, તે દુષ્ટ હતી; કેમ કે
સર્વ માણસે પૃથ્વી પર પોતાની ચાલ દુષ્ટ કરી હતી.

૧૩ અને દેવે નૂહને કહ્યું કે, મારી આગળ સર્વ જીવનો અંત
આવ્યો છે; કેમ કે તેઓને લીધે પૃથ્વી જુલમે ભરેલી છે; અને
જુઓ, હું તેઓનો પૃથ્વી સુદ્ધાં સંહાર કરીશ. [૧૪] તું પોતાને સારુ
દેવદારના લાકડાનું વહાણ બનાવ; તે વહાણમાં ઓરડી કરીને તેને
અંદર તથા બહાર ડામર ચોપડ. [૧૫] અને આ પ્રમાણે તું તેને
બનાવ : એટલે વહાણની લંબાઈ ત્રણસો હાથ, ને તેની ચોડાઈ
પચાસ હાથ, ને તેની ઊંચાઈ ત્રીસ હાથ. [૧૬] વહાણમાં તું બારી
કર, ને ઉપરથી એક હાથ છોડીને તું તેને પૂરી કર; અને વહાણનું

દ્વાર તેના એક પાસામાં મૂક; અને તેનો નીચલો તથા બીજો તથા
ત્રીજો એવા ત્રણ માળ તું કર. ૧૭ અને જુઓ, સર્વ જીવ જેમાં
જીવનનો શ્વાસ છે, તેઓનો સંહાર આકાશ તળેથી કરવા સારુ હું
પૃથ્વી પર જળપ્રલય લાવીશ; અને પૃથ્વીમાં જે સર્વ છે તે મરશે.
૧૮ પણ હું તારી સાથે મારો કરાર સ્થાપીશ; અને તું વહાણમાં
આવ. તું, તથા તારી સાથે તારા દીકરા, તથા તારી પત્ની, તથા
તારા દીકરાઓની પત્નીઓ. ૧૯ અને સર્વ જાતનાં જાનવરોમાંથી
બબ્બે તારી સાથે બચાવવાને સારુ તું વહાણમાં લાવ; તેઓ નરનારી
હોય. ૨૦ પોતપોતાની જાત પ્રમાણે પક્ષીઓ, તથા પોતપોતાની
જાત પ્રમાણે પશુઓ, તથા પોતપોતાની જાત પ્રમાણે પેટે ચાલનારાં
પ્રાણીઓમાંથી સર્વ જાતનાં બબ્બે, જીવ બચાવવા સારુ તારી પાસે
આવે. ૨૧ અને સર્વ જાતનું ખાવાનું જે ખાવામાં આવે છે તે લઈ
તારી પાસે એકઠું કરી રાખ; એટલે તારે સારુ તથા તેઓને સારુ
તે ખોરાક થશે. ૨૨ નૂહે એમ જ કર્યું; દેવે તેને જે સર્વ આજ્ઞા
આપી હતી, તે પ્રમાણે તેણે કર્યું.

૭ અને યહોવાએ નૂહને કહ્યું કે, તું ને તારા ઘરનાં બધાં
માણસો વહાણમાં આવો; કેમ કે આ પેઢીમાં મેં તને જ
મારી સમક્ષ ન્યાયી જોયો છે. ૨ સર્વ શુદ્ધ પશુઓમાંથી સાત સાત
નરનારી ને અશુદ્ધ પશુઓમાંથી બબ્બે નરનારી તું તારી સાથે લે;
૩ અને આકાશનાં પક્ષીઓમાંનાં સાત સાત નરમાદા, આખી પૃથ્વી
પર બીજ રાખવા સારુ લે. ૪ કેમ કે સાત દહાડા પછી હું પૃથ્વી
પર ચાળીસ દહાડા તથા ચાળીસ રાત લગી વરસાદ વરસાવીશ;
અને જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કર્યાં છે, તેઓનો નાશ પૃથ્વી
પરથી હું કરીશ. ૫ અને યહોવાએ જે સર્વ આજ્ઞા તેને આપી હતી
તે પ્રમાણે નૂહે કર્યું.

૬ અને પૃથ્વી પર જળપ્રલય થયો, ત્યારે નૂહ છસો વર્ષનો

હતો. ૭ અને નૂહ તથા તેના દીકરા તથા તેની સ્ત્રી તથા તેના
દીકરાઓની સ્ત્રીઓ જળપ્રલયને લીધે વહાણમાં ગયાં. ૮ શુદ્ધ
પશુઓ તથા અશુદ્ધ પશુઓ, તથા પક્ષીઓ, તથા પૃથ્વી પર સર્વ
પેટે ચાલનારાં પ્રાણીઓ, ૯ તેઓમાંનાં બબ્બે એટલે નર તથા માદા,
જેમ દેવે નૂહને આજ્ઞા આપી હતી, તેમ નૂહની પાસે વહાણમાં
ગયાં. ૧૦ અને એમ થયું કે સાત દહાડા પછી પૃથ્વી પર જળપ્રલય
થયો. ૧૧ નૂહના આયુષ્યના છસોમાં વર્ષના બીજા મહિનાને સત્તરમે
દહાડે, તે જ દહાડે મોટા જળનિધિના ઝરા ફૂટી -નીકળ્યા ને
આકાશનાં દ્વારો ઊઘડી ગયાં, ૧૨ અને ચાળીસ દહાડા તથા ચાળીસ
રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો.

૧૩ તે જ દહાડે નૂહ તથા તેના દીકરા, શેમ, હામ ને યાફેથ,
તથા નૂહની પત્ની તથા તેના દીકરાઓની ત્રણ પત્નીઓ વહાણમાં
ગયાં. ૧૪ તેઓ તથા પોતપોતાની જાત પ્રમાણે હરેક જનાવર, તથા
પોતપોતાની જાત પ્રમાણે સર્વ પશુ, તથા પોતપોતાની જાત પ્રમાણે
હરેક પેટે ચાલનારું પ્રાણી, જે પૃથ્વી પર ચાલે છે તે, ને પોતપોતાની
જાત પ્રમાણે હરેક જાતનાં મોટાં તથા નાનાં પક્ષીઓ [વહાણમાં
ગયાં]. ૧૫ અને સર્વ દેહધારી જાત જેમાં જીવનનો શ્વાસ છે, તેમાંથી
બબ્બે નૂહ પાસે વહાણમાં ગયાં. ૧૬ અને તેમાં જે ગયાં તે સર્વ
પ્રાણીઓમાંનાં નરનારી, જેમ દેવે તેને આજ્ઞા આપી હતી, તેમ
તેઓ ગયાં; અને યહોવાએ તેને તેમાં બંધ કર્યો. ૧૭ અને પૃથ્વી
પર ચાળીસ દહાડા લગી જળપ્રલય હતો; અને પાણીએ વધીને
વહાણને તરતું કર્યું, ને તે પૃથ્વી પરથી ઊંચકાયું. ૧૮ અને પાણી
વધ્યું, ને પૃથ્વી પર બહુ ચઢયું; અને પાણી પર વહાણ ચાલ્યું.
૧૯ અને પૃથ્વી પર પાણી ઘણું ચઢયું; અને આખા આકાશ તળેના
સર્વ ઊંચા પર્વત ઢંકાઈ ગયા. ૨૦ [પર્વતો પર] પંદર હાથ સુધી
પાણી ચઢયું; અને પહાડો ઢંકાઈ ગયા. ૨૧ અને પૃથ્વી પર ફરનારાં

પ્રાણીઓ, એટલે પક્ષી તથા ઢોર તથા વનપશુ, તથા જીવજંતુ જેઓ
પૃથ્વી પર છે, તેઓ તથા સર્વ માણસ મરી ગયાં; ૨૨ કોરી જમીન
પર સર્વ રહેનાર, જેઓનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ હતો, તેઓ
મરી ગયાં. ૨૩ અને પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા, એટલે માણસ
તથા પશુ તથા પેટે ચાલનારાં તથા આકાશનાં પક્ષી પૃથ્વી પરથી
નષ્ટ થયાં; અને નૂહ તથા તેની સાથે જે વહાણમાં હતાં એકલાં
તેઓ બચ્યાં. ૨૪ અને દોઢસો દહાડા લગી પૃથ્વી પર પાણીનું જોર
ચાલ્યું.

૮ અને નૂહ તથા જે તેની સાથે સર્વ પ્રાણી તથા સર્વ પશુ
વહાણમાં હતાં તેઓને દેવે સંભાર્યાં; અને દેવે પૃથ્વી પર
પવન ચલાવ્યો, ને પાણી ઊતરી ગયાં; ૨ વળી જળનિધિના ઝરા,
તથા આકાશનાં દ્વારો બંધ થયાં, ને આકાશમાંથી [પડતો] વરસાદ
રહી ગયો. ૩ અને પૃથ્વી પરથી પાણી ઘટતાં જતાં હતાં, ને દોઢસો
દહાડા પછી પાણી ઓસર્યાં. ૪ અને સાતમા મહિનાને સત્તરમે
દહાડે વહાણ અરારાટના પહાડો પર થંભ્યું. ૫ અને દશમા મહિના
લગી પાણી ઓસરતાં ગયાં; દશમા મહિનાને પહેલે દહાડે પહાડોનાં
શિખર દેખાયાં.

૬ અને એમ થયું કે ચાળીસ દહાડા પછી નૂહે વહાણમાં જે
બારી કરી હતી તે તેણે ઉઘાડી; ૭ અને તેણે એક કાગડાને બહાર
મોકલ્યો, ને પૃથ્વી પરનાં પાણી સુકાયાં ત્યાં લગી તે આમતેમ
ઊડતો ફર્યો. ૮ પછી પૃથ્વી પર પાણી ઓસર્યાં છે કે નહિ, એ
જોવા સારુ તેણે એક કબૂતરને પોતાની પાસેથી મોકલ્યું; ૯ પણ
કબૂતરને પોતાના પગનું તળિયું મૂકવાની જગા મળી નહિ, તે માટે
તેની પાસે વહાણમાં પાછું આવ્યું, કેમ કે આખી પૃથ્વી પર પાણી
હતું; ત્યારે તેણે પોતાનો હાથ લાંબો કરીને તેને પકડયું ને તેને
પોતાની પાસે વહાણમાં લઈ લીધું. ૧૦ અને બીજા સાત દહાડા

રાહ જોયા પછી તેણે ફરી કબૂતરને વહાણમાંથી મોકલ્યું; ૧૧ અને
સાંજે કબૂતર તેની પાસે આવ્યું; અને જુઓ, તેની ચાંચમાં જૈતવૃક્ષનું
તોડેલું એક પાંદડું હતું; તેથી નૂહે જાણ્યું કે પૃથ્વી પરથી પાણી
ઓસર્યાં છે. ૧૨ અને તેણે બીજા સાત દહાડા રાહ જોઈ; પછી તેણે
કબૂતરને બહાર મોકલ્યું; અને તે તેની પાસે ફરી પાછું આવ્યું
નહિ.

૧૩ અને એમ થયું કે છસો ને પહેલા વર્ષના પહેલા મહિનાને
પહેલે દહાડે પૃથ્વી પરથી પાણી સુકાઈ ગયાં; તે વારે નૂહે વહાણનું
છાપરું ઉઘાડીને જોયું, ને, જુઓ, પૃથ્વીની સપાટી સૂકી થઈ હતી.
૧૪ અને બીજા મહિનાને સત્તાવીસમે દહાડે ભૂમિ કોરી થઈ હતી.
૧૫ અને દેવે નૂહને કહ્યું કે, ૧૬ તું તથા તારી સાથે તારી સ્ત્રી,
તથા તારા દીકરા તથા તારા દીકરાઓની સ્ત્રીઓ વહાણમાંથી
નીકળો. ૧૭ હરેક જાતના પ્રાણીને, એટલે પક્ષી તથા પશુ, તથા
હરેક પેટે ચાલનાર જે પૃથ્વી પર ચાલે છે, તે સર્વને તારી સાથે
બહાર લાવ, કે, તેઓ પૃથ્વી પર પુષ્કળ વંશ વધારે તથા સફળ
થાય તથા પૃથ્વી પર વધે. ૧૮ અને નૂહ તથા તેની સાથે તેના દીકરા
તથા તેની સ્ત્રી તથા તેના દીકરાઓની સ્ત્રીઓ નીકળ્યાં; ૧૯ સર્વ
પ્રાણીઓ, સર્વ પેટે ચાલનારાં, સર્વ પક્ષીઓ, તથા જે જે પૃથ્વી
પર ચાલે છે, તે સર્વ પોતપોતાની જાત પ્રમાણે વહાણમાંથી
નીકળ્યાં.

૨૦ અને નૂહે યહોવાને સારુ એક વેદી બાંધી, ને સર્વ શુદ્ધ
પશુઓમાંથી તથા સર્વ શુદ્ધ પક્ષીઓમાંથી કેટલાંએકને લઈને વેદી
પર હોમ કર્યો. ૨૧ અને યહોવાને તેની સુગંધ આવી; અને
યહોવાએ પોતાના મનમાં કહ્યું કે, માણસને લીધે હું પૃથ્વીને ફરી
શાપ નહિ દઈશ, કેમ કે માણસના મનની કલ્પના તેના બાળપણથી
ભૂંડી છે; પણ જેમ મેં સર્વ પ્રાણીઓનો સંહાર કર્યો છે તેમ હું ફરી

કદી નહિ કરીશ. ૨૨ પૃથ્વી રહેશે ત્યાં લગી વાવણી તથા કાપણી,
ટાઢ તથા ગરમી, ઉનાળો તથા શિયાળો, ને દહાડો તથા રાત થયા
વગર રહેશે નહિ.

૯ અને દેવે નૂહને તથા તેના દીકરાઓને આશીર્વાદ દીધો,
ને તેઓને કહ્યું કે, સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને
ભરપૂર કરો. ૨ અને પૃથ્વીનાં સર્વ પશુઓ, તથા આકાશનાં સર્વ
પક્ષીઓ, તથા પૃથ્વી પર સર્વ પેટે ચાલનારાં પ્રાણીઓ, તથા
સમુદ્રનાં સર્વ માછલાં, એ સર્વ તમારાથી બીશે તથા ડરશે; તેઓ
તમારા હાથમાં આપેલાં છે. ૩ પૃથ્વી પર હરેક ચાલનાર પ્રાણી
તમારે સારુ ખોરાકને માટે થશે; લીલા શાકની પેઠે મેં તમને સઘળાં
આપ્યાં છે. ૪ પણ માંસ તેના જીવ સુદ્ધાં, એટલે રક્ત સુદ્ધાં, ન
ખાશો. ૫ અને તમારા જીવના રક્તનો બદલો હું ખચીત માગીશ;
હરેક પશુની પાસેથી હું તે માગીશ; અને માણસની પાસેથી, એટલે
હરેક માણસના ભાઈની પાસેથી માણસના જીવનો બદલો હું
માગીશ. ૬ માણસનું રક્ત જે કોઈ વહેવડાવે તેનું રક્ત માણસથી
વહેવડાવવામાં આવશે; કેમ કે દેવે પોતાની પ્રતિમા પ્રમાણે
માણસને ઉત્પન્‍ન કર્યું. ૭ અને તમે સફળ થાઓ, ને વધો; અને
પૃથ્વીમાં પુષ્કળ વંશ વધારો, ને તેમાં વધતા જાઓ.

૮ અને નૂહ તથા તેના દીકરાઓને દેવે કહ્યું કે, ૯ જુઓ,
તમારી સાથે, તથા તમારી પછવાડે થનાર તમારા સંતાનની સાથે
હું મારો કરાર સ્થાપન કરું છું; ૧૦ અને તમારી સાથેના હરેક સજીવ
પ્રાણી સાથે, એટલે પક્ષી તથા ઢોર તથા પૃથ્વીનાં સર્વ જનાવર,
ને વહાણમાંથી નીકળેલાં સર્વ જનાવર, તે સર્વની સાથે હું [મારો
કરાર સ્થાપન કરું છું]. ૧૧ અને તમારી સાથે હું મારો કરાર સ્થાપન
કરું છું કે, જળપ્રલયના પાણીથી સર્વ પ્રાણીનો નાશ ફરી નહિ
થશે; અને પૃથ્વીનો નાશ કરવાને જળપ્રલય કદી નહિ થશે. ૧૨ અને

દેવે કહ્યું કે, મારી ને તમારી વચ્ચે, તથા તમારી સાથે જે હરેક
સજીવ પ્રાણી છે તેની ને મારી વચ્ચે જે કરાર પેઢી દરપેઢીને માટે
હું કરું છું તેનું ચિહ્ન આ છે; ૧૩ એટલે મારું ધનુષ્ય હું વાદળમાં
મૂકું છું, ને તે મારી તથા પૃથ્વીની વચ્ચેના કરારનું ચિહ્ન થશે.
૧૪ અને એમ થશે કે પૃથ્વી પર હું વાદળ લાવીશ, ત્યારે વાદળમાં
તે ધનુષ્ય દેખાશે; ૧૫ અને મારી ને તમારી વચ્ચે, તથા સર્વ દેહધારી
પ્રાણીની વચ્ચે મારો જે કરાર છે તે હું સંભારીશ; અને સર્વ સજીવ
પ્રાણીનો નાશ કરવાને માટે ફરી પાણીનો પ્રલય નહિ થશે. ૧૬ અને
ધનુષ્ય વાદળમાં થશે; અને દેવ તથા પૃથ્વીનાં સર્વ દેહધારીમાંના
હરેક સજીવ પ્રાણીની વચ્ચે, જે સર્વકાળનો કરાર છે તે સંભારવાને
હું ધનુષ્યની સામે જોઈશ. ૧૭ અને દેવે નૂહને કહ્યું કે, મારી તથા
પૃથ્વીનાં સર્વ દેહધારીની વચ્ચે જે કરાર મેં કર્યો છે તેનું ચિહ્ન એ
છે.

૧૮ અને નૂહના દીકરા જેઓ વહાણમાંથી નીકળ્યા તે શેમ
તથા હામ તથા યાફેથ હતા; અને હામ કનાનનો બાપ હતો. ૧૯ એ
નૂહના ત્રણ દીકરા હતા; અને તેઓથી આખી પૃથ્વીની વસતિ
થઈ.

૨૦ અને નૂહ ખેતી કરવા લાગ્યો, ને તેણે દ્રાક્ષાવાડી રોપી;
૨૧ અને દ્રાક્ષારસ પીને તે પીધેલો થયો; અને પોતાના તંબુમાં તે
ઉઘાડો હતો. ૨૨ અને કનાનના બાપ હામે પોતાના બાપનું
નાગાપણું જોયું, ને બહાર [જઈને] પોતાના બે ભાઈઓને કહ્યું.
૨૩ અને શેમ તથા યાફેથે એક લૂગડું પોતાની બન્ને ખાંધે લઈને
ને પાછે પગે જઈને પોતાના બાપનું નાગાપણું ઢાંક્યું; અને તેઓનાં
મોં ફેરવેલાં હતાં, ને તેઓએ પોતાના બાપનું નાગાપણું જોયું નહિ.
૨૪ અને નૂહ તેના દ્રાક્ષારસની કેફમાંથી શુદ્ધિમાં આવ્યો, ને તેના
નાના દીકરાએ જે કર્યું હતું તે તેણે જાણ્યું. ૨૫ અને તેણે કહ્યું કે,

તથા શેલેફ તથા હસાર્માવેશ તથા યેરાહ, ૨૭ તથા હેદોરામ તથા
ઉઝાલ તથા દિકલાહ ૨૮ તથા ઓબાલ તથા અબીમાએલ તથા
શબા, ૨૯ તથા ઓફીર તથા હવીલાહ તથા યોબાબ, એઓ થયા;
એ સર્વ યોકટાનના દીકરા હતા. ૩૦ અને મેશાથી જતાં સફાર જે
પૂર્વનો પહાડ છે, ત્યાં સુધી તેઓનું રહેઠાણ હતું. ૩૧ આ પ્રમાણે
શેમના દીકરા પોતપોતાનાં કુટુંબો પ્રમાણે, તથા પોતપોતાની ભાષા
પ્રમાણે, પોતપોતાના દેશોમાં તથા પોતપોતાના લોકો પ્રમાણે છે.

૩૨ પોતાની પેઢી પ્રમાણે, પોતપોતાના લોકોમાં એ નૂહના
દીકરાઓનાં કુટુંબો છે; અને તેઓથી, જળપ્રલય પછી, પૃથ્વી
પરના લોકોના વિભાગ થયા.

◆

# ૨ નૂહના સમયનો જળપ્રલય તથા વહાણ

(સંશોધક : રેવ. જયાનંદ આઈ. ચૌહાન)



ઉત્પત્તિ (બાઈબલ)ના ૬-૮ અધ્યાયોમાં જળપ્રલયની વાત આવે છે. દુનિયાના જુદા જુદા દેશોમાં ઘણે બધે જળપ્રલયની વાત થોડા થોડા ફેરફાર સાથે પ્રચલિત છે. ફક્ત જાપાન અને મિસર સિવાય લગભગ બધા દેશોમાં મહાપૂરની વાત સાંભળવા મળે છે. બાઈબલની વાતમાં જળપ્રલયમાં આઠ માણસનો બચાવ થયો હતો. (૧ પિતર ૩:૨૦). નૂહ, તેની પત્ની, તેના ત્રણ દીકરા, તથા ત્રણ પુત્રવધૂઓ. ચીનમાં પ્રચલિત વાતમાં ફોહી, તેની પત્ની, ત્રણ દીકરા, તથા ત્રણ દીકરીઓ બચેલાં જણાવ્યાં છે. હિંદમાં પ્રચલિત વાતમાં મનુ તેમ જ સાત ઋષી (પવિત્ર વ્યક્તિઓ) બચેલાં જણાવ્યાં છે. ફીજી ટાપુમાં પ્રચલિત વાતમાં આઠ જણ બચેલાં જણાવ્યાં છે. ઓસ્ટ્રેલિયા, પોલિનેશિયા, તિબેટ, લિથુઆનિયા, વગેરે દેશોમાં પણ મહાપૂરની વાત મળી આવે છે. નૂહ તથા તેના કુટુંબમાંથી દુનિયાની વસતી થઈ. તેથી દુનિયાના બધા દેશોમાં આ વાત પ્રચલિત છે; કારણ કે એ લોકો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એ વાત સાથે લેતા ગયા, અને કાળાંતરે વાતમાં અનેક ફેરફારો થતા ગયા.

ખ્યાતનામ પુરાતત્ત્વેત્તા સર લેનર્ડ વૂલીએ ૧૯૨૯ના માર્ચમાં જળપ્રલય સંબંધી સનસનાટી ભરી શોધખોળ કરી. શોધખોળ




જળપ્રલય - આર્ક

શું આ નૂહનું વહાણ છે ?

અંગેની પોતાની ટુકડી સાથે તેઓ બાઈબલ પ્રદેશ મેસોપોટિમિયાના ઉરનગર સંબંધી ખોદકામ કરતા હતાં. ઊંડે સુધી ખોદતાં સુમેરી વંશી પુરાણી સંસ્કૃતિનાં ચિહ્નો એ ખોદકામમાંથી નીકળતાં હતાં. જમીનમાં ઠીક ઠીક ઊંડે ખોદ્યા પછી કાદવનું બનેલું પડ આવ્યું. જેમાં મનુષ્ય-વસાહતનાં કોઈ ચિહ્નો- માટીનાં વાસણ, ઓજાર - હતાં નહિ. વધારે ઊંડાઈએ ખોદતાં એવું કાદવનું સ્તર આઠ ફૂટ ઊંડુ નીકળ્યું. અને તેમાંથી ઊંડે ફરી માનવી-વસાહતના અવશેષ નીકળ્યા. આવું ત્રણ ઠેકાણે ખોદતાં મળી આવ્યું. સર વૂલીએ ઈંગ્લેન્ડ તાર કર્યો, "અમને જળપ્રલય મળી આવ્યો છે."

ધ્રુવ પ્રદેશોમાં તથા સાયબિરિયાના હિમાચ્છાદિત પ્રદેશમાં બરફમાં દટાયેલા ઉષ્ણપ્રદેશોના જંગી પ્રાણીઓનાં શરીર મળી આવે છે. બરફને લીધે તેમનું માંસ (આખા શરીર સાથે) સચવાયેલું તાજું જ છે. એ પ્રાણીઓ એ ઠંડા મુલકનાં નથી. વળી તેમનાં પેટ ચીરતાં ગરમ પ્રદેશનો તાજો ચારો (વનસ્પતિ) મળી આવ્યાં છે. ઠંડા મુલકમાં એ વનસ્પતિ થતી જ નથી. આમાંનાં કેટલાંક પ્રાણીઓ લંડનમાં રાખવામાં આવ્યાં છે. દાકતરી તપાસમાં તેઓ ગૂંગળાઈને યા ડૂબીને મર્યાં માલૂમ પડયાં છે, નહિ કે બરફથી થીજી જઈને. આ બધા પરથી અનુમાન કરવામાં આવે છે, કે જળપ્રલયમાં ઉષ્ણ પ્રદેશોમાંથી તેઓ ગરમ પ્રદેશોનો ચારો ચરતાં ચરતાં ડૂબી જઈ ધ્રુવ પ્રદેશમાં તણાઈ ગયાં, અને ત્યાં બરફમાં દટાયાં હોવાથી હજારો વર્ષોથી તેમનું માંસ સડયા વગર રહ્યું છે. આ સિવાયનું બીજું કોઈ અનુમાન વિજ્ઞાનની દ્રષ્ટિએ બંધબેસતું આવતું નથી.

## નૂહનું વહાણ

નૂહ કોઈ દરિયાકાંઠે રહેનારો માણસ ન હતો. એટલે જંગી વહાણની રચના વિષે તેને ખ્યાલ પણ ન હોય. પણ વહાણની




THE SIZE OF THE ARK COMPARED TO A FOOTBALL FIELD.

વહાણનું માપ
ફૂટબોલના ગ્રાઉન્ડ સાથે સરખાવી શકાય તેવું

રચના તથા માપ વિષે તેને ઈશ્વરે વિગત આપી હતી. અને તે મુજબ નૂહે વહાણ બનાવ્યું.

બાઈબલમાં તેનું માપ ૩૦૦ X ૫૦ X ૩૦ હાથ આપ્યું છે. પુરાણી દુનિયામાં "હાથ"નું માપ ઠેકઠેકાણે જુદું જુદું હતું. અઢારથી માંડીને પચીસ ઈંચનું એ માપ ગણાતું. ફૂટમાં તેનું માપ ૪૫૦ X ૭૫ X ૪૫, યા ૫૪૭ X ૯૧ X ૪૭ થાય, એટલે ૨૩,૩૯,૫૧૯ ઘનફૂટ થયું. તે જમાનામાં- અરે, આધુનિક જમાના સુધી એવાં વહાણ કદી બાંધવામાં આવ્યાં જ નથી. આ વિસમી સદીમાં જે મોટા પરિમાણનાં બનાવવામાં આવે છે તેટલું કે તેથીયે મોટું એ વહાણ હતું. પારિસ શહેરમાં આ વહાણ કરતાં નાનું સંગ્રહાલય છે, જેમાં ૪૦૦૦ કરતાં વધુ પ્રાણી સંઘરવામાં આવ્યાં છે. ચોપગાં પ્રાણીઓની નોખી નોખી ૨૫૦ મૂળ જાતો છે. એમ વિજ્ઞાનીઓ કહે છે. જો દરેક પ્રાણી માટે ૧૨ ઘનફૂટ જગા રોકીએ તો તે પ્રાણીઓ ૧૦,૦૦,૦૦૦ ઘનફૂટ જેટલી વહાણની જગા રોકે, છતાં બીજી ૧૫,૦૦,૦૦૦ ઘનફૂટ જગા બાકી રહે.

એ વહાણમાં ત્રણ મજલા તથા અનેક ખાનાં હતાં. "ગોફર" નામના લાકડાનું એ બનાવેલું (જુઓ પાછળનું ચિત્ર) - હલકું તથા લાંબું ટકનારું. મહાન એલેકઝાન્ડરે (સિકંદરે) પોતાનાં વહાણ એ લાકડાનાં બનાવેલાં. ફિનીસિયન લોકો પોતાનાં વહાણ એ લાકડામાંથી બનાવતા. રોમમાંના સેંટ પીટર્સ દેવળનાં બારણાં પણ એ જ લાકડાનાં છે, જેથી આજે ૧૦૦૦ વર્ષથી એવાં ને એવાં જ છે. ગુજરાતી બાઈબલમાં "દેવદારુ" શબ્દ વાપર્યો છે. પણ એ "દેવદારુ" નહિ હોય. વહાણમાં અંદર તથા બહાર "ડામર" (હિબ્રૂ. કફાર) લગાડયો હતો. આપણાં શહેરોની સડકો પર લગાડે છે તેવો "ડામર" નહિ, પરંતુ ઝાડોની યા પહાડોની પેદાશ (pitch or bitament). વહાણમાં છીદ્ર ન રહે પાટિયાં ઊખડી ન પડે, પાટિયું

દબાણ સહન કરે તથા કોઈ ટેકરા કે વસ્તુ સાથે ટકરાતાં ઢીલા, સ્થિતિ-સ્થાપક "બ.ફર"ની ગરજ સારે માટે આ ડામર લગાડેલો. વળી પાટિયાના હલન-ચલનમાં આ નરમ ડામર "રબર" જેવી ગરજ સારતો હતો, એટલે કે લાકડેથી છૂટયા વગર ખેંચાય.

આ વહાણ સૂકાનથી ચલાવી - ફેરવીને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવાના હેતુથી બનાવ્યું ન હતું. પણ પાણી ઉપર તરતું રહે અને ડૂબ્યા સિવાય તણાયા કરે એ એનો હેતુ હતો. વહાણની આખી જ રચના એ હેતુને મળતી છે. વળી વહાણનાં પાટિયાં ઢળતાં હતાં જેથી પ્રચંડ મોજાં તેમની સાથે અથડાઈને



સંશોધન સમિતિની શોધમાં અરારાટ પર્વત પરથી મળેલું લાકડું - ગોફેર નામનું લાકડું બાઈબલ પ્રમાણે સ્થાનિક લોકો તેને સાયપ્રસનું લાકડું ગણે છે. ડામરથી ખરડાયેલું લાકડું હતુ

તેમને તોડી ન નાખે, પણ ગોળ ગોળ થઈને સરકી જાય.

આ વહાણ આજે હયાતં છે કે કેમ તે સંબંધી ઘણી બધી વ્યક્તિઓએ તથા સંશોધન ટુકડીઓએ બહુ શોધખોળો કરી છે. બાઈબલમાં જણાવ્યું છે, કે આરારાટના પર્વત પર વહાણ થંભ્યું. અત્યારે આરારાટ પર્વત રશિયા અને ઈરાનની સરહદો નજદીક પૂર્વ તુર્કીસ્તાનમાં આવેલો છે. એની હિમાચ્છાદિત ટોચ ૧૭,૦૦૦ ફૂટ ઊંચી છે. (હાલના હિમાલયની હારમાળા ૨૯,૦૦૦ ફૂટ ઊંચી છે.)

આપણા જમાનાની જાણમાં એટલે ગઈ સદીમાં પહેલી ટોળી પર્વતારોહણ માટે ગઈ હતી. આરારાટ પર્વતની તળેટીમાં બેયાઝીટ નામનું આર્મિનિયન ગામડું આવેલું છે. ત્યાંના રહેવાસી ખેડૂતોએ લાકડાના જંગી વહાણને જોયેલું એવી એ ખેડૂતોની વાત પરથી ઉપરોક્ત ટોળી વહાણની ખોળમાં ગયેલી. ઈ.સ. ૧૮૩૩માં તુર્કી ટુકડી પણ ગઈ હતી. તેઓનું કહેવું હતું કે ઉનાળામાં બરફના દક્ષિણ પહાડમાં તેઓએ લાકડાના વહાણનો આગલો ભાગ જોયો હતો.

ત્યાર પછી યરુશાલેમ અને બાબિલોનના આર્ચડીકન ડો. નૂરીએ (Nowri) કાયમી બરફમાં વહાણના કકડા જોયા એમ તે લખે છે. તે ઈ.સ. ૧૮૯૨માં યુફ્રેતીસ નદીનું મૂળ શોધવા નીકળેલો. તે લખે છે કે “અંદરનો ભાગ બરફથી ભરેલો હતો; બહારની દીવાલ ઘેરા લાલ રંગની” હતી. પ્રથમ યુદ્ધ વખતે રશિયાના વિમાની ઓફિસર રોસ્કોવીન્ઝકીએ વહાણના અવશેષ જોયા એવો તે દાવો કરે છે. તે લખે છે, કે “ખાસ્સા મોટા વહાણના ભંગારના અવશેષ મારા વિમાનમાંથી મેં જોયા - આરારાટના દક્ષિણ ભાગમાં જો કે, લડાઈ હજી ચાલતી હતી. પણ રશિયાના

ઝાર નિકોલાસ બીજાએ એક તપાસ ટુકડી નીમી ને મોકલી આપી. કહેવાય છે કે એમણે વહાણના ફોટોગ્રાફ પણ લીધા હતા. પણ બળવામાં એ બધું નામશેષ થઈ ગયું હશે.

બીજા વિશ્વયુદ્ધ વખતે પણ કેટલાકે વહાણના અવશેષ જોયા એવા હેવાલ છે. એક રશિયન પાયલોટ, તેમ જ ચાર અમેરિકી ઊડનારાઓ કહે છે કે જોયું.

એ સાંભળીને ગ્રીન્સબરોના અમેરિકી ઈતિહાસવેત્તા અને મિશનરી ડો. એરોન સ્મિથ વહાણની તપાસમાં નીકળ્યા. "જળપ્રલયના" વિષયમાં તેઓ નિષ્ણાત છે. એમણે "વહાણ"ના



*પાસ્ટર એડી એટકીનસન (ડાબી બાજુ)*
*પાસ્ટર જો હોકિંગને વહાણનું મોડેલ બતાવે છે.*

સંશોધન સંબંધી ખૂબ સાહિત્ય એકઠું કર્યું છે. ૭૨ ભાષાઓમાં ૮૦,૦૦૦ જેટલાં પુસ્તકો જળપ્રલય સંબંધી છે, જેમાં ૭૦,૦૦૦ પુસ્તકોમાં "વહાણ"નો ઉલ્લેખ થયેલો છે. ૧૯૫૧માં ડો. સ્મિથે ૪૦ સાથીઓની સાથે આરારાટ પર્વતના બરફની ટોચ પર બાર દિવસ ગાળ્યાં. પણ કંઈ મળ્યું નહિ.

ડો. સ્મિથના પ્રયત્નોથી ઉત્તેજન પામીને ગ્રીનલેન્ડનો એક ફ્રેંચ જુવાન સંશોધક (Jean de Riquec) ૧૯૫૨માં આરારાટના અમુક ભાગમાં ફર્યો. ખાસ કરીને જવાળામુખીવાળો જે વિસ્તાર છે ત્યાં ફર્યો, પણ કાંઈ મળ્યું નહિ. આજ લગી એ વહાણના તપાસમાં ટુકડીઓ જાય છે. જાણવા મળ્યું છે, કે તાજેતરમાં એક ટુકડી ગઈ છે.

વહાણના અવશેષ હોય કે નહિ, તે મળે કે નહિ, - બાઇબલમાં જળપ્રલયના ઐતિહાસિક બનાવનો આધાર એ બાબતો પર નથી.

[સંશોધન માટે તપાસેલાં પુસ્તકોની યાદી - આભાર સાથે : ક્રિશ્ચિયન વ્યુ ઓફ સાયન્સ એન્ડ સ્ક્રીપ્ચર, બર્નાર્ડ રામ; ધ બાઇબલ એઝ હીસ્ટરી, વર્નર કેલર; અર્થ્સ અર્લિયર એજીઝ, જી. એચ. પેમ્બર; ગ્લીનીંગ્સ ઈન જેનીસીસ, આર્થર પીન્ક; ડારવીન; બીફોર એન્ડ આફટર, રોબર્ટ ઈ.ડી. કલાર્ક; મોર્ડન ડીસ્કવરી એન્ડ ધ બાઈબલ, રેન્ડલ શોર્ટ; વેસ્ટીજીઝ ઓફ ધી નેચરલ હીસ્ટરી ઓફ ક્રિએશન, રોબર્ટ ચેમ્બર્સ; એનસાયક્લોપેડિયા બ્રિટાનિકા; વન થાઉઝન્ડ વન્ડરફૂલ થીંગ્સ અબાઉટ ધ બાઈબલ, પીકરીંગ, બાઈબલ]

*(ખ્રિસ્તીબંધુ - નવેમ્બર ૧૯૬૪)*

◆

# 3 વહાણ બનાવવા માટે વાપરેલું લાકડું

ઈશ્વરે નૂહને વહાણ બનાવવાનું કહ્યું અને દેવદારના વૃક્ષનું લાકડું વાપરવાનું કહ્યું. પણ આપણે જાણતા નથી કે એ ક્યા પ્રકારનું ઝાડ છે. બાઈબલમાં આગળ દેવદારુ શબ્દ વાપરેલો છે. અને દેવદારુ શબ્દ એરેજવૃક્ષ માટે પણ વપરાયો છે. ..... જૈતુન પર્વતનાં એરેજવૃક્ષો આજે ૪૦૦ જેટલાં એરેજવૃક્ષો છે. એરેજવૃક્ષનું લાકડું પાણીમાં બોદાતું નથી, ઉધઈથી ખવાતું નથી, તેમાં સડો પણ પ્રવેશતો નથી. યરુશાલેમના મંદિરના દરવાજા એરેજવૃક્ષના બનાવેલા હતા. વળી મંદિરની અંદરની દીવાલોનાં અને છતનાં પાટિયાં પણ એરેજવૃક્ષનાં બનેલા હતાં. લબાનોન પહાડ ઉપર હું



**જોસફ બી. બર્નસ**
**વહાણના લાકડામાંથી બનાવેલા મોડેલ સાથે**

૧૯૫૪માં જૈતવૃક્ષો જોવાને માટે ગયો હતો. અને લાંબી મુસાફરી ખેડીને ગયો હતો. અને આખા પર્વત ઉપર બરફ હતો. બહુ મુશ્કેલીથી ટોચે પહોંચ્યો હતો. એના પર તે વખતે ૪૦૦ ઝાડ હતાં.

સુલેમાન રાજાના સમયમાં આ ૪૦૦ ઝાડ તે નાના છોડવા હતા. આપણા રાયણના લાકડા જેવું એનું લાકડું બહુ ચીકણું, લીસું અને લાંબે ગાળે ઘસારો ન પહોંચે તેવું હોય છે.

કદાચ આ નૂહનું વહાણ પણ એ લાકડામાંથી બનાવેલું હોય તેમ ધારીએ છીએ. એને પ્રભુએ ડામર અંદર તથા બહાર લગાડવાનું કહ્યું તેનાં કેટલાંક કારણો હોઈ શકે. જેમ કે (૧) પાણીથી બોદાય નહીં (૨) લાકડાનાં છિદ્રોમાંથી પાણી પેસે નહીં (૩) પાટિયાં પાણીની થપાટોથી વાંકાંચૂંકાં થાય ત્યારે ડામર એમને ફરી



*સ્વ. ડૉ. રાલ્ફ ક્રોકર્ડ - સર્ચ ફાઉન્ડેશનના આદ્ય સ્થાપક*
*ડાબા હાથમાં અરારાટનું ઈમારતી લાકડું અને જમણા હાથમાં*
*દરિયાઈ મીઠાનો ગાગડો*

સ્થિતિસ્થાપક બનાવે. (૪) કદાચ ઈશ્વર ઇચ્છા હોય કે લાંબાં વર્ષો સુધી એ વહાણ ટકી રહે.

## 'ઓરડી કે ઓરડીઓ'

ગુજરાતી બાઈબલમાં ઉત્પત્તિ ૬:૧૪માં આ પ્રમાણે આપ્યું છે, "તું પોતાને સારુ દેવદારના લાકડાનું વહાણ બનાવ. તે વહાણમાં ઓરડી કરીને તેને અંદર તથા બહાર ડામર ચોપડ" મૂળ હિબ્રૂ પાઠમાં. તેમ જ અંગ્રેજી આવૃત્તિઓમાં "ઓરડી"નું બહુવચન છે. રોમન કેથોલિક બાઈબલમાં 'ઓરડીઓ' વાપર્યું છે. આપણાં ગુજરાતી બાઈબલોમાં 'ઓરડીઓ' નહિ કરતાં 'ઓરડી' કેમ મૂક્યું હશે એ ખબર નથી. કદાચ ગુજરાતી ભાષામાં મોટે ભાગે બહુવચન વાપરવાનું હોય ત્યાં પણ બહુવચન ન વાપરતાં એકવચન વપરાય



*વહાણનું ઊઘાડું મોડેલ*



ડાબી બાજુથી જમણી બાજુ - પર્વતારોહકો બડ ક્રોફર્ડ, ફર્નાન્ડ નવારા અને આર્ટિક ઈન્સ્ટીટ્યૂટના પ્રતિનિધિ રાલ્ફ લિન્ટન ૩૫ ફૂટ નીચે બરફમાં ૫૦ ટનનું ઈમારતી લાકડું જુએ છે. (૧ ટન = ૫૬ મણ)

છે. એને કારણે હોય ! દા.ત. 'મેં દશ કાગળો લખ્યા,' તેને બદલે "મેં દશ કાગળ લખ્યા.' એમ વાપરીએ છીએ. પણ આવા કેસમાં વાક્યમાં વિશેષણ અને/અથવા ક્રિયાપદ મારફતે બહુવચન સમજાવું જોઈએ. ઉત્પત્તિ ૬:૧૪માં એમ સમજાતું નથી.

વળી "તેને અંદર તથા બહાર ડામર ચોપડ," એમાંનો "તેને" શબ્દ જાણે કે ઓરડી માટે વપરાયો છે, અને એટલે પણ એક જ ઓરડી નૂહે બનાવી હોય એમ લાગે છે. પણ "તેને" શબ્દ ઓરડી માટે નહિ, પણ અગાઉ આવેલા વહાણને બદલે વપરાયેલો સ્પષ્ટ થવો.જોઈએ. વહાણને અંદર તથા બહાર ડામર ચોપડવાનો હતો, નહિ કે બારીને. (રોમન કેથોલિક બાઈબલમાં વહાણને અંદર તથા બહાર ડામર ચોપડવાની વાત શરતચૂકથી રહી ગઈ છે એમ લાગે છે.) ઈશ્વરે નૂહને વહાણમાં અનેક ઓરડીઓ બનાવવા કહ્યું હતું. એમાં અનેક બધાં પ્રાણીઓ તથા પંખીઓને રાખવાનાં હતાં.

વહાણની ઊંડાઈ ૧૫ હાથ હતી. ૧૫ હાથ એટલે ૨૨½ ફૂટ. અને પહાડોની ટોચ પર જળપ્રલયનું પાણી ૧૫ ફૂટ ચઢી ગયું. એટલે કે વહાણ પહાડોની ટોચ પર થઈને સરકી ગયું, એટલે પ્રભુએ પાણી જરા પણ બગાડ્યું નહિ. વહાણની જરુરિયાત પ્રમાણે જ પાણી રહ્યું.

આ વહાણ અત્યારનાં જે દરિયાઈ મુસાફરી માટે બનાવવામાં આવે છે, તે સ્ટીમરો આટલા જ કદની મોટા ભાગે હોય છે. નૂહનું આ વહાણ ઉતારુ વહાણ ન હતું, તેથી પાણી પર તર્યા કરવાનું. બંદરોએ લાંગરવાનું નહિ.

અમેરિકાથી હું ૧૯૫૪માં પાછો આવતો હતો તે વખતે દુનિયાની સૌથી મોટી શ્રેષ્ઠ સ્ટીમર 'ક્વીન એલિઝાબેથ'માં આવ્યો હતો. એ સ્ટીમર ચૌદ મજલાની હતી. ખરેખર તો એક નગરી

હતી ! ફૂટબોલ રમવાનાં એમાં બે મેદાન, નાહવાનાં બે જંગી સ્નાનાગાર, નાહવાના અનેક રૂપકડાઓ પ્રત્યેક કેબિનમાં હતા જ. પણ આ સ્નાનાગારો તો વધારાનાં ! સ્ટીમર પર ભાતભાતની અને જાતજાતની દુકાનો. બેન્ક પણ ખરી.

દરેક કેબિનમાં બબ્બે પેસેન્જર. કેબિનનું બધું જ રાચરચિલું મહેલ જેવું. કેબિનની લાકડાની દીવાલો. આપણા ઘરમાં એવા લાકડાંનું ફર્નિચરેય જોવા ન મળે !

◆



આહોરા ગોર્ઝનું ચિત્ર

આહોરાના એક ગામડામાંથી ઝડપેલું ચિત્ર

## ૪ જળપ્રલય ક્યારે શરૂ થયો ?

**બાઈબલ પાઠ ઉત્પત્તિ ૭:૧-૧૨**

અને યહોવાએ નૂહને કહ્યું કે, તું ને તારા ઘરનાં બધાં માણસો વહાણમાં આવો; કેમ કે આ પેઢીમાં મેં તને જ મારી સમક્ષ ન્યાયી જોયો છે. સર્વ શુદ્ધ પશુઓમાંથી સાતસાત નરનારી ને અશુદ્ધ પશુઓમાંથી બબ્બે નરનારી તું તારી સાથે લે; અને આકાશનાં પક્ષીઓમાંથી સાતસાત



નરમાદા આખી પૃથ્વી પર બીજ રાખવા સારુ લે. કેમ કે સાત દહાડા પછી હું પૃથ્વી પર ચાળીસ દહાડા તથા ચાળીસ રાત લગી વરસાદ વરસાવીશ; અને જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કર્યાં છે, તેઓનો નાશ પૃથ્વી પરથી હું કરીશ. અને યહોવાએ જે સર્વ આજ્ઞા તેને આપી હતી તે પ્રમાણે નૂહે કર્યું.

અને પૃથ્વી પર જળપ્રલય થયો; ત્યારે નૂહ છસેં વર્ષનો હતો. અને નૂહ તથા તેના દીકરા તથા તેની સ્ત્રી તથા તેના દીકરાઓની સ્ત્રીઓ જળપ્રલયને લીધે વહાણમાં ગયાં. શુદ્ધ પશુઓ તથા અશુદ્ધ પશુઓ, તથા પક્ષીઓ, તથા પૃથ્વી પર સર્વ પેટે ચાલનારાં પ્રાણીઓ, તેઓમાંનાં બબ્બે એટલે નર તથા માદા જેમ દેવે નૂહને આજ્ઞા આપી હતી, તેમ નૂહની પાસે વહાણમાં ગયાં. અને એમ થયું કે સાત દહાડા પછી પૃથ્વી પર જળપ્રલય થયો. નૂહના **આયુષ્યના છસેંમા વર્ષના બીજા મહિનાને સત્તરમે દહાડે, તે જ**

દહાડે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા, ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં અને ચાળીસ દહાડા તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો.

અને દોઢસો દહાડા લગી પૃથ્વી પર પાણીનું જોર ચાલ્યું. ઉત્પત્તિ ૭:૨૪.



*જળપ્રલય અંગે સંશોધન કરનાર*
*ડૉ. વિલી રીકમર્સ - ૧૮૭૩-૧૯૬૫*

## વરસાદ ક્યારે બંધ રહ્યો ? *ઉત્પત્તિ ૮:૧-૫*

અને નૂહ તથા તેની સાથે સર્વ પ્રાણી તથા સર્વ પશુ વહાણમાં હતાં, તેઓને દેવે સંભાર્યાં; અને દેવે પૃથ્વી પર પવન ચલાવ્યો, ને પાણી ઊતરી ગયાં; વળી જળનિધિના ઝરા, તથા આકાશનાં દ્વારો બંધ થયાં; ને આકાશમાંથી પડતો વરસાદ રહી ગયો. અને પૃથ્વી પરથી પાણી ઘટતાં જતાં હતાં; ને દોઢસો દહાડા પછી પાણી ઓસર્યાં. અને સાતમા મહિનાને સત્તરમે દહાડે વહાણ અરારાટના પહાડો પર થંભ્યું. અને દશમા મહિના લગી પાણી ઓસરતાં ગયાં. દશમા મહિનાને પહેલે દહાડે પહાડોનાં શિખર દેખાયાં.

◆



પાસ્ટર એડી એટકીનસન વહાણના મોડેલ સાથે

# ૫ જળપ્રલયનો વિસ્તાર

## 'જળપ્રલય' માત્ર સ્થાનિક હતો કે આખી પૃથ્વી પર ?



બાઈબલમાં બહુ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે આખી પૃથ્વીનો જળપ્રલયથી નાશ થયો. જળપ્રલય ફક્ત કોઈ સ્થાનિક વિસ્તારમાં નહિ, પણ આખી પૃથ્વી પર આવ્યો. બાઈબલના જ શબ્દો લઈએ : (૧) "પૃથ્વી પર ચાળીસ દિવસ સુધી જળપ્રલય હતો." (ઉત્પત્તિ ૭:૧૭). (૨) "અને પૃથ્વી પર પાણી ઘણું ચઢયું; અને આખા આકાશ તળેના સર્વ ઊંચા પર્વત ઢંકાઈ ગયા. (પર્વતો પર) પંદર હાથ સુધી પાણી ચઢયું, અને પહાડો ઢંકાઈ ગયા. (ઉત્તપત્તિ ૭:૧૯, ૨૦). (૩) "અને પૃથ્વી પર ફરનારાં પ્રાણીઓ, એટલે પક્ષી તથા ઢોર તથા વનપશુ, તથા જીવજંતુ જેઓ પૃથ્વી પર છે, તેઓ તથા સર્વ માણસ મરી ગયાં. કોરી જમીન પર રહેનાર સર્વ જેઓનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ હતો, તેઓ મરી ગયાં. અને પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા, એટલે માણસ તથા પશુ તથા પેટે ચાલનારાં તથા આકાશનાં પક્ષી પૃથ્વી પરથી નષ્ટ થયાં; અને નૂહ તથા તેની સાથે જે વહાણમાં હતાં



'And all flesh died that moved upon the earth . . .'

### જળપ્રલય - ધોધમાર વરસાદ
### પૃથ્વી પરના સર્વ મૃત્યુ પામ્યા

એકલાં તેઓ બચ્યાં" (ઉત્પ. ૭:૨૧-૨૩). આ તમામ વાક્યો અને તેમની ભાષા સ્પષ્ટ આખી પૃથ્વી પરના જળપ્રલય વિશે બોલે છે. એમાં સ્થાનિક પૂરનું કોઈ સૂચન નથી.

વળી, છઠ્ઠા અધ્યાયમાં પણ સ્પષ્ટ જણાવ્યું છે (૭મી કલમ): "અને યહોવાએ કહ્યું કે, જે માણસને મેં ઉત્પન્ન કર્યું તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ; હા માણસ તથા પશુ, પેટે ચાલનારાં પ્રાણી તથા આકાશનાં પક્ષીઓ સુદ્ધાં (તે સર્વનો સંહાર કરીશ)." વળી,

(૧૩મી કલમ) : "અને ઈશ્વરે નૂહને કહ્યું કે મારી આગળ સર્વ જીવનો અંત આવ્યો છે.... હું તેઓનો પૃથ્વી સુદ્ધાં સંહાર કરીશ." વળી, ૧૭મી કલમ : "અને જુઓ, સર્વ જીવ જેમાં, જીવનનો શ્વાસ છે તેઓનો સંહાર આકાશ તળેથી કરવા માટે હું પૃથ્વી પર જળપ્રલય લાવીશ; અને પૃથ્વીમાં જે સર્વ છે તે મરશે." વળી જુઓ ૭:૪ "જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કર્યાં છે, તેઓનો નાશ પૃથ્વી પરથી હું કરીશ." હા, ૭:૨૧, ૨૨માં જણાવ્યું છે તેમ, પાણીમાં વસનારા જીવ, એટલે કે માછલાં, વહેલ વગેરે સિવાયના પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયા.

આ ઉપરાંત પ્રભુ ઈસુ પણ આ વાતને માન્ય રાખે છે. જુઓ માથ્થી ૨૪:૩૯ "અને જળપ્રલય આવીને સહુને તાણી લઈ ગયો." વળી જુઓ ૨ પિતર ૩:૬, ૭ "તેથી તે વેળાનું જગત પાણીમાં ડૂબીને નાશ પામ્યું; પણ હમણાંનાં આકાશ તથા પૃથ્વી તે જ શબ્દથી ન્યાયકાળ તથા અધર્મી માણસોના નાશના દિવસ સુધી રાખી મૂકેલા છતાં બાળવાને સારુ તૈયાર રાખેલા છે."

◆ **હવે વિજ્ઞાનની તેમજ વ્યવહારુ દલીલો આપણે જોઈએ :**

(૧) વિજ્ઞાનનો એક પ્રમાણિત નિયમ છે કે પાણી હમેશાં પોતાનું લેવલ શોધે છે. તળાવમાં નીચે ખાડા-ટેકરા હોય, પણ તળાવની ઉપલી સપાટી ઉપર પાણીનું લેવલ યા સપાટી એકસરખી જ રહે છે. એવું સાગરમાં પણ. એટલે મેસોપોટેમિયા પ્રદેશના જ પહાડો માત્ર જળપ્રલયમાં ડૂબી જાય અને બીજા દેશોમાં પાણી ન પહોંચે એ વિજ્ઞાનના ઉપર જણાવેલા નિયમની વિરુદ્ધની વાત થઈ. મતલબ કે ડૂબે તો દુનિયાના બધા પહાડ ડૂબે. આની એક નિશાની છે : પૃથ્વી પર લાવારસના બનેલા પહાડો સિવાયના બધા જ પહાડો

પર છેક ટોચના ભાગો પર પણ છીપલાં, શંખલાં અને પાણીના જીવોના અવશેષો જોવા મળે છે. એ બતાવે છે કે પહાડોની ટોચો પણ કોઈ એક સમયે પાણીની નીચે હતી.

બીજી એક વ્યવહારુ વાત જોઈ લઈએ. નૂહે ૧૨૦ વર્ષ સુધી બોધ કર્યો અને જંગી વહાણ બાંધ્યું. જો માત્ર સ્થાનિક પૂર હોત તો આવું જંગી વહાણ નૂહ શા માટે બાંધે ? વ્યવહારુ વાત તો એ કહેવાય કે નૂહ પોતાના કુટુંબકબીલાને લઈને બીજા દેશમાં જ્યાં પૂર આવવાનું ન હોય ત્યાં ચાલ્યો જાય. એ જ બતાવે છે કે આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો.

આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો એવી વાતો દુનિયાના બધા દેશોમાં ચાલતી આવે છે. ભારત, એરિકન ઈન્ડિયન, ઈજિપ્ત (મિસર), ફીજી ટાપુઓ, કોરિયા, ચીન, પેરુપ્રદેશ, ફિનલેન્ડ, બ્રહ્મદેશ, ફિલિપાઈન, એસ્કિમોનો પ્રદેશ, કુર્દિસ્તાન, આર્મિનિયા, બાબિલોન, ઇરાન, પોલિનેશિયન પ્રદેશ, વેલ્સ, ઓસ્ટ્રિલિયા, તાહિતી, ક્યૂબા, ફ્રુગિયા, બ્રાઝિલ, ચિલી, મુસ્લિમ દેશો અને બીજા અનેક દેશો, અનેક લોકોમાં જળપ્રલયની વાત સાંભળવા મળે છે. એ બધી વાતોમાં અમુક મુદ્દા એકસરખા છે, જેમ કે (૧) આખી પૃથ્વી પર જળપ્રલય આવ્યો; (૨) વહાણ યા હોડી દ્વારા બચાવ થયો; (૩) એ વહાણ યા હોડીમાં આઠ જણ હતાં. ભારતની વાતમાં મનુ અને સાત ઋષી, બાબિલોનની વાતમાં આઠ જણ; કોરિયાની વાતમાં ફોહી તથા બીજા સાત જણ, ઈત્યાદિ; (૪) વહાણ યા હોડીમાં જે આઠ માણસો અને બીજાં પશુપંખીઓ હતાં તે સિવાયના પૃથ્વી પરના સર્વ જીવ નાશ પામ્યા. પૃથ્વી પરના સર્વ દેશો અને સર્વ પ્રજાઓમાં આવી એકસરખી વિગતોવાળી વાત કેવી રીતે પ્રચલિત હોઈ શકે ? એ બતાવે છે કે વિશ્વવ્યાપી જળપ્રલય આવ્યો હતો.

આજથી લગભગ સાઠેક વર્ષ અગાઉ ઈંગ્લેન્ડના પ્રખ્યાત પુરાવિદ્યા વિશારદ પ્રો. લેનર્ડ વૂલીએ યુફ્રેતિસ નદીના ઉરપ્રદેશના વિસ્તારમાં કેટલેક ઠેકાણે ખોદકામ કરાવ્યું હતું. એમાં ભૂસ્તરોમાં અને સંસ્કૃતિઓના અવશેષો (ઘરેણાં, ઓજારો, વાસણો, શબો ઇત્યાદિ) મળી આવ્યાં હતાં. છેલ્લામાં છેલ્લા ઐતિહાસિક અવશેષો પ્રાગ્ર સમયમાં સુમેરી લોકોની થયેલી વસાહતના મળી આવ્યા હતા. એના પછી સુકાયેલા કાદવનું આઠ-દસ ફૂટનું પડ આવ્યું હતું. એ કાદવના પડમાં મનુષ્ય વસાહતનાં કોઈ અવશેષ નહોતા, અને એનું કોઈ નામનિશાન નહોતું. એ પરથી સર વૂલીએ એમ માની લીધું કે એ પડ અગાઉ કોઈ મનુષ્ય વસાહત હયાતીમાં નહોતી આવી. પણ એથીયે ઊંડું ખોદકામ ચલાવતાં ફરીથી



પાસ્ટર એડી એટકીનસન પોતાના આર્ક મોડેલ સાથે



ફર્નાન્ડ નવારા - આર્ક મોડેલ સાથે

મનુષ્ય-વસાહતના અવશેષો મળી આવ્યા. જ્યાં જ્યાં ખોદકામ કરવામાં આવ્યું ત્યાં એ જ પ્રમાણે નીકળ્યું. એનો અર્થ એ થયો કે જળપ્રલય આવ્યો હશે અને બધાં મનુષ્યો નાશ પામ્યાં હશે. એટલે માનવી વસાહતના અવશેષો એ કાદવના પડમાં ન મળ્યાં. વળી એ વિદિત થાય છે કે એ જળપ્રલયને કારણે જ આ આઠ-દસ ફૂટનું કાદવનું જંગી પડ બનવા પામ્યું.

આખી પૃથ્વી પર જળપ્રલય થયો એની બીજી એક સાબિતી પણ છે. સાઈબિરિયા, ગ્રીનલેન્ડ, અલાસ્કા, વગેરે અતિ ઠંડા અને બરફનાં જંગી પડોથી સદા આચ્છાદિત એવા એ પ્રદેશોમાં બરફમાં હજારો વર્ષો પૂર્વે ઘરબાયેલાં મહાકાય પ્રાણીઓનાં મૃત શરીરો લાખોના પ્રમાણમાં મળી આવ્યાં છે.

એ ઉષ્ણ પ્રદેશનાં પ્રાણીઓનાં શરીરો છે. તેનાં પેટ ચીરતાં એમાં ઉષ્ણ પ્રદેશનો લીલો તાજો ચારો મળી આવ્યો છે. વળી કેટલાંકનાં મોંમાં ચવાતો ચારો પણ આજેય એવો ને એવો જ જોવા મળે છે. વળી એમાંનાં કેટલાંક પ્રાણીઓનું પોસ્ટમોર્ટમ કરવામાં આવતાં તેને પાણીમાં ગૂંગળાઈને મરણ પામેલાં જાહેર કરવામાં આવ્યાં છે. એ બધાં પરથી એક જ બાબત સાબિત થાય છે કે જળપ્રલય આવ્યો, અને ચારો ચરતાં આ મહાકાય પ્રાણીઓને તાણી લઈ ગયો, અને કાયમને માટે તેમને બરફમાં ઘરબી દીધાં. બરફમાં રાખેલું મડદું યા ચીજ સડતી નથી. એટલે આ પ્રાણીઓનાં મૃત શરીરો તેમ જ તેમનાં પેટ તથા મોંમાંનો ચારો સડો લાગ્યા વગર આજ લગી સચવાઈ રહ્યાં છે.

વળી પૃથ્વી પર અમુક અમુક સ્થળે ખૂબ ઊંડા ખાડા આવેલા છે. અને આ ખાડાઓમાં પૃથ્વીના લગભગ બધા જ ખંડોનાં પ્રાણીઓનાં હાડકાં ચૂના સ્વરૂપમાં હજારોનાં પ્રમાણમાં જોવા મળે

છે. આ હાડકાં અનેક ખંડોમાંથી એકસામટાં અહી ક્યાંથી આવ્યાં? એ પ્રશ્નનો જવાબ વિજ્ઞાન પાસે નથી. એનો ફક્ત એક જ ખુલાસો અપાય કે જળપ્રલયનાં પાણી બધા ખંડોના પ્રાણીઓને તાણી લઈ ગયાં. અને પાણી સુકાતાં એ બધાં પ્રાણીઓનાં શબો આવા ઊંડા ખાડાઓમાં હજારોનાં પ્રમાણમાં ધરબાઈ ગયાં અને કાળાંતરે એ શબોનું માંસ ગળી ગયું - સડી ગયું; અને હાડકાં સૂકાંખંખ અને આખરે ચૂનારૂપ બની ગયાં.

ઘણાં બધાંને પ્રશ્ન થાય કે પૃથ્વીના ઊંચામાં ઊંચા બધા જ પહાડો ડૂબી જાય એટલું પાણી આવ્યું ક્યાંથી ? આપણે જોઈએ ઉત્પત્તિ ૬:૧૦-૧૩માં આ પ્રમાણે આપ્યું છે : “અને એમ થયું કે સાત દિવસ પછી પૃથ્વી પર જળપ્રલય થયો. નૂહના આયુષ્યના છસેંમાં વર્ષના બીજા મહિનાને સત્તરમે દિવસે તે જ દિવસે મોટા જળનિધિના ઝરા ફૂટા નીકળ્યા. ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં. અને ચાળીસ દિવસ તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો.”

“આકાશનાં દ્વારો ઊઘડી ગયાં.” એ વાક્ય ઘણું બધું જણાવે છે. સામાન્ય રીતે પૃથ્વી પર આવતો વરસાદ ફોરાં યા ટીપાંના સ્વરૂપે આવે છે, નહિ કે પાણીની ધારા યા પ્રવાહરૂપે. એટલે જ વનસ્પતિ, ઝાડો, ઘરો અને સર્વ જીવો સલામત રહે છે, નહિ તો બંદૂકની ગોળીના વેગથી ધારો આવતી હોત તો સર્વનો નાશ થાત. પણ ઉપરના વાક્યમાં એમ બતાવવામાં આવ્યું છે કે, અંતરિક્ષના પાણીનાં દ્વારો ખૂલી ગયાં. કોઈ પાણીના બંધ (ડેમ)નાં બંધ રાખેલા દરવાજા (દ્વારો) ખોલી નાખવામાં આવે અને પાણી પ્રચંડ ધસારાબંધ વહી નીકળે, એમ જ આકાશમાં (અંતરિક્ષમાં) બંધ રખાયેલાં પાણીનાં “દ્વારો” ઈશ્વરના હુકમથી ખોલી નાખવામાં આવ્યાં અને અંતરિક્ષનાં બંધ પાણી પ્રચંડ પ્રવાહરૂપે પૃથ્વી પર ધસી પડયાં.

"આકાશમાં" યા અંતરિક્ષમાં પાણી હોઈ શકે ? જુઓ ઉત્પત્તિ ૧:૬-૮ "અને ઈશ્વરે કહ્યું કે, પાણી વચ્ચે અંતરિક્ષ થાઓ, ને પાણીને પાણીથી જુદાં કરો, અને ઈશ્વરે અંતરિક્ષ બનાવ્યું ને અંતરિક્ષની તળેનાં પાણીને અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં. અને તેવું થયું. અને ઈશ્વરે તે અંતરિક્ષને આકાશ કહ્યું" જેમ પૃથ્વી ઉપર સાગરોમાં અગાધ પાણી સંગ્રહાયેલું છે તેમ જ અદ્ધર અંતરિક્ષમાં અગાધ સમુદ્રો સંગ્રહાયેલા હતા. ૨ પિતર ૩:૫ એ હકીકતને અનુમોદન આપે છે. "દેવના શબ્દે કરીને આકાશો પ્રથમથી હતાં, અને પૃથ્વી પાણીથી તથા પાણીમાં બાંધેલી હતી." વળી જુઓ ઉત્પત્તિ ૧:૯, ૧૦. એમાં અંતરિક્ષની નીચેનાં પાણીની વાત આપી છે, ત્યાં લખ્યું છે : "અને ઈશ્વરે કહ્યું કે, આકાશ તળેનાં પાણી એક જગામાં એકઠાં થાઓ, ને કોરી ભૂમિ દેખાઓ, અને તેવું થયું, અને ઈશ્વરે તે કોરી ભૂમિને પૃથ્વી કહીને એકઠાં થયેલાં પાણીને સમુદ્રો કહ્યાં." એમ, અંતરિક્ષમાં તેમ જ પૃથ્વી પર પાણીના સાગરો આવેલા હતા.

કૂવા ખોદનારા અને બોરિંગ કરનારાના અનુભવ પ્રમાણે ભૂમિ નીચે ખડકોના પેટાળમાં પાણીના જંગી ભંડારો ભરેલા છે. અને નદીઓ તેમ જ અનેક વહેણ આવેલાં છે.

જળપ્રલય સમયે ઓચિંતા ફૂટી નીકળતા ઝરાઓના રૂપમાં પૃથ્વીના પેટાળનાં પાણીનાં જંગી ભંડારિયાં ઊભરી ઊઠયાં.

માત્ર વાદળાંમાં પણ આ ઉપરનાં પાણી કેટલાં બધાં સમાયેલાં છે ! અભ્યાસીઓના જણાવ્યા પ્રમાણે વાદળાંમાં પાણીનો બહુ મોટો જથ્થો સમાયેલો છે. અમેરિકાની મારી એક વિમાની મુસાફરી દરમિયાન અમે બોઈંગ વિમાનમાં કલાકના ૭૫૦ માઈલની ઝડપે ઊડતા હતા. એવામાં પ્રગાઢ ઘેરાં-વાદળાં દોઢ કલાક સુધી અમે

જોયાં. વિમાની ગતિની ઝડપ ધ્યાનમાં લેતાં એ વાદળાંનો વિસ્તાર લગભગ ૧૧૦૦ માઈલ (૧૭૭૦ કિ.મિ.)ની લંબાઈનો થયો. અને એની અંદાજી પહોળાઈ લગભગ ૭૦૦ માઈલ (૧૧૨૫ કિ.મિ.) જેટલી હશે. આ પાણીનો કેટલો મોટો જથ્થો થયો ! અને આ તો પૃથ્વીના અમુક ભાગ ઉપરનાં જ વાદળાંની વાત આપણે કરી ! આખી પૃથ્વી પરનાં બધાં વાદળાં લઈએ તો પાણીનો કેટલો મોટો જથ્થો થાય !

'કુમાર' માસિકના એપ્રિલ ૧૯૭૧ના અંકમાં આ પ્રમાણે આપવામાં આવ્યું હતું : "પૃથ્વીની સપાટી પર જેટલું પાણી છે તે બધું ભેગું કરીને તેનો એક થાંભલો સૂર્ય સુધી પહોંચે તેવડો (૯ કરોડ ૩૦ લાખ માઈલ અથવા ૧૪ કરોડ ૮૮ લાખ કિ.મિ. લાંબો) રચવામાં આવે તો એ થાંભલો અઢી માઈલ (૪ કિ.મિ.)ના વ્યાસની જાડાઈનો થાય" (પૃ. ૧૫૪). રેવ. ક્લેરેન્સ લાર્કિન્સ પોતાના પુસ્તક 'ડિસ્પેન્સેશનલ ટ્રુથ"માં લખે છે કે, પૃથ્વીના પડ ઉપરનું પાણી પૃથ્વીના પદાર્થ-દ્રવ્યના ૧/૪૯૫૦માં ભાગ જેટલું છે. જો પૃથ્વીની જમીનની સપાટી બધે જ એ સરખી સપાટ હોત તો પૃથ્વીની સપાટીથી પાણી અગિયાર માઈલ (૧૭.૭ કિ.મિ.) ઊંચે ચઢત.

## જળપ્રલય આખી પૃથ્વી પર હતો.

## તેનાં કારણો :

(૧) આગળ આપણે જોયું તેમ આકાશનાં દ્વારો ખૂલી ગયાં અને વરસાદ તૂટી પડયો. અને જમીનના ભૂગર્ભનાં પાણી, જળનિધિના ઝરા ફૂટી નીકળ્યાં.

(૨) પૃથ્વી પરના સર્વ પહાડો ઢંકાઈ ગયા. એમની ટોચો પર પાણી ફરી વળ્યાં. અત્યારે ઊંચામાં ઊંચો પહાડ હિમાલય

છે જે સાડા પાંચ માઈલ ઊંચો છે પણ હિમાલય પહાડ તો ઊગતો નવો પહાડ છે. કારણ કે ઉપરથી ઘસી આવતાં પાણી સિંધુ અને બ્રહ્મપુત્રા નદી દ્વારા હિંદી મહાસાગરમાં પડે છે. અને ત્યાં રેતી અને કાંપનો ઢગલો થઈને વજન વધે છે એટલે કે દબાણથી હિમાલય ઊંચો થતો જાય છે.

આપણે અહીં હિમાલયની વાતો કરતાં નથી. પણ તે વખતના સર્વ પહાડો ડૂબી ગયા.

(૩) આપણે જાણીએ છીએ પાણી હંમેશાં પોતાની સપાટી શોધે છે. એટલે કે એક પહાડ ડૂબે અને બીજા ન ડૂબે એવું બની શકે જ નહીં. પૃથ્વીના સર્વ પહાડો ડૂબી ગયા.

(૪) સર્વ પહાડો ઉપર શંખલા કરચલા જોવા મળે છે. એ બતાવે છે કે એ બધાં પહાડો ઉપર પાણી ફરી વળ્યાં હતાં.

(૫) હું પૃથ્વી ઉપર જ્યાં-જ્યાં ગયો છું. એ બધા દેશોમાં પહાડો ઉપર મેં જાતે તપાસ કરી છે. જેમ કે હિમાલયના ચાઈના શિખર સ્વિટઝરલેન્ડના આલ્પ્સના પર્વત પર એ જોવા મળ્યું છે. અમેરિકાના લગભગ એકે એકે પહાડ પર હું ચઢયો છું. અને દરેક જગ્યાએ શંખલા, છીપલાં જોવા મળે છે એ બતાવે છે કે પૃથ્વીના દરેક પહાડ ઉપર પાણી ફરી વળ્યાં છે. જબલપુરના પહાડો બડાસીમલા, છોટાસીમલા તેમ જ ગુજરાતના આબુ ઉપર પણ આ બધાં સાધનો જોવા મળ્યાં હતાં. આબુ જોકે કાળમિંઢનો બનેલો છે. એના ઉપર પોચાં શંખલા જોવા મળ્યાં હતાં.

(૬) પૃથ્વીના ઊંડા ખાડાઓમાં સમાયેલાં પૃથ્વી પરનાં અનેક પ્રાણીઓનાં હાડકાં એ આખી દુનિયાના જળપ્રલયની નિશાની છે.

પૃથ્વી પર સાત-આઠ ઊંડા ખાડાઓ છે. જેમકે દુનિયાના અનેક દેશોમાં થતાં પ્રાણીઓનાં હાડકાં દબાયેલાં છે. એ હાડકાં અત્યારે જૂનાં બની ગયાં છે.

વાત એમ બની હતી કે જળપ્રલયનાં અઢળક પાણીના પ્રવાહમાં દુનિયાભરના દેશોનાં પ્રાણીઓ તણાઈ આવ્યાં. અને આવા ઊંડા ખાડાઓમાં એ પ્રાણીઓ દબાઈ ગયાં. અને કાળાંતરે તેઓ સૂકાઈને ચૂનારૂપ બની ગયાં.

એ પ્રાણીઓનાં હાડકાં આખી દુનિયાના જળપ્રલયની સાબિતી છે.

(૭) પર્વતોનાં અંકાયેલા વળાંકો અથવા એમનાં બનેલાં પડો આખી દુનિયાના જળપ્રલયની નિશાની સમાન છે.

જળપ્રલયના પ્રવાહ દ્વારા કાંપ, ચૂનો, ચિરૂડી વગેરેનાં બનેલાં પહાડોમાં દુનિયાભરમાં સરખા પ્રમાણના અંતરે પડોનાં આંકા પડેલા છે. એ દુનિયાભરના જળપ્રલયની નિશાની છે.

(૮) સદા રહેતાં બરફના મુલકોમાં દબાયેલા જંગીકાય પ્રાણીઓનાં શરીરો એ વિશ્વવ્યાપી જળપ્રલયની ખાતરી બતાવે છે.

અલાસ્કા કેનેડાની ઉત્તરે અને સળંગ હારરૂપ એ બરફના પ્રદેશોમાં જ્યાં ને ત્યાં મહાકાય પ્રાણીઓનાં શરીરો બરફમાં દબાયેલાં જોવા મળે છે. આશરે લગભગ અડધો લાખ જેટલાં એવાં પ્રાણીઓ હશે. જે હાથી જેવાં મોટાં પ્રાણીઓ છે.

એમના માંસને લંડનમાં લાવીને એનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. એમાં માલૂમ પડયું છે ને એ માંસ તાજું જ છે. અને એ પ્રાણીઓ પાણીમાં ગૂંગળાઈને મરી ગયાં હોવાં જોઈએ.

વાત એમ બની કે જળપ્રલયનાં પાણીઓ ધસમસતાં આવ્યાં

અને એમાં આ જંગીકાય પ્રાણીઓ તણાતાં આવ્યાં. તેઓ ઉષ્ણ પ્રદેશોમાં ચરતાં હતાં ત્યાંથી તણાઈ આવ્યાં અને ઉત્તર ધ્રુવના એ બરફીય મુલકોમાં અતિશય ઠંડીમાં એ પાણી થીજી ગયાં. એ બરફમાં એ પ્રાણીઓ દબાઈ ગયાં.

ઠંડીમાં માછલાં વગેરે થીજી જાય ખરાં પણ એમાં સડો પેસતો નથી. સડી જતાં નથી. ગંધાઈ ઊઠતાં નથી. પણ એમનાં માંસ ચામડાં એમના એમ સડયા વગરના રહે છે.

આ પ્રાણીઓનાં મોંમાં ઉષ્ણ પ્રદેશનો ચારો તાજો જ હતો. એટલું જ નહીં પણ એમનાં પેટ પણ ચીરવામાં આવ્યાં. અને તેમનાં પેટમાં તાજો ઉષ્ણપ્રદેશનો ચારો પચ્યા વગરનો તાજો જ હતો. અતિશય ઠંડીને લઈને એ ચારો મોંમાં જેમનો તેમ હતો.

કેટલાંક પ્રાણી ઉષ્ણપ્રદેશથી પણ તણાઈ આવ્યાં.

આજે હજી એ બધાં પ્રાણીઓ સડયા વગરનાં બરફમાં જોવા મળે છે. આગ, આ બરફમાં સચવાઈ રહેલાં પ્રાણીઓ આખી દુનિયાના જળપ્રલયની એંધાણી છે.

◆

# ૬ જળપ્રલયનું કારણ

## ક. દેવના દીકરા અને માણસોની દીકરીઓનો ગૃહસંસાર



ઉત્પત્તિ ૬:૨ પ્રમાણે "દેવના દીકરાઓએ માણસની દીકરીઓને જોઈ કે તેઓ સુંદર છે; અને જે સર્વને તેઓએ પસંદ કરી તેઓમાંથી તેઓએ સ્ત્રીઓ કરી." આ "દેવના દીકરા" કોણ ?

♦ **એના ચાર જુદા જુદા ખુલાસા કરવામાં આવે છે.**

(૧) પૃથ્વીના મહાન અને નામાંકિત પુરુષો તે દેવના દીકરા, અને માણસોની દીકરીઓ તે ઊતરતી કક્ષાનાં માણસોની પુત્રીઓ (બાઇબલની સમરૂની આવૃત્તિ, સુમાખસનો ગ્રીક તરજુમો, ઓન્જેલસનાં તારગમો અને જોનાથાન -એ બધાં આ મત ધરાવે છે. પણ એ માન્યતાને હાલના જમાનામાં લગભગ કોઈ ટેકો આપતું નથી.

(૨) **બીજી માન્યતા આવી છે :** આદમ અને હવાએ પાપ કર્યું. (ફળ ખાધું) તે પહેલાં તેમને થયેલાં સંતાન એ જ દેવના દીકરા, અને પાપ પછીથી થયેલી પુત્રીઓ તે "માણસની દીકરીઓ" આ મતને પણ કોઈનો ખાસ ટેકો હતો નહિ

અને આજે પણ નથી. કારણ, પાપ પૂર્વે આદમ-હવાને સંતાન થયાં હોય તેવો કોઈ ઉલ્લેખ બાઇબલમાં કે ક્યાંયે નથી. કાઈન જ તેમનું પ્રથમ સંતાન લાગે છે. વળી આદમ-હવાનાં પાપ પહેલાં જો તેમને સંતાન થયાં હોત તો તેઓ પાપ રહિત હોત, મૂળ પાપી સ્વભાવ તેમનામાં ન હોત,અને પૃથ્વી પર તેમના સંતાન પાપ રહિત હોત. પણ બાઇબલ તો કહે છે કે "એક પણ ન્યાયી નથી, હા કોઈ પણ નહિ." વળી સર્વ મનુષ્યોમાં આદમ-હવાનું મૂળ પાપ રાજ કરે છે, એમાંથી કોઈ બાકાત નથી.

(૩) ત્રીજી માન્યતા છે કે "દેવના દીકરા" એટલે દૂતો. દૂતોએ "પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું."

(૪) ચોથું કારણ કે "દેવના દીકરા" તે શેમના વંશજો. અને માણસોની દીકરીઓ એટલે ઈશ્વરને નહીં માનનારાઓની દીકરીઓ. (આ માટે જુઓ પાછળનું ચિત્ર)

(યહૂદા ૧:૬) અને માણસોનાં સંતાનોમાંથી પોતાને સારુ પત્નીઓ લીધી. (હનોખનું પુસ્તક, ફાઈલો, ઈતિહાસકાર જોસીફ્સ, જસ્ટીન માર્ટર, એલેકઝાન્ડ્રિયાનો ક્લેમેન્ટ, તર્તુલિયન એ બધા આ મત ધરાવતા હતા.) આ મતની તરફેણમાં કહેવામાં આવે છે કે 'દેવના દીકરા'એ સંજ્ઞા જૂના કરારમાં બધે ઠેકાણે દૂતોને માટે વપરાય છે. (અયૂબ ૧:૬; ૨:૧; ૩૮:૭; ગીતશાસ્ત્ર ૨૯:૧; ૮૯:૬). એટલે કે દૂતો પ્રકૃતિએ 'દેવપુત્રો' છે, જ્યારે 'દૂત' સંજ્ઞા (હિબ્રૂ : માલઅકીમ= સંદેશવાહક) એ એમની કામગીરી દર્શાવે છે. આ માન્યતા ધરાવનારા પોતાની તરફેણમાં યહૂદા ૧:૬ અને ૨ પિતર ૨:૪ને ટાંકે છે.



શેથના વંશ (જમણી બાજુ) જગતની દીકરીઓ (ડાબી બાજુ)

૨ પિતર ૨:૪માં જે "દૂતોએ પાપ કર્યું" તેમની ઉપર ઈશ્વરે બહુ કપરો ન્યાયદંડ આણ્યો એ બતાવવામાં આવ્યું છે. આ દૂતોના પાપને જળપ્રલય સાથે જોડવામાં આવે છે. યહૂદાની ૬ઠ્ઠી અને ૭મી કલમોમાં આ પ્રમાણે આપ્યું છે.

"વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે. તેમ જ સદોમ તથા ગમોરાહ અને તેઓની આસપાસનાં શહેરો, એ જ રીતે વ્યભિચારમાં અનુચિત દુરાચારમાં ગરક થઈને, નિરંતર અગ્નિદંડ સહન કરીને ચેતવણી માટે દાખલારૂપ પ્રસિદ્ધ થયાં છે."

- **પિતરે જે દૂતો વિષે લખ્યું તેના વિષે યહૂદા લખે છે. આ માન્યતા નીચેના મુદ્દા રજૂ કરે છે :**

૧. આ દૂતોએ પાપ કર્યું છે - તેઓ પવિત્ર દૂતો નથી.

૨. પતિત થયેલા બીજા દૂતો જેમણે શેતાનના સંઘમાં ભળીને ઈશ્વરની સામે બંડ ઉઠાવ્યું, અને ઈશ્વરે તેમને નીચે નાખી દીધા, અને હવે તેઓ વાયુમંડળમાં વસે છે, પૃથ્વી પર અહીં તહીં ભટકે છે, અને માણસોને હેરાન કરે છે તેઓ આ બંધનમાં રખાયેલા આ દૂતો પૃથ્વી પર ઘૂમતા નથી, એ છૂટ તેમને નથી.

૩. તેઓનું પાપ આ છે : તેઓએ પોતાની પદવી - દૂતોની કોટીની પદવી - જાળવી રાખી નહિ. એટલે કે તેઓ મનુષ્ય કોટીમાં આવ્યાં, માનવદેહ ધારણ કર્યો. તેઓએ પોતાનું "સ્થાન " છોડી દીધું. એટલે કે પૃથ્વી પર આવીને માનવો મધ્યે વસ્યાં.

૪. તેઓએ કામવાસનાથી આતુર બનીને માણસની દીકરીઓને

પત્નીઓ તરીકે લીધી. એ જ "દેવના દીકરાઓ" અને તેમણે "માણસની દીકરીઓ લીધી."

૫. ઈશ્વરે ભ્રષ્ટ પૃથ્વીનો જળપ્રલયથી નાશ કર્યો ત્યારે આ પતિત થયેલા દૂતો પાછા દૂતોના સ્થાન તરફ પાછા ફર્યા. પણ ઈશ્વરે તેમને બંધનમાં રાખ્યા. એટલે તેઓ સ્વર્ગમાં જઈ શકે નહિ કે પૃથ્વી પર પણ આવી શકે નહિ. "અંધકારના સનાતન બંધનમાં" એટલે શેઓલ કે હાડેસમાં નહિ. એ બંધનમાં તેઓ ન્યાયકાળ સુધી રહેશે, અને ત્યારપછી તેમને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે.

૬. દૂતો માણસનું શરીર ધારણ કરી શકે છે. એના પ્રમાણ તરીકે ઉત્પત્તિ ૧૮:૧-૨૧ પ્રગટ થયેલા તથા ખોરાક લેતા (૧૮:૯; ૧૯:૩) દર્શાવ્યા છે. એટલે દૂતો માનવી શરીર ધારણ કરીને સ્ત્રી-સંગ કરી શકે છે. એના દાખલા તરીકે ઉત્પત્તિ ૬:૪ને ધરવામાં આવે છે અને વધારાના પુરાવા તરીકે ૨ પિતર ૨:૪ તથા યહૂદા ૬, ૭ રજૂ કરવામાં આવે છે.

"દેવના દીકરા"એ શબ્દો નવા કરારમાં છ વખત વાપરવામાં આવ્યા છે અને એ એકેએક જગાએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા બચી ગયેલાં માણસો માટે વાપરવામાં આવ્યાં છે.

એ જ શબ્દો જૂના કરારમાં પાંચ વખત વપરાયા છે. પ્રથમ ઉત્પત્તિ ૬માં ત્રણ વખત અયૂબના પુસ્તકમાં (અયૂબ ૧:૬; ૨:૧; ૩૮:૭). આ મત માનનારા માને છે કે આ બધે જ (ઉત્પત્તિ ૬:૪ મળીને) દૂતો વિષે ઉલ્લેખ છે.

પ્રભુ ઈસુએ માથ્થી ૨૨:૩૦ (માર્ક ૧૨:૨૫)માં જણાવ્યું છે કે દૂતો પરણતા નથી કે પરણાવતા નથી. એટલે તેઓ ઉત્પત્તિ ૬:૧-૪નો ખુલાસો કરે છે કે આકાશી દૂતો વિષયવાસનામાં

આસકત થવાથી આકાશી સ્થાન છોડી પૃથ્વી પર આવ્યા અને માનવશરીર ધારણ કરીને માણસોની દીકરીઓને પત્નીઓ તરીકે લીધી..

ઉત્પત્તિ ૬:૪માં "મહાવીર" માટે હિબ્રૂમાં 'નેફથાલિમ' શબ્દ છે. એનો અર્થ એક રીતે 'મહાવીર' થાય છે અને બીજી રીતે 'પતિત' થયેલા યા 'પતન પામેલા' યા 'પડેલા' થાય છે.

એ માન્યતાની સામે રદિયો ધરતાં બીજા કહે છે કે જૂના કરારમાં બધે જ 'દેવપુત્રો' દૂતો માટે વપરાયું નથી. જેમ કે હોશિયા ૧:૧૦માં ઇઝરાયલ માટે વાપર્યું છે :"તમે જીવતા દેવના દીકરાઓ છો." વળી ગીતશાસ્ત્ર ૮૨:૬માં પૃથ્વીના ન્યાયાધીશોને સંબોધીને લખાયું છે : "મેં કહ્યું, તમે દેવો છો, અને તમે સર્વ પરાત્પરના દીકરા છો." જૂના કરારમાં આ શબ્દો દેવદૂતોને માટે, ઈશ્વરની ઇઝરાયલ પ્રજા માટે, ન્યાયાંધીશો માટે, ઈશ્વરને સ્થાને રાજ કરતા રાજાઓ માટે, અને ત્રૈએક ઈશ્વરમાંની બીજી વ્યક્તિને માટે વપરાયા છે.

વળી ગણના ૨૧:૨૯માં વિધર્મી દેવ 'કમોશ'ની ભક્તિ કરનારાને 'કમોશની પ્રજા' કહેવામાં આવી છે. (એમ જ યર્મિયા ૪૮:૪૬માં 'કમોશના લોક" જુઓ માલાખી ૨:૧૧ પારકા દેવની પુત્રી સાથે લગ્ન કર્યું છે.) નિર્ગમન ૪:૨૨, ૨૩માં ઈશ્વર ઇઝરાયલને મારા પુત્ર તરીકે ગણે છે, અને કહે છે કે "ઇઝરાયલ મારો પુત્ર એટલે મારો જયેષ્ટ પુત્ર છે." વળી જુઓ પુનર્નિયમ ૧૪:૧; હોશિયા ૧:૧૦; યશાયા ૪૩:૬, ૭; યરમિયા ૩૧:૨૦.

બાઇબલના શિક્ષણ મુજબ દૂતો જાતિ રહિત છે. તેઓ પરણતા નથી કે પરણાવતા નથી (માથ્થી ૨૨:૩૦; માર્ક ૧૨:૨૫). માનવી શરીર વ્યવસ્થા મુજબ અને માનવી ભાષા મુજબ દૂતોને જાતિ નથી.

(જેમ ઈશ્વરને માટે તેમ દૂતોને માટા ભાષામાં નરજાતિ વાપરવામાં આવે છે.) જાતિ, પરણવું - પરણાવવું એ બધું વંશવૃદ્ધિ માટે માણસને જરૂરી છે; દૂતોને એની જરૂર નથી. દૂતોને ઈશ્વરે અમુક સંખ્યામાં સૃજ્યા છે, અને પ્રજજન ક્રિયા દ્વારા તેમની વૃદ્ધિ થતી નથી અને એ વૃદ્ધિની જરૂર પણ નથી.

એ મત (દૂતોએ માણસની દીકરીઓને પત્ની તરીકે રાખી એ મત) સામે દલીલ કરવામાં આવે છે કે "તેમાંથી તેઓએ પત્નીઓ કરી," એટલે કે પત્નીઓ રાખી અને ગૃહસંસાર માંડયો, એ હકીકત દૂતો સંબંધી તદ્દન અસંભવિત છે, કારણ કે દેહ-આકર્ષણ અને દેહ ઉપયોગ જેવી બાબતો દૂતો માટે અસંભવિત છે. દૂતો તો આત્મા સ્વરૂપ છે અને અપાર્થિવ શરીર છે. જ્યારે માણસ ભૌતિક પ્રાણી છે. સ્ત્રીનું દેહ-સૌંદર્ય દૂતોમાં દેહ-વાસના જગાડે એ માન્યતા બાઈબલ શિક્ષણ સાથે સુસંગત નથી.

વળી એ મત સામે એમ પણ કહેવામાં આવે છે કે દૂતો આત્માસ્વરૂપ હોઈને તેમને અભિમાન, ઈર્ષા અને એવાં 'મન-સ્વરૂપ,' 'સૂક્ષ્મ સ્વરૂપ' પરીક્ષણો આવે, પણ દેહની વાસના ભૌતિક શરીર સાથેના સંબંધને લઈને પરિણમે છે, દૂતો ભૌતિક શરીર વગરના હોઈને તેમને એ પરીક્ષણો હોઈ શકે નહિ.

અમુક દૂતોએ ખોરાક લીધો (ઉત્પત્તિ ૧૮:૯; ૧૯:૩), પ્રભુ ઈસુએ પુનરુત્થાન બાદ મહિમાવંત શરીરમાં ખોરાક લીધો. (લૂક ૨૪:૪૨, ૪૩) - એ બધામાં તેઓને ભૂખ લાગી હતી માટે ખાધું એવું નથી. વળી તેમને માણસોની જેમ પચન-અવયવો અને પચન-તંત્ર હશે એમ પણ માનવાની જરૂર નથી. વળી મહિમાવંતાં શરીરો ધારણ કરેલા સ્વર્ગે ગયેલા માણસો માટે લખ્યું છે કે "તેઓને ફરી ભૂખ લાગશે નહિ અને ફરી તરસ પણ લાગશે નહિ" (પ્રકટી.

૭:૧૬). તેઓ પરણશે કે પરણાવશે પણ નહિ (માથ્થી ૨૨:૩૦; માર્ક ૧૨:૨૫). આત્મિક શરીરવાળા દૂતો એવા જ છે.

વળી એ મત ૨ પિતર ૨:૪ તથા યહૂદા ૬, ૭ને જે અર્થમાં વાપરે છે તેની સામે અન્ય મત ધરાવતા અભ્યાસકો દલીલ કરે છે કે ૨ પિતર ૨:૪ માં તો પિતર એટલું જ કહેવા માગે છે કે તે જમાનામાં મંડળીમાં પાખંડવાદીઓ (નોમીઆં નીએમ) શીખવતા હતા કે સુવાર્તાના જમાનામાં નૈતિક ધોરણ અને નિયમનની કોઈ જરૂર નથી, કારણ કે મુક્તિ માટે વિશ્વાસ એકલાની જ જરૂર છે - કૃત્યની નહિ - એવા પાખંડવાદની સામે પિતર ત્રણ ઉદાહરણ વાપરે છે (દાખલા રજૂ કરે છે) : (૧) પાપમાં પડેલા દૂતોને માથે ન્યાયદંડ આવ્યો છે. (૨) પાપી માણસોને માથે જળપ્રલયનો દંડ આવ્યો. (૩) સદોમ-ગમોરાહના પાપી લોકોને માથે આગ અને ગંધકનો ન્યાયદંડ આવ્યો. પિતર આટલું જ કહેવા માગે છે. આવી દલીલ રજૂ કરનારા કહે છે કે એથી વધુ અર્થ કાઢવા કલમોના શબ્દોને ચોળીને ચીકણા કરવાની કોઈ જરૂર નથી.

'હનોખનું પુસ્તક' આપણા બાઈબલમાં હોતું નથી. કારણ, એને ઈશ્વરપ્રેરિત પુસ્તક માનવામાં આવતું નથી. એ પુસ્તકમાં દૂતો કેવી રીતે પૃથ્વી પર આવે છે અને માણસોની દીકરીઓને પત્નીઓ તરીકે રાખીને સંતાનો ઉપજાવે છે એ વાત ખૂબ વિસ્તારપૂર્વક આપવામાં આવી છે. (હનોખ ૬-૧૯ અધ્યાયો). એમાં હનોખનો એ દૂતો સાથેનો સંબંધ પણ દર્શાવાયો છે. હનોખને અંધકારના ખાડાઓ બતાવવામાં આવે છે અને હનોખ એ ખાડાઓમાં દૂતોને બંધનમાં લટકાવી રાખેલા જુએ છે.

આ મતની સામે બીજી એક દલીલ પણ કરવામાં આવે છે કે પૃથ્વી પર વસ્તીગણતરીના આંકડા તપાસીએ તો પુરુષો અને

સ્ત્રીઓની સંખ્યા એકંદરે સરખી જ હોય છે. દર હજાર પુરુષે હજાર સ્ત્રી -એક હજાર સામે ૯૫૦ કે એવા પ્રમાણથી ઓછુંવત્તું થતું નથી. ઈશ્વર એનું અજાયબ રીતે નિયંત્રણ કરે છે. હવે જો હજારોની સંખ્યામાં દેવદૂતો પૃથ્વી પર ઉતરી આવ્યા હોય, માનવદેહ ધારણ કર્યો હોય અને માણસોની દીકરીઓને પત્ની તરીકે લીધી હોય તો કેટલા બધા પુરુષો સ્ત્રીઓ વગરના રહી જાય! અથવા જો થોડાક જ દૂતો ઊતરી આવ્યા હોય તો તો એટલા થોડાથી પૃથ્વી પાપથી ભરપૂર થયેલી કેવી રીતે બને ?

બીજી એક દલીલ પણ કરવામાં આવે છે કે આવા દૂતો હજારોના પ્રમાણમાં કે ઓછા પ્રમાણમાં આવ્યા હોય, પણ તેઓના ભ્રષ્ટાચાર અથવા દૂતપદ ત્યાગવાના પાપને લીધે ઈશ્વર પૃથ્વી પર જળપ્રલય શા માટે લાવે ? શા માટે એ દૂતોને જ પકડીને તેમને બંધનમાં નાખી ન દે ! માણસોની દીકરીઓનો એમાં શો વાંક ! - માનવદેહ ધારણ કરેલા દૂતોને તેઓ દૂતો તરીકે ઓળખી શકે જ નહિ. તેઓ તો તેમને પુરુષો જ માને.

ઊલટું, બાઈબલમાં તો બતાવ્યું છે કે આખી પૃથ્વી પાપી બની ગઈ હતી, માત્ર નૂહ, ન્યાયી માલૂમ પડયો હતો.

'દેવના દીકરાઓ' માટે હિબ્રૂમાં 'બેન એલોહિમ' વાપરેલું છે, 'બેન' = દીકરો, સંતાન. એલોહિમ = દેવો. જુઓ : બેન-અમિનાદાબ (૧ રાજા ૪:૧૧), બેન-આમ્મી (ઉત્પત્તિ ૧૯:૩૮), બેન-ગેબેર (૧ રાજા ૪:૧૩). એનો 'દેવના દીકરા' એ તરજુમો બરાબર છે. પણ બે એક તરજુમા 'સુપર નેચરલ બીંઈગ્સ' (અલૌકિક જીવો) કરે છે તે ખોટી છૂટ લીધી ગણાય. (લીવીંગ બાઈબલ અને ટી.ઈ.વી. બાઈબલ) એન.ઈ.બી.માં 'દેવોના દીકરા' સન્સ ઓફ ધી ગોડસ.



ફર્નાન્ડ નવારા

(૪) ચોથા મત આ પ્રમાણે છે : દેવના પુત્રો તે ધાર્મિક માણસો, ઈશ્વરના ભજનિકોનો વંશ - અને ખાસ કરીને શેથના વંશજો. કાઈનનો વંશવેલો એથી ઊલટો ગણાય છે. શેથના વંશજો જેઓ ઈશ્વર પર પ્રેમ રાખનારા હતા, તેમણે જગતી લોકોની દીકરીઓથી આકર્ષાઈ તેમને પત્નીઓ તરીકે રાખી. આ મતને જુલિયસ આફ્રિકાનસ, ક્રીસોસ્તમ, એલકઝાન્ડ્રિયાના સીરીલ, સંત ઓગસ્ટીન, અને સંત જેરોમનો ટેકો હતો. મોટા ભાગના બાઈબલના અભ્યાસકોનો ટેકો આ મતને છે.

એટલું જ નહિ, પણ આ સૌથી પુરાણો મત છે. આ પ્રશ્નનો સૌથી પુરાણો પુરાવો 'સમરૂની આવૃત્તિ'નો છે. એ શીખવે છે કે 'દેવના દીકરા' એટલે ભક્તજનોનો વંશ. દૂતોવાળી માન્યતા પાછળથી ઊભી થઈ, અને તે પણ માત્ર અમુક યહૂદી શાખામાં જ પ્રચલિત હતી.

બાઈબલ એ માનવ-ઈતિહાસનું પુસ્તક નથી. પણ એમાં પાપ પ્રવેશ, ઈશ્વર પ્રત્યે વફાદાર માનવવંશ, ઉદ્ધારનારના આગમનનાં વચનો અને તેમની પૂર્ણતા વર્ણવવામાં આવ્યાં છે. આ વફાદાર વંશ (શેથનો વંશ) ઉત્પત્તિ પમાં નોંધાયો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આદમપુત્ર શેથના કુળમાં આવવાના હતા. પણ શેથનો આ ભક્તિભાવવાળો વંશ અન્ય જગતી માણસોનાં કુટુંબોમાં સગપણ બાંધે, તેમાં ભળી જાય, અને પછી ઈસુ ખ્રિસ્ત ન આવે, એવું શેતાન ઇચ્છતો હતો.

## ખ. ભ્રષ્ટાચાર : જાતીય પાપો અને ઈશ્વરનો કોપ

જળપ્રલયના તે સમયમાં સદોમ અને ગમોરામાં જે જાતીય

પાપો હતાં, તે અત્યારે ખૂબ વધી ગયાં છે. હું ૧૯૭૨માં જનરલ કોન્ફરન્સમાં એટલાન્ટા જોર્જિયામાં ગયો હતો, ત્યારે પ્રોગ્રામમાં એક મુદ્દાએ ખૂબ ધૂમ મચાવી હતી. કે કેટલાય પક્ષકારોએ એવી માગણી કરી હતી કે, 'હોમો સેક્યુઅલ્સ' - સજાતીય સંબંધો રાખનાર પાળકોને દીક્ષા આપવામાં આવે. તાળીઓ પાડીને એ પ્રશ્ન ચગાવવામાં આવ્યો હતો. કેટલાક કહેતા કે બાઈબલ પ્રમાણે એ પાપ છે, ત્યારે તેમને ધુત્કારીને બેસાડી દેવામાં આવતા કારણ કે જમાનો ભ્રષ્ટ થઈ ગયો છે. હજી આ પ્રશ્નનો નિકાલ થયો નથી. ભ્રષ્ટ થતી પ્રજાને આગળ ધર્યા કરે છે.

અમેરિકા જેવા દેશમાં આવાં સજાતીય સંબંધો ધરાવનારાં મંડળો, મંડળીઓ છે. તેમ તેવા સભ્યોને બીજે સ્થળે મોકલતાં ભલામણપત્રો પણ આપવામાં આવે છે.

ભારત સ્વતંત્ર થયું, ત્યાર પહેલાં દેવદાસીઓની પ્રવૃત્તિ ખૂબ ફાલી હતી, પણ હવે કાયદા દ્વારા અટકાવી દેવામાં આવી. પણ આજે લગભગ સાડાચાર લાખ કરતાં વધારે દેવદાસીઓ અસ્તિત્વ ધરાવે છે.

આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળે છે. આના વિષે તો ઘણું લખી શકાય, પણ લખતો નથી.

શહેરોમાં સ્ત્રીવેશ્યા કરતાં પુરુષ વેશ્યાની કમાણી ઘણી અધિક છે. પરદેશોમાં પણ આવી જ પરિસ્થિતિ છે.

આપણાં છાત્રાલયોમાં પણ આ સંબંધી તકેદારી રાખવી ઘટે. આવી સજાતીય સંબંધોની શેતાની પ્રવૃત્તિઓ ઘણી ફૂલેલી-ફાલેલી છે. મુંબઈ અને અમદાવાદમાં પતિ-પત્નીના અદલાબદલાની સંસ્થાઓ પુષ્કળ ફૂલી ફાલી છે.

આવી ભ્રષ્ટાચારમાં આથડતી દુનિયામાં ઈશ્વરનો કોપ આવે એવી પરિસ્થિતિ છે.

## ગ. ઈશ્વર પાપને સાંખી લેતા નથી.

ઈશ્વર પાપને સાંખી લેતા નથી. પાપ પરિણામ હા, ભંયકર પરિણામ ઊભું કરે છે. પાપનો મુસારો અથવા પરિણામ મરણ છે.

દુનિયા ભ્રષ્ટ થઈ ગઈ હતી અને નૂહ તથા તેના કુટુંબ સિવાય કોઈ ન્યાયી નહોતું. તેથી ઈશ્વરે જળપ્રલય દ્વારા સર્વ જીવોનો નાશ કર્યો.

ઉત્પત્તિના પાંચમા અધ્યાયમાં આદમની વંશાવાળી આપી છે. એમાં હનોખ દેવની સંઘાતે ૩૦૦ વર્ષ સુધી ચાલ્યો. એ જ સમય અને સંજોગો છતાં એક માણસ ૩૦૦ વર્ષ સુધી ચાલ્યો, અને તે સમયમાં નૂહ અને તેનું કુટુંબ ઈશ્વરની દષ્ટિમાં ન્યાયી માલૂમ પડયું. આખી દુનિયા તે વખતે ભ્રષ્ટ થઈ ગયેલી હતી.

નૂહ યહૂદી નહોતો. એ આદમ વંશજ હતો. જો એ અબ્રાહામ કે યાકોબથી જન્મ્યો હોત તો, તે યહૂદી ગણાત. પણ તે તો આદમ વંશજ - સામાન્ય માનવી હતો.

દેવે કહ્યું કે, આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ ઉત્પતિ ૧:૨૬. ઈશ્વરને આપણા જેવા હાથપગો નથી, તો ઈશ્વરનું સ્વરૂપ અને પ્રતિમા એટલે શું ? ઈશ્વરનું સ્વરૂપ અથવા પ્રતિમા એટલે ઈશ્વરે માણસને પોતાના જેવી બુદ્ધિ આપી. ઈશ્વર જોઈ શકે, વિચારી શકે, સમજી શકે એવી પોતાના જેવી બુદ્ધિ આપી. અને ઈશ્વર જેમાં આનંદે એવામાં આનંદવાની લાગણી ઈશ્વરે માણસને આપી. અને ઈશ્વર જેને પસંદ કરે એવું સારું પસંદ કરવાની મુક્તેચ્છા ઈશ્વરે માણસને આપી. આમ બુદ્ધિ,

લાગણી, પસંદગી ઈશ્વરે માણસને આપી.

પણ માણસ પતિત થયું ત્યારે પાપને કારણે આ બુદ્ધિ, લાગણી, બધું ગુમાવી દીધું.

એટલે માણસો ઈશ્વર જેવું વિચારી શકતાં નથી, જોઈ શકતાં નથી, આનંદી શકતાં નથી.

◆

# ૭ આટલું બધું પાણી ક્યાંથી આવ્યું ?

ઉત્પત્તિના પહેલા અધ્યાયની બીજી કલમથી આપણે જોઈએ છીએ કે, દેવે અંતરિક્ષ બનાવ્યું. અને ઉપરનાં પાણી, આકાશનાં પાણી, પૃથ્વી પરનાં પાણી અને નીચેનાં પાણી જૂદાં પાડયાં.

ઉપર બધાં બહુ પાણી હતાં અને પૃથ્વીની આસપાસ આવરણરૂપ બની ગયાં.

ઉપર વાતાવરણમાં ખૂબ જ ઠંડી હતી. અને લગભગ પીસ્તાળીસ બીલો ઝીરો વાતાવરણ હતું. એટલે અંતરિક્ષ ઉપરના પાણી બરફ થઈ ગયાં. એટલે પૃથ્વીની આસપાસ બધી જ બાજુએ પાણીના બરફનાં ચોસલાં બંધાઈ ગયાં.

વિષુવવૃત્તની આસપાસ પૃથ્વી બે હજાર ફૂટ બરફના પહાડો બની ગયા. જેમ વધારે ઠંડુ તેમ પાણી વધુ સમાય. એમ પૃથ્વીની આસપાસ બરફ રૂપે અતિશય પાણી જામ્યું.

અને જ્યારે વરસાદ વરસ્યો ચાળીસ દિવસ અને ચાળીસ રાત સુધી વરસાદ વરસ્યા કર્યો. તે વખતે આકાશની બારીઓ ખૂલી ગઈ. એટલે કે પેલાં બરફનાં ચોસલાં નીચે પડયાં. અને ઉપર ભરાઈ રહેલું પાણી પણ આકાશ ફાટયું હોય તેમ નીચે પૃથ્વી પર પુષ્કળ પાણી વરસી પડયાં એનો અર્થ એ થાય કે આકાશની બારીઓ ખૂલી ગઈ. અને ધોધમાર વરસાદ તૂટી પડયો. જેમ કોઈ જળાશયના બંધો ખૂલ્લા કરી નાખવામાં આવે અને પાણી ધસમસતું વહી નીકળે તેવું જ આ ઉપરના પાણીનું બન્યું.

બાઈબલમાં લખ્યું છે કે જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા.

એટલે કે સમુદ્ર તોફાન અને ધરતીકંપ થયાં. અને મહાસાગરોના તળિયાં ઉપર આવ્યાં અથવા ઊંચા થઈ ગયાં. એટલે મહાસાગરો પૃથ્વી ઉપર ઠલવાઈ ગયા.

પૃથ્વીના પેટાળમાં અનેક ઘણાં પાણી છે. એ બધાં પણ આ રીતે પૃથ્વી પર ઠલવાઈ ગયાં.

પૃથ્વી ઉપર ચારે બાજુ બરફનાં ચોસલાં હતાં તે બધાં ઘરબાઈ પડયાં. આ બરફની ઠંડી અને ઠંડા પડી ગયેલાં પાણી, એ બધાંએ આલ્પ્સ પર્વત અને આસપાસના સદા રહેતા બરફના વિસ્તારમાં ચઢતાં તણાઈ આવેલાં જંગી મહાકાય પ્રાણીઓ બરફમાં ઘરબાઈ ગયાં.

આવાં લાખો પ્રાણીઓ એ વિસ્તારમાં આજે પણ જોવા મળે છે. જેઓનાં મોંમાં લીલો ચારો દેખાય છે, અને એમના પેટમાં પણ ચારો કાચો જ પાચન નહિ થયેલો લીલો જોવા મળે છે. આવાં લાખો પ્રાણીઓ આલ્પ્સ પર્વત અને આજુબાજૂના વિસ્તારમાં જોવા મળે છે. આ પ્રાણીઓ વિશે આ ચોપડીમાં અંદર આપેલું છે.

જેમ જ્વાળામૂખી ફાટી નીકળે છે ત્યારે લાવારસ અને પીગળેલી ધાતૂઓ, અગ્નિ વગેરે ધસી નીકળે છે તેમ જ આ સમયે પણ ધરતીકંપ થયા અને એને લીધે પૃથ્વીના પેટાળનાં તમામ પાણી પૃથ્વી ઉપર ઠલવાઈ ગયાં.

એમ પૃથ્વી પર જળપ્રલયનાં પાણી એકઠાં થયાં.

### ♦ આટલું બધું પાણી ક્યાંથી આવ્યું ?

(૧) પ્રભુએ જ્યારે સૃષ્ટિ બનાવી ત્યારે બીજી કલમમાં ઉત્પત્તિ ૧:૨માં કે પૃથ્વી પાણીમાં ડૂબેલી હતી. તેની આસપાસ પુષ્કળ પાણી હતાં.

(૨) બીજે દિવસે પ્રભુએ અંતરિક્ષ બનાવ્યું. અને ઉપરનાં પાણીને

નીચેનાં પાણીને અંતરિક્ષ દ્વારા જુદાં કરાયાં. ઉત્પતિ ૧:૭

(૩) અંતરિક્ષમાં ઉપર પાણી હતું.

(૪) અંતરિક્ષની ઉપર પાણી હતાં. અત્યારે પૃથ્વીનો વાતાવરણનો જે ભાગ કહેવાય છે તે પાણીથી ભરેલો હતો.

(૫) પૃથ્વીની ઉપર ૬ માઈલ સુધી વાતાવરણનો ભાગ આવેલો છે. તે પાણીથી ભરેલો હતો.

(૬) નીચે પણ પાણી હતું. એટલે કે પૃથ્વીની ઉપર અને પૃથ્વીની આસપાસ પણ પાણી હતું. આપણા ભૂસ્તર શાસ્ત્રીઓ કહે છે કે જમીન ૧/૩ છે અને ૨/૩ ભાગ પાણી છે. આમ, અંતરિક્ષ નીચેના પાણી ઘણાં હતાં. સમુદ્રોમાં, મહાસાગરોમાં, નદીઓમાં પાણી હતાં.

(૭) કૂવા ખોદનારાઓ જ્યારે ઊંડે ખોદે છે. ત્યારે તેઓ ઘણીવાર કહેતા હોય છે કે હવે આટલા ખોદણ પછી નદી આવી. આ નદીનો પ્રવાહ આ તરફથી આ તરફ વહે છે. એવી વાતો કહે છે. એમ પૃથ્વીના પડ નીચે પાણીની નદીઓ અને પાણીના પ્રવાહો હોય છે. પૃથ્વીના પડની નીચે સરોવરો પણ ભરેલાં છે. કૂવા ખોદવાને માટે નીચે પાતાળ સુધી પણ ખોદવું પડે છે એ માટે કે પાણી આવે.

(૮) અમદાવાદથી નીકળતાં કુમાર માસિકના એક વર્ષના એપ્રિલ, ૧૯૭૧ના અંકમાં આ પ્રમાણે આપવામાં આવ્યું હતું કે પૃથ્વીના બધાં જ પાણીને એકત્ર કરો અને તેનો અઢી માઈલના વ્યાસનો એક થાંભલો બનાવો અને તો પાણી સૂર્ય સુધી પહોંચશે.

(૯) વાદળોમાં પણ પુષ્કળ પાણી ભરેલું હોય છે. હું ૧૯૫૮માં બોઈંગ વિમાનમાં બેસીને ન્યૂયોર્ક જતો હતો. બોઈંગ

વિમાનની ગતિ કલાકના ૭૦૦ માઈલની હતી. તો મેં દોઢ કલાક સુધી જાડાં ગાદલાં જેવા વાદળ નીચે પથરાયેલાં જોયાં. પણ વાદળમાંથી નીચેની પૃથ્વી દેખાતી નહોતી. વિમાનની ઝડપ કલાકના ૭૦૦ માઈલની હતી અને દોઢ કલાક સુધી આવું વાદળ જોયું. અવકાશમાં બીજે બધે આવા વાદળ હતાં. એટલે અવકાશનાં વાદળાંરૂપી અને ભેજરૂપે અનેકરૂપે પાણી ભરેલું હતું.

(૧૦) વળી, આ વાતાવરણનાં પાણી અને અંતરિક્ષની ઉપરનાં પાણી છૂટી પડયાં. બાઈબલમાં લખવામાં આવ્યું છે કે આકાશની બારીઓ ખુલ્લી થઈ ગઈ અને વરસાદ પડયો. આકાશની બારીઓ એટલે કે પાણીનાં મોટાં જળાશયો બંધ દ્વારા બંધ રખાયેલા હોય છે. અને જ્યારે ચક્કરને ફેરવીને પાણીના બંધ અથવા વાલ્વ ખુલ્લા કરવામાં આવે છે ત્યારે તે ધસારાબંધ પાણી વહેવા માંડે છે એ પ્રમાણે ઉપરનું પાણી ધસી આવ્યું. અને તેથી બાઈબલમાં શબ્દ વાપર્યો છે કે આકાશનાં દ્વારો ખોલીને વરસાદ પડયો.

(૧૧) આ ઉપરાંત બાઈબલમાં એમ લખવામાં આવ્યું છે કે "જળનિધિના ઝરા" ફૂટી નીકળ્યાં. એટલે જમીનમાં સમાવાયેલું પાણી જોરભેર ફૂટી નીકળ્યું. આમ પુષ્કળ પાણી એકઠું થયું.

(૧૨) સતત ૪૦ દિવસ સુધી વરસાદ વરસ્યો.

◆ **જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા**

૪૦ દિવસ-રાત સુધી જે વરસાદ પડયો તે વખતે વીજળી અને ધરતીકંપ પુષ્કળ થયાં. મહાસાગરોમાં ધરતીકંપને લીધે ફાટો પડી. અને સમુદ્રોના તળિયાં ઊંચા ઉપસી આવ્યા એ ફાટો દ્વારા

મહાસાગરો નીચેનાં પાણી ઉપર ધસી આવ્યાં. અને આ મહાસાગરોનાં તળિયાં ઊંચા થઈ જવાથી જાણે કે ઝરા ફૂટી નીકળ્યા હોય તેમ એ બધાં પાણી પૃથ્વી ઉપર ધસારાબંધ ફેંકાવા લાગ્યાં.

હું જ્યારે વડોદરા - હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે ગાયકવાડના લક્ષ્મીવિલાસના કંપાઉન્ડમાં બોરકામ શારકામ ચાલતું હતું અને એક પછી એક પાઈપો ઊંડી ઉતારતા હતા. પછી તો પૃથ્વીના ઊંડા પેટાળમાં આ પાઈપો ગઈ એટલે ભયંકર સૂસવાટાભર્યો વાયુ અંદર ફેંકાવા લાગ્યો અને એ પછી તો વરાળ જોરથી નીકળવા લાગી. આ વાયુ અને વરાળનો અવાજ એટલો બધો હતો કે અમે ત્રણ માઈલ દૂર રહેતા હતા ત્યાં સંભળાતો હતો. ત્યાં થઈને જ અમારે શાળાએ જવાનું થતું એટલે વરાળ અને વાયુ ફેંકાતા અમે રોજ જોતા.

આમ, પૃથ્વીના પેટાળમાં ધરતીકંપને લઈને પડેલી ફાટોમાંથી પાણી બહાર ધસી આવે ત્યારે તેનો જોશ એટલો બધો હશે તેનો ખ્યાલ કંઈક આ પરથી આવી શકે.

ગરમીના પેટાળમાં પીગળેલી ધાતુ વગેરેની ગરમીથી પાણી બહાર ધસી આવ્યાં હશે. જેમ આજે પણ ઊંડા બોર અથવા શારમાં બને છે તેમ મહાસાગરોનાં પાણી પૃથ્વી પર બધે ફેલાઈ ગયાં.

જમીનના પેટાળમાં જ્યારે કૂવા ખોદનારાઓ નીચે ખોદકામ ચલાવે છે ત્યારે તેઓની ભાષામાં આપણે જોઈએ તો વચ્ચે વચ્ચે ઘણી નદીઓ આવે છે. તેમ જ ઊંડે પાણીના મોટાં જળાશયો ભૂગર્ભમાં દટાયેલા પડયાં છે અને ધરતીંકપને લઈને અને અંદરના દબાણને લઈને ઝરાઓમાંથી પાણી નીકળે તેમ જોરબંધ પાણી નીકળ્યાં. અમેરિકામાં એક સ્થળે મોટું ડામરનું સરોવર છે એ બધો પ્રવાહી ડામર છે. લોકો તેમાંથી મોટાં મોટાં પીપો ભરીને ડામર લઈ જાય છે. અને

એક પીપ જેટલો ડામર લે અને જે ખાડો પડે તે તરત ને તરત સપાટ બની જાય છે. એવો જંગી ડામરનો જથ્થો છે.

એવાં ઊકળતાં પાણીનાં સરોવરો પણ પૃથ્વીના પેટાળમાં છે. તે બધાં પાણી બહાર ઘસી આવ્યાં.

આજે પણ એટલેન્ટિક અને પેસેફિક મહાસાગરોમાં ઊંચા પહાડો આવેલા છે. કેટલાંક પહાડો અંતસ્થ લગભગ ૨૦ માઈલ ઊંચા છે. આ પહાડો જે પાણી અંદરના મહાસાગરના દબાણથી નીકળી આવ્યાં તેમાં આંતરિક દબાણથી આ ઊંચા પર્વતો ત્યાં સ્થપાયા. જે આજે પણ જોવા મળે છે.

અંતરિક્ષનાં ઉપરનાં પાણી ઉત્પત્તિના બીજી દિવસે દેવે અંતરિક્ષ બનાવ્યું. અને અંતરિક્ષની ઉપરના પાણીને આકાશ કહ્યું. પૃથ્વીનું વાતાવરણ પૃથ્વી ઉપર લગભગ ૧૦૦ માઈલ સુધી આવેલું છે. એ બધામાં અંતરિક્ષનું પાણી ભરેલું હતું. બાકીનું પાણી તે અંતરિક્ષ નીચે મહાસાગરોમાં પૃથ્વીના પેટાળમાં પાણીના સંચય તરીકે રહ્યું હતું. હવે, પૃથ્વીના લગભગ ત્રણ માઈલ સુધી ઠંડી હોવાને લીધે અંતરિક્ષના ઉપરના પાણી બરફની પેટે જમા થઈ ગયાં. અને યુરોપ-અમેરિકામાં જેમ ગ્રીન હાઉસીસ હોય છે એવી આ પૃથ્વી ઉપરનું વાતાવરણ પણ બરફના પાણી જેવું બની ગયું. સમઘાત હવા પૃથ્વી ઉપર રહેતી હતી. એવી રીતે બધે એકસરખી વનસ્પતિ તથા ઝાડો ઊગતાં હતાં.

હવે એવું બન્યું કે પેલાં બરફનાં ચોસલાં ફેલાતા ઉત્તર ધ્રુવ તરફ ફેલાયો. ઉત્તર ધ્રુવના આલ્પસ વગેરેના ઉત્તર ઢોળાવો તરફ અનેક મહાકાય પ્રાણીઓ ચરતાં હતાં. ઉપરના બરફને લઈને ઠંડી ખૂબ જ વધી ગઈ હતી. અને ઉપરથી જોરથી વરસાદ પડયો. બાઈબલમાં આપવામાં આવ્યું છે કે આકાશની બારીઓ ખુલી ગઈ.

આ કંઈ સામાન્ય વરસાદ હોય છે તેવો વરસાદ નહોતો. પણ સરોવરો અને મોટાં જળાશયોને જે બંધ બાધેલા હોય છે અને ચક્કરો મારફતે તેનાં બંધ બારણાં ખોલવામાં આવે છે અને તે વખતે અતિ ઘસારા સાથે પાણી વહી નીકળે છે એ પ્રકારની વાત પણ અહીં લખવામાં આવી છે. આકાશની બારીઓ ખુલી ગઈ અને તેમાંથી ઘસારા બંધ પાણી પડતાં હતાં. સામાન્ય વરસાદમાં થોડા જ વરસાદરૂપ હોય છે. પણ જેને ઝંપાપાત કહે છે. અથવા Cloud burst કહે છે. અને ધોધબંધ ઉપરનાં પાણી તૂટી પડયાં. અને તે સાથે બરફના જે ગછિયા બંધાયાં હતાં તે પણ તૂટી પડયાં.

આલ્પસના ઢોળાવો પર જે મહાકાય પ્રાણીઓ ચરતાં હતાં તે દટાઈ ગયાં. અને ઉત્તર ધ્રુવમાં જે ઓઈલ નીકળે છે તે ઓઈલ આ પ્રાણીઓમાંથી નીકળ્યું હતું અને વાતાવરણ વધારે ઠંડુ થવાથી અને પેલો બરફ પણ ઓચિંતો તૂટી પડયો એટલે કેનેડિયન અને આલ્પસ એ બધા વિસ્તારમાં હજારો પ્રાણીઓ સદાના બરફમાં ઢંકાયેલાં પડયાં છે. એ બધાં પ્રાણીઓ આજે સુરક્ષિત છે. જેમ બરફની પેટીઓમાં માછલી વેરાવળથી મુંબઈ સુધી જાય છે. બરફને લઈને તેમાં સડો પેસતો નથી. તાજી જ હોય છે. તેમ આ બધાં પ્રાણીઓનું માંસ આજે પણ તાજું જ છે. કૂતરાઓની આગળ આ પ્રાણીઓનું માંસ નાખતાં તેઓ ખાઈ જતા. તેમનાં મોંમાં અને પેટમાં છોડ ચાવેલા, ચવાયા વગરના અને પેટમાં પચ્યા વગરના આજે પણ જોવા મળે છે. લેબોરેટરીમાં તેમની તપાસ કરવામાં આવી છે.

◆

# ૮ નૂહના વહાણમાં લેવા માટે જેમ પશુઓના શુદ્ધ-અશુદ્ધ ભાગ પાડયા, તેમ પક્ષીઓના પાડયા કે નહિ ?

બાઈબલમાં કોઈપણ કલમ કે કલમો બાઈબલની બીજી કોઈ કલમ કે કલમોની વિરુદ્ધમાં કે જુદો જ અર્થ બતાવતી હોતી નથી; બધી જ કલમો એકબીજાની પૂરક અને અનુમોદન આપનારી હોય છે. એ મુદ્દો કાયમને માટે ધ્યાનમાં રાખવો. અહીં પણ એજ મુદ્દો લાગુ પડે છે.

ઉત્પત્તિ ૬:૧૯, ૨૦માં "જીવ બચાવવા સારુ" જે જે જાનવરો **વહાણમાં લેવાનાં છે** તેનું લીસ્ટ આપ્યું છે. એ પ્રથમ હુકમ સ્પષ્ટ છે. **"જાનવરો"** એટલે જીવવાળાં બધાં જ. અને સર્વ જાતનાં જાનવરોમાંથી **બબ્બે** (એક નર, એક માદા) તારી સાથે બચાવવાને સારુ તું વહાણમાં લાવ; તેઓ નરનારી હોય. પોતપોતાની જાત પ્રમાણે **પક્ષીઓ**, તથા પોતપોતાની જાત પ્રમાણે **પશુઓ**, તથા પોતપોતાની જાત પ્રમાણે પેટે ચાલનારાં પ્રાણીઓ (પ્રાણવાળાં)માંથી **સર્વ જાતનાં બબ્બે** જીવ બચાવવા સારુ તારી પાસે આવે." આ પ્રથમ અને સ્પષ્ટ હુકમમાં દરેક પ્રકારના જીવમાંથી (જાનવરમાંથી) બબ્બે લેવાનું સ્પષ્ટ લખ્યું છે : પશુઓમાંથી બબ્બે, પંખીઓમાંથી બબ્બે અને પેટે ચાલનારાંમાંથી પણ બબ્બે.

સાતમા અધ્યાયની ૨, ૩ કલમોને ઉપરની (૬:૧૯, ૨૦) કલમોના સંદર્ભમાં જ વાંચવાની છે. અહીં ૭:૨, ૩ કલમોમાં તો ૬:૧૯, ૨૦ના પ્રાધાન્ય અથવા હુકમોનો થોડોક વધારો એટલે કે શુદ્ધ જીવો વિષેનો વધારો કે ખુલાસો કરેલો છે. આ ૭:૨, ૩ ને

૬:૧૯, ૨૦ની **સામે** નહિ, પણ **સાથે** લેવાનો છે. એમાં શુદ્ધોમાંથી સાત સાત લેવાં, તે મુદ્દા પર ભાર દીધો છે. પશુઓ વિષે શુદ્ધ અને અશુદ્ધના ભાગ પાડયા છે તે માત્ર ૬:૧૯, ૨૦. ઉપરાંત આ વધુ ખુલાસો કર્યો છે. અને પશુઓની બાબતમાં એ વધુ ખુલાસો કે સ્પષ્ટતા થઈ ગઈ છે, એમ ગણીને પવિત્ર આત્માએ પક્ષીઓની બાબતમાં એ ખુલાસાની પુનરુક્તિ કરવા યોગ્ય માન્યું નથી. એટલે પક્ષીઓમાંથી ૬:૧૯, ૨૦ પ્રમાણે બબ્બે તો લેવાનાં જ, પણ ૭:૨, ૩ પ્રમાણે શુદ્ધો સંબંધીની વધારાની માહિતી પ્રમાણે શુદ્ધ પક્ષીનાં સાત સાત લેવાં.

'સાત સાત' (૭:૨, ૩માં) નરનાં સાત અને માદાનાં સાત મળી કુલ ચૌદ નહિ પણ ૩ જોડ અને એક વધારાનું, એટલે ૨ + ૨ + ૨ + ૧ = ૭ લેવાનાં. હિબ્રૂ લખાણનો એક અર્થ થાય છે. ગુજરાતીમાં સહેજ ગૂંચવાડો થઈ જવા સંભવ છે.

## ખ. નૂહના વહાણમાં આટલાં બધાં પ્રાણી-પંખીઓ સમાઈ શકે ખરાં ?

ઈશ્વરે નૂહને આ પ્રમાણે વહાણનું માપ આપ્યું હતું : "વહાણની લંબાઈ ત્રણસેં હાથ, ને તેની ચોડાઈ પચાસ હાથ, ને તેની ઊંચાઈ ત્રીસ હાથ." તેનો નીચલો તથા બીજો તથા ત્રીજો એવા ત્રણ માળ તું કર. વહાણમાં નૂહ, તેની પત્ની, ત્રણ દીકરા તથા તેમની પત્નીઓ - એમ આઠ માણસ ગયાં. ઉપરાંત બધાં જાનવરોમાંથી બબ્બે (એટલે કે એકેક જોડ) વહાણમાં લેવાયાં, અને શુદ્ધ જાનવરોમાંથી સાત સાત (એનો અર્થ એમ થઈ શકે કે સાત જોડ; પણ હિબ્રૂ ભાષાપ્રયોગ જોતાં વધુ વાજબી આ લાગે છે કે, ત્રણ જોડ અને એક વધારાનું મળીને સાત. એક વધારાનું તે

અર્પણને માટે) વહાણમાં ગયાં.

"બબ્બે" માટે હિબ્રૂમાં 'સેનાયિમ' વાપરેલા શબ્દોનો અર્થ 'જોડીબંધ' 'યુગ્મોમાં' 'જોડામાં' કે 'જોડકાંમાં' એવો થાય. એટલે 'એકેક જોડી' (અને નહિ કે બબ્બે જોડી) અંદર વહાણમાં લેવાનાં હતાં. ઉત્પત્તિ ૭:૮, ૯માં આ સ્પષ્ટ થયું છે.

આ ઉપરાંત બધાંને માટે એક વર્ષ ચાલે તેટલો ખોરાક ભરી લીધો હતો. ખરેખર, આ બધાંનો સમાવેશ કરવા માટે બહુ મોટું વહાણ જોઈએ.

'શુદ્ધ-અશુદ્ધ' પ્રાણીઓ અને પંખીઓ એ તફાવત શાને આધારે નક્કી કરવાનો હતો તે વિશે આપણે ચોક્કસ જાણતા નથી. આહાર અંગેના શુદ્ધ-અશુદ્ધ પ્રાણી-પંખીઓના નિયમ (લેવીય ૧૧) તો લાંબા સમય પછી મોશેને આપવામાં આવ્યાં ! પાળેલાં કે જંગલી કે ખાઈ શકાય અને ન ખાઈ શકાય તેવાં કે અર્પણમાં વધેરી શકાય કે ન વધેરી શકાય એવાં - એવો કોઈ અર્થ નીકળતો હશે.

બાઇબલમાં આપેલું માપ 'હાથ'ના માપ પ્રમાણે છે. એક હાથ એટલે લગભગ દોઢ ફૂટ થયું. અને એ પ્રમાણે વહાણ ૪૫૦ ફૂટ લાંબું, ૭૫ ફૂટ પહોળું, અને ૪૫ ફૂટ ઊંચુ થયું. વહાણને ત્રણ મજલા હતા. ઉપર આપેલા માપ પ્રમાણે એક મજલા પર ૩૩,૭૫૦ ચો. ફૂટ જગા થઈ, અને ત્રણે મજલા મળીને ૧,૦૧,૨૫૦ (એક લાખ એક હજાર બસો પચાસ:) ચો. ફૂટ કુલ જગા થઈ.

વહાણનું વજન કરવાના નિયમ પ્રમાણે આવું વહાણ લગભગ ૪૩,૪૦૦ ટન જેટલું પાણી ખસેડે. અને એવું વહાણ લગભગ ૧૪,૦૦૦ ટન વજન ઊંચકી લઈ શકે. આજની જંગી મોટી સ્ટીમરો પણ લગભગ અટલું જ વજન ઉપાડી લઈ શકે છે. આ પ્રમાણેની વહાણમાંની બધી જગા - ઘેટાંબકરાં ભરી લઈ જતા ભારખાનાના

પ્રત્યેક ડબ્બામાં ૬૦ ઘેટાંબકરાં લઈ શકાય, એવા ૨૦૮૮ ડબ્બા જેટલી જગા થઈ; એ પ્રમાણે વહાણમાં કુલ ૧,૨૫,૨૮૦ (એક લાખ, પચીસ હજાર બસો એંસી) ઘેટાંબકરાં સમાઈ શકે.

વ્હીટકોમ્બ અને મોરિસ નામના પ્રખ્યાત લેખકો ચોક્કસ સંશોધન અને બહુ ઝીણવટ કરીને લખે છે કે પ્રાણીઓ, પંખીઓ, સરીસૃપવંશ (સરપટિયાં, ગરોળી ઈ.) મંડૂકવંશ (જમીન તેમ જ પ્રાણી, એ ઉભયમાં રહેનારાં) એ બધાંની આજે જે જાતો જાણમાં છે તે બધી જાતો મળીને ૧૭,૬૦૦ જેટલી થાય છે, એથી વધારે જાતો જળપ્રલયના સમયમાં સંભવી શકે જ નહિ.

એ બધી જાતોમાંથી એકેક જોડ લઈએ તો પ્રાણીઓ, પંખીઓ, સરીસૃપવંશીઓ, અને મંડૂકવંશીઓના કુલ (૧૭,૬૦૦ x ૨ =) ૩૫,૨૦૦ જીવ થાય. ઉપરાંત પેલાં શુદ્ધમાંથી સાત સાત લેવાનાં હતાં તેમાંથી ઉપરની ગણતરીમાં બબ્બેની ગણતરી આવી ગઈ. એટલે એવી શુદ્ધોની આશરે ૮,૮૦૦ જાતનાં બાકીનાં પાંચ પાંચ ગણતાં આશરે (૮૮૦૦ x ૫ =) ૪૪,૦૦૦ બીજા જીવો થયા. એટલે નૂહના કુટુંબ સિવાય વહાણમાં આવનાર કુલ જીવો (૩૫,૨૦૦ + ૪૪,૦૦૦ =) ૭૯,૨૦૦ થયા. એટલા જીવો નૂહના વહાણમાં આવ્યા હશે. એ ઉપરાંત નૂહના કુટુંબનાં ૮ જણ. આ ગણતરીમાં આપણે જળચર જીવોને ગણ્યા નથી. કારણ ઈશ્વરે તેઓને વહાણમાં લેવાનું નૂહને કહ્યું જ નહોતું. કારણ, તેઓ તો જળપ્રલયનાં પાણીમાં જીવતાં રહી શકે.

હવે હાથી, જિરાફ, ગાય, ભેંસ, ઘોડો, એવા મોટા જીવો, વળી ઘેટાંબકરાં, કૂતરાં, શિયાળ અને એવાં મધ્યમય કદના જીવો, તેમ જ અને સાપ, ગરોળી, દેડકાં, ગોકળગાય, ઈત્યાદિ તદ્દન નાના જીવોની સરાસરી કાઢીએ તો સરેરાશ કદમાં ઘેટાંબકરાનું કદ

સરેરાશ કદ જેટલું આવી રહે. આ કુલ ૭૯,૨૦૦ જેટલા જીવો જે વહાણમાં ગયા. આપણે અગાઉના પેરેગ્રાફમાં જોઈ ગયા કે વહાણના કદ પ્રમાણે ૧,૨૫,૨૮૦ (એક લાખ પચીસ હજાર, બસો એંશી) ઘેટાબકરાં તેમાં સમાઈ શકે જ્યારે આપણે સરાસરી પ્રમાણે ગણ્યું તો ૭૯,૨૦૦ (અગણ્યા એંસી હજાર બસો) ઘેટાંબકરાં જેટલાં જ પ્રાણી-પંખીઓ વહાણમાં હતાં. એટલે વધારાનાં ૪૫,૮૦૦ ઘેટાંબકરાં માય તેટલી જગા ખાલી પડી રહીઃ એટલે કે રેલવેના (ઉપર જણાવ્યા તેવા) ભારખાનામાં ૨૦૮૮ ડબ્બામાંથી માત્ર ૧૩૨૦ ડબ્બા જ વપરાયા. અને ૭૬૮ ડબ્બા જેટલી જગા હજી ખાલી પડી રહી.

એ બાકીના ૭૬૮ ડબ્બા જેટલી, એટલે કે (૪૫,૮૦૦ બીજાં પ્રાણી-પંખીઓ સમાવી શકાય તેટલી જગા) વહાણમાં પડી; એ વધેલી જગા વહાણમાંના બધા જીવો માટે એક વર્ષ માટેનો ભાતભાતનો ખોરાક ભરવા માટે તેમ જ નૂહ તથા કુટુંબના રહેવા-ફરવા માટે, અને પ્રાણી-પંખીઓને અવારનવાર છૂટથી ફરવા માટે ખૂબ પૂરતી થઈ રહે. આ, નૂહના આમ બધી જાતનાં પ્રાણી-પંખી ઈત્યાદિનું પ્રતિનિધિત્વ ધરાવતા જીવો બહુ સારી રીતે વહાણમાં સમાઈ શક્યા હશે; અને આપણે ઉપર જોયું તેમ સારી એવી જગા વધી હશે.

અહીં બીજી એક સ્પષ્ટતા કરવી જરૂરી છે. જુદી જુદી 'જાતો' (kinds) વહાણમાં લેવામાં આવી તેનો અર્થ એ છે કે સહજીવનમાં રહીને ઓલાદ પેદા કરી શકે અને વંશવૃદ્ધિ કરી શકે એ એક "જાતનાં" ગણાય. (માણસો ફરજિયાત અખતરા કરીને ઘોડા-ગધેડીની સંકર ઓલાદ એટલે કે ખચ્ચર, સિંહ-વાઘણની સંકર ઓલાદ એટલે કે 'લાયગર' પેદા કરે, એવું નહિ. કારણ પ્રાણીઓમાં કે પંખીઓમાં કે વનસ્પતિમાં કુદરતી રીતે સંકર ઓલાદ

થતી નથી. એ એક વાત, અને બીજી વાત કે સંકર ઓલાદ ફરી બીજાં કોઈ પણ ફરજંદ કોઈ કાળે પણ પેદા કરી શકે નહિ. સંકર ઓલાદની આગળ બાઈબલ "પોતપોતાની જાત પ્રમાણે"ની ઈશ્વર નિર્મિત દીવાલ ઊભી થઈ જાય છે.

કૂતરાંની અનેક (૪૦૦ જેટલી) જાતો અત્યારે જોવા મળે છે. પણ એ ૪૦૦ જાતો અંદરઅંદર ઓલાદ પેદા કરી શકે છે. એટલે એ ૪૦૦ જાતો તે બધી એક જાત અથવા કુટુંબ ગણાય. એના પ્રતિનિધિ તરીકે બે જ કૂતરાં (કૂતરો-કૂતરી) વહાણમાં લેવાયાં હશે. પણ એથીયે આગળ વધીને પ્રાણીશાસ્ત્રીઓ જણાવે છે કે કૂતરાંની આ ૪૦૦ જેટલી જાત વરુમાંથી નીપજેલી છે.

કૂતરાં અને વરુ કુટુંબીઓ છે, એટલે વહાણમાં કૂતરું નહિ પણ વરુની જોડ ગઈ હશે, અને જળપ્રલય પછી વરુમાંથી કૂતરાંની અનેક જાતો વધવા માંડી હશે. આ લેખે બાઈબલના શબ્દો "પોતપોતાની જાત પ્રમાણે" એમાં કૂતરાં, વરુ અને બીજાં એવાં પ્રાણી એક કુટુંબનાં કે એક જ જાતનાં ગણાય.

કબૂતરોની ખરેખર અસંખ્ય જાતો મૂળ જંગલી, ભૂખરાં કબૂતરોમાંથી બની છે. અને કબૂતરોની એ અસંખ્ય જાતો આખરે તો એક જ જાત ગણાય. ફ્રેન્ક લુઈસ માર્શના જણાવ્યા પ્રમાણે ૧૭૦૦ની સાલથી માંડીને વટાણાની ૫૦૦ જેટલી જુદી જુદી જાતો પેદા કરવામાં આવી છે. પણ આખરે તો એ ૫૦૦ જાતો એક જ કુટુંબ અથવા એક જ જાત છે. એમ જ કાળાં, ગોરાં (ઘઉંવર્ણાં) કે પીળાં માણસો આખરે તો એક આદમ-હવાની જ ઓલાદ છે. કીડીઓની જુદી જુદી ૧૦,૦૦૦ જાતો તે એક જ કુટુંબની અને મૂળ એક જાતની પેટા-જાતો છે. કરોળિયાની જુદી જુદી ૩૦,૦૦૦ જાતો પૃથ્વીભરમાં મળે છે, પણ એ આખરે પેટા-જાતો ગણાય.

મૂળે તો તેઓ એક જ જાતમાંથી થયાં. સર્પની બધી મળીને ૨૫૦૦ જેટલી પેટા-જાતો છે, એ બધા ૧૧ કુટુંબોમાં વહેંચાયેલા છે, અને આખરે બે જ મુખ્ય કુટુંબ બને છે. અને તે એક જ મૂળ જાતમાંથી બનેલાં છે.

એક જ જાતમાંથી ઘણી બધી પેટા-જાતો કેવી રીતે થતી હશે? પણ એ વળી જુદી જ વિજ્ઞાનશાખાનો (જીવશાસ્ત્ર -બાયોલોજી)નો વિષય થયો. એમાં શરીરમાં સુક્ષ્માતીત પિંડ 'જીન'માં ("જીવનરજ, જીવનઘટક, ગુણઘટક"માં). હજારો પેઢીઓની ખાસિયતો વારસાગત ઊતરે છે. પણ આ 'ગુણઘટક' (જીન)માં કોઈ વાર આકસ્મિક 'ગુણવિકૃતિ' (mutation) કે 'નવગુણોદ્ગમ' થવાથી એ જાતમાં આછું પરિવર્તન થાય. એમ 'પરપરાગ-સંયોજન' અથવા ક્રોસ-બ્રીડિંગ એવા mutation (ગુણવિકૃતિ) વારંવાર કરાવીને સંકર પ્રજા પેદા કરી શકાય છે. અને એ 'સંકર ઓલાદ' આગલી જાત કરતાં ફેરફારવાળી અથવા જુદી જ હોય છે. એમ અમુક પ્રકારનાં કૂતરાંની ઓલાદમાંથી કૂતરાંની બીજી ઓલાદ પેદા કરી શકાય છે. પણ ક્રોસ-બ્રીડિંગ્ઝ એનાં mutation (ગુણવિકૃતિ) વારંવાર કરાવીને સંકર પ્રજા પેદા કરી શકાય છે. અને એ 'સંકર ઓલાદ' આગલી જાત કરતાં ફેરફારવાળી જુદી જ હોય છે એમ અમુક પ્રકારનાં કૂતરાંની પેદા કરી શકાય છે. પણ 'ક્રોસ - બ્રિડિંગ્ઝ' ('પરશુક્ર-સંયોજન') માત્ર કુટુંબના છત્ર નીચે આવતાં પ્રાણીઓ, પંખીઓ કે વનસ્પતિમાં જ થઈ શકે છે. 'પર-કુટુંબમાં આ ક્રોસ-બ્રીડિંગ યા "પરશુક્ર-સંયોજન કોઈ અકાળે પણ શક્ય નથી; અને એટલે જ ડાર્વિનનો ઉત્ક્રાન્તિવાદ પાયા વગરનો અને જૂઠો ઠરે છે. (આ વિશે એટલે 'ગુણઘટક' (જીન) વિશે વધુ સ્પષ્ટતા માટે જુઓ લેખકનું પુસ્તક 'બાઇબલ અભ્યાસ,' ભાગ-૪થો, પૃષ્ઠ ૫૦-૫૮).

નૂહના વહાણ સંબંધી બીજી એક વાત યાદ રાખવાની કે જળની મુસાફરીનાં વહાણો કે સ્ટીમરો જેવું નૂહનું વહાણ નહોતું. બીજાં વહાણો અને સ્ટીમરોને નિર્ધારિત બંદરોએ લઈ જવાનાં હોય છે અને જળમાં નિર્ધારેલા માર્ગના નકશા પ્રમાણે કપ્તાન તેમને ચલાવે છે. જ્યારે નૂહના વહાણને કોઈ ઠરાવેલા સ્થળે લઈ જવાનું હતું નહિ. નૂહે એનું કોઈ સંચાલન કરવાનું નહોતું, આ વહાણ તો પાણી પર તર્યા કરવાનું હતું. અને પાણી ઓસરતાં વહાણ થંભે એ જ એનું ઠેકાણું ! એટલે આ વહાણ તરતા ઘર સમાન હતું. એને 'જલ મહેલ' કહો તો ચાલે. *(જુઓ ચિત્ર બાજુમાં)*



નૂહનું વહાણ - ફિલ્મ બતાવવામાં આવી, તેમાં આ પ્રમાણે વહાણનો નમૂનો બતાવ્યો

બાઈબલમાં પ્રાણીઓ અને પંખીઓની જાતો એ પશુ-પંખીઓની વિજ્ઞાનીઓ જે જાતો ગણે છે, તેમાં એ કઈ કક્ષાએ આવે?

◆ **વિજ્ઞાનીઓનું એ વર્ગીકરણ નીચે પ્રમાણે છે :**

૧. જીનસ ૨. ઓર્ડર ૩. જેનેરા ૪. ફેમીલી ૫. ઓર્ડસ ૬. ફાઈલાઝ

◆ **બીજી વ્યવસ્થા - બીજો વર્ગ :**

૧. સમુદાય ૨. પેટા સમૂહ ૩. વંશ ૪. વર્ગ (ઓર્ડર) ૫. કુળ/ફેમીલી ૬. ગોત્ર (જેનેરા) ૭. જાતિ એટલે કે Specie

બધાં પ્રાણી પંખીઓને આ ગ્રુપોમાં ગોઠવવામાં આવે છે. બાઈબલનો શબ્દ જાત અને કયા વર્ગમાં ગણવો, તે અનિશ્ચિત છે.

હજારો પ્રાણીઓ જળપ્રલય વખતે વહાણમાં આવ્યાં, તેમની જાતિઓ વર્ગ નક્કી કરવા પણ આ શબ્દો વપરાવા જોઈએ. ફેમીલી વંશ એ બધાં સૂચવે છે કે, તે એક જ કૂળનાં છે. આ બધાં માંહોમાંહે પ્રજોત્પતિ કુદરતી રીતે કરી શકે, તે બધાં એક કૂળનાં ગણાય. કારણ કે વહાણમાં એક જ જાતનાં નરનારી એટલે વરુ - નર-માદા, કૂતરો -કૂતરીમાંથી બીજાં પેદા કરી શકાય. વરુ અને માદામાંથી પણ કૂતરાની જાતો ઊભી કરી શકાય. અને વરુ અને કૂતરીમાંથી કૂતરાની જાતો પેદા કરી શકાય. એમ પ્રત્યેક વંશ કે ફેમીલી માટે સમજવાનું એટલે નર-માદા એક કૂળ કે વંશનાં હોય એટલું પૂરતું છે. કૂતરાની ૪૦૦ ઉપર જાતો છે. કબૂતરોની જાત પરવાળાં કબૂતરો, ચોટલાવાળાં કબૂતરો, પગે વાળવાળાં કબૂતરો, એમ અનેક કબૂતરોની જાતો તે આખરે તો ભૂખરાં કબૂતરોમાંથી થયેલાં છે. અને એમના જુદા જુદાં કબૂતરોની સાથે પ્રજનન વ્યવહાર કરવામાં આવે, તો બીજાં અનેક કબૂતરોની જાતો પેદા કરી શકાય.

# ૯ મથૂસેલાહના લાંબા આયુષ્યનું મહત્ત્વ

ઉત્પત્તિ ૫:૨૨માં જણાવવામાં આવ્યું છે કે, "મથૂસેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસો વર્ષ દેવની સંઘાતે ચાલ્યો, " તો મથૂસેલાહના જન્મ સાથે હનોખના આત્મિક જીવનને શો સંબંધ હોઈ શકે ? મથૂસેલાહની અસરો હનોખ પર ઘણી પડી હતી. મથૂસેલાહના જન્મ પ્રસંગે ખાસ ખાસ અસર હનોખના જીવન ઉપર પડી, અને હનોખના આત્મિક જીવનમાં એ પછી ભારે વેગ આવ્યો. એટલે જ બાઈબલમાં આપ્યું છે કે **"મથૂસેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસેં વર્ષ દેવની સંઘાતે ચાલ્યો."**

**"મથૂસેલાહ"** નામનો મૂળાર્થ કંઈક આવો થાય છે : "એનું જવું થશે (એટલે કે મૃત્યુ થશે) ત્યારે 'એ' આવશે." 'એ' એટલે જળપ્રલય. ઈશ્વરે ખાસ પ્રકટીકરણ આ નામ દ્વારા અને પુત્રજન્મ દ્વારા હનોખને આપ્યું હશે. ઉત્પત્તિના ૬ઠ્ઠા અધ્યાયમાં બધી હકીકત આપવામાં આવી છે : "યહોવાએ જોયું કે માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી થઈ, ને તેઓનાં હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે."..... "અને દેવે નૂહને કહ્યું કે, મારી આગળ સર્વ જીવનો અંત આવ્યો છે; કેમ કે તેઓને લીધે પૃથ્વી જુલમે ભરેલી છે; અને જુઓ, હું તેઓનો પૃથ્વી સુદ્ધાં સંહાર કરીશ." (ઉત્પત્તિ ૬:૫, ૧૩).

ઈશ્વરે પોતાના આ ઠરાવ વિષે જેમ નૂહને કહ્યું, તેમ હનોખને પણ જણાવ્યું હશે. ઈશ્વરે બીજી કેટલીક ભવિષ્યની યોજનાઓ હનોખને જણાવી હતી, એમાંની એક યહૂદાના પત્રની ૧૪ અને

૧૫મી કલમમાં આપી છે : "તેઓ વિષે પણ આદમથી સાતમા પુરુષ હનોખે ભવિષ્યવચન કહ્યું છે કે, જુઓ, સઘળાંનો ન્યાય કરવાને, સર્વ અધર્મીઓએ જે સર્વ અધર્મી કામો અધર્મીપણામાં કર્યાં, અને અધર્મી પાપીઓએ તેની વિરુદ્ધ જે સર્વ કઠણ વચનો કહ્યાં, તે વિષે પણ તેઓ સઘળાંને અપરાધી ઠરાવવાને પ્રભુ પોતાના હજારોહજાર સંતો સહિત આવ્યો." જૂના કરારમાં હનોખનું આ ભવિષ્યકથન ક્યાંયે આવતું નથી. છતાં નવા કરારમાં આપેલું છે. ભ્રષ્ટ થઈ ગયેલી પૃથ્વીનો વિનાશ કરવાના પોતાના ઠરાવ વિષે પ્રભુએ હનોખને જરૂરથી જણાવ્યું હશે.

મથૂસેલાહ નામનો મૂળાર્થ પણ એ જ સૂચવે છે. ઉપર જોયું તેમ આ નામનો મૂળાર્થ છે : "એનું જવું થશે ત્યારે એ આવશે." એટલે કે મથૂસેલાહનું મૃત્યુ થશે ત્યારે જળપ્રલય આવશે અને આખી પૃથ્વીનો નાશ થશે. ઈશ્વરે પોતાના ભક્ત હનોખને પોતાના આ ઠરાવની જાણ કરી એની ભારે અસરો હનોખના આત્મિક જીવન પર પડી, એ પછી તે ઈશ્વરની ખૂબ નજદીક ચાલનારો બન્યો. એટલે બાઈબલ એના વિષે સાક્ષી પૂરે છે કે "અને મથૂસેલાહનો જન્મ થયા પછી હનોખ ત્રણસેં વર્ષ દેવની સંઘાતે ચાલ્યો."

સદોમના નાશ વિષે ઈશ્વરે અગાઉથી આબ્રાહમને જણાવ્યું હતું : યહોવાએ કહ્યું, "જે હું કરું છું. તે શું આબ્રાહામથી સંતાડું ?.. કેમ કે હું તેને જાણું છું કે તે પોતાના દીકરાઓને તથા પોતા પછી થનાર પોતાના પરિવારને એવી આજ્ઞા આપશે કે, તેઓ ન્યાય તથા ન્યાયકરણ કરવાને યહોવાનો માર્ગ પાળે; એ માટે કે આબ્રાહમ સંબંધી યહોવાએ કહ્યું છે, તે તે તેને આપે" (ઉત્પત્તિ ૧૮:૧૭, ૧૯). એ પછી ઈશ્વર સદોમનો નાશ કરવાના પોતાના ઠરાવ વિષે આબ્રાહમને જણાવે છે (જુઓ ઉત્પત્તિ ૧૮:૨૨-૨૩). આમોસ

પ્રબોધકે પણ એજ વાત જણાવી છે : "ખચીત પ્રભુ યહોવા પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઈ કરશે નહિ" (આમોસ ૩:૭). એમ જળપ્રલયની યોજના વિષે ઈશ્વરે પોતાના ભક્ત હનોખને જણાવ્યું જ હશે.

પ્રભુએ હનોખને કહ્યું હશે કે, આ બાળક (મથૂસેલાહ)ને તું જુએ છે ? એ જીવશે ત્યાં સુધી દુનિયા ટકશે. એ જશે એ પછી જળપ્રલય આવશે, અને દુનિયાનો નાશ થશે. એટલે એ બાળકનું નામ મથૂસેલાહ રાખવામાં આવ્યું (એ જશે ત્યારે જળપ્રલય આવશે).

અને એમ જ બન્યું, મથૂસેલાહ ૯૬૯ વર્ષ જીવ્યો. એની જિંદગીના ૯૬૯મા વર્ષે જળપ્રલય આવ્યો. આપણે એ જોઈએ. ઉત્પત્તિ ૫:૨૫માં આપ્યું છે કે "મથૂસેલાહ ૧૮૭ વર્ષનો થયો, ત્યારે તેને લામેખ જન્મ્યો. વળી ઉત્પત્તિ ૫:૨૮માં આપ્યું છે કે, "લામેખ ૧૮૨ વર્ષનો થયો, ત્યારે તેને નૂહ જન્મ્યો." આ બે ઉંમરોનો સરવાળો કરીએ તો આ પ્રમાણે થાય :"

| | |
|---|---|
| ૧૮૭ | વર્ષ લામેખના જન્મ સમયે મથૂસેલાહની ઉંમર. |
| ૧૮૨ | વર્ષ નૂહના જન્મ સમયે લામેખની ઉંમર. |
| = ૩૬૯ | વર્ષ નૂહના જન્મ સમયે મથૂસેલાહની ઉંમર. |
| + ૬૦૦ | વર્ષ નૂહના ૬૦૦માં વર્ષે જળપ્રલય થયો. (બીજા માસમાં ૧૭મા દિવસે) |
| = ૯૬૯ | વર્ષ જળપ્રલયના વર્ષે મથૂસેલાહની ઉંમર |

અને મથૂસેલાહનું કુલ આયુષ્ય ૯૬૯ વર્ષનું હતું. "અને મથૂસેલાહના સર્વ દહાડા નવસેં અગણોતેર વર્ષ હતાં; અને તે મરી ગયો" (ઉત્પત્તિ ૫:૨૭).

નૂહ ૬૦૦ વર્ષનો થયો ત્યારે મથૂસેલાહ ૯૬૯ વર્ષનો થયો.



એરિયલ કમિંગ્સ (ડાબી બાજુ) ફર્નાન્ડ નવારા (જમણીબાજુ)

નૂહના ૬૦૦માં વર્ષે જળપ્રલય થયો, એટલે કે મથૂસેલાહના ૯૬૯મા વર્ષે જળપ્રલય થયો. આ સાલે મથૂસેલાહ ૯૬૯ વર્ષનો થઈને મૃત્યુ પામ્યો. એટલે એના નામ પ્રમાણે "આ જશે, ત્યારે તે (જળપ્રલય) આવશે" એ સત્ય ઠર્યું.

બિશપ અશરની કાલમાન ગણતરી પ્રમાણે ઈશ્વરે પૃથ્વીની ઉત્પત્તિ ઈ. પૂર્વે ૪૦૦૪માં કરી. જળપ્રલય ઈ.પૂર્વે ૨૩૪૮માં થયો, અને એ જ સમયે ઈ.પૂર્વ ૨૩૪૮માં મથૂસેલાહ પણ મરણ પામ્યો. એમ ઉત્પત્તિથી જળપ્રલય સુધીનાં વર્ષો ૧૬૫૬ થયાં. ઉત્પત્તિના પાંચમા અધ્યાયમાં આપેલી વંશાવળી ઉપરથી ગણતરી કરીએ તો એટલાં જ વર્ષ થઈ રહેશે. આદમ ૧૩૦ વર્ષનો થયો ત્યારે તેને શેથ જન્મ્યો (ક. ૩); શેથ ૧૦૫ વર્ષનો થયો ત્યારે તેને અનોશ થયો (ક. ૬); અનોશ ૯૦ વર્ષનો થયો ત્યારે તેને કેનાન થયો (ક. ૯); કેનાન ૭૦ વર્ષનો થયો ત્યારે તેને માહલાલએલ થયો (ક. ૧૨); માહલાલએલ ૬૫ વર્ષનો થયો ત્યારે તેને યારેદ થયો (ક. ૧૫); યારેદ ૧૬૨ વર્ષનો થયો ત્યારે તેને હનોખ થયો (ક. ૧૮); હનોખ ૬૫ વર્ષનો થયો ત્યારે તેને મથૂસેલાહ થયો (ક. ૨૧); મથૂસેલાહ ૧૮૭ વર્ષનો થયો ત્યારે તેને લામેખ થયો (ક. ૨૫); અને લામેખ ૧૮૨ વર્ષનો થયો ત્યારે તેને નૂહ થયો. (ક. ૨૮, ૨૯); અને નૂહ ૬૦૦ વર્ષનો થયો ત્યારે જળપ્રલય આવ્યો. (૭:૬). એ બધાનો સરવાળો કરો તો ૧૬૫૬ વર્ષ આવે (૧૩૦ + ૧૦૫ + ૯૦ + ૭૦ + ૬૫ + ૧૬૨ +૬૫ + ૧૮૭ + ૧૮૨ + ૬૦૦ = ૧૬૫૬).

ઈશ્વરે ૯૬૯ વર્ષ સુધી માણસોની દુષ્ટતા પ્રત્યે ધીરજ રાખી. વળી જળપ્રલય આવે તે પહેલાં ઈશ્વરે ચેતવણીનાં ૧૨૦ વર્ષ માણસોને આપ્યાં. "અને યહોવાએ કહ્યું કે, મારો આત્મા માણસની સાથે સદા વાદ નહિ કરશે, કેમ કે તે માંસનું છે; તથાપિ તેઓના

દિવસ એકસો વીસ વર્ષ થશે." (ઉત્પત્તિ ૬:૩). આ ૧૨૦ વર્ષ સુધી નૂહે લોકોને દુષ્ટતાથી પાછા ફરવા ફરી અને ફરી ચેતવણી આપ્યા કરી.

કેટલીક જાણવા જેવી વિગતો પણ અત્રે રજૂ કરું છું : નૂહ મરી ગયો ત્યારે આબ્રાહામ ૫૮ વર્ષનો થયો હતો. આદમ મૃત્યુ પામ્યો ત્યારે મથૂસેલાહ ૨૪૩ વર્ષનો હતો; આદમના મૃત્યુ પછી ૧૨૬ વર્ષે નૂહનો જન્મ થયો હતો, અને આદમના મૃત્યુ પછી ૭૨૬ વર્ષે જળપ્રલય આવ્યો હતો. નૂહનો પિતા લામેખ આદમનાં છેલ્લાં ૫૬ વર્ષ દરમિયાન આદમ સાથે હતો. મથૂસેલાહનો જન્મ ઈ.પૂર્વે ૩૩૧૭માં અને મૃત્યુ ઈ.પૂર્વે ૨૩૪૮માં = ૯૬૯ વર્ષ.

◆



રૂડોલ્ફ એઝેન હાઉઝર

# ૧૦ જળપ્રલય પૂર્વે માનવીનું આયુષ્ય સેંકડો વર્ષનું હતું

બાઈબલમાં જળપ્રલય પહેલાંના લોકોનું આયુષ્ય ૯૦૦ વર્ષની આસપાસ હતું. એ વર્ષો આપણા વર્ષ જેટલાં જ લાંબા હતાં કે વધારે-ઓછાં ? જો આપણા વર્ષ જેટલાં લગભગ એ વર્ષો હતાં, તો એટલા બધા લાંબા આયુષ્યનું કારણ શું ? હાલમાં કેમ સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષનું થઈ ગયું ?

બાઈબલમાં જળપ્રલય પહેલાંના લોકોનું આયુષ્ય ૯૦૦ વર્ષ અને એથીય વધુ આપવામાં આવ્યું છે. આદમની વયમર્યાદા ૯૩૦ વર્ષની, શેથની ૯૧૨, અનોશની ૯૦૫, કેનાનની ૯૧૦, માહલાલએલની ૮૯૫, યારદની ૯૬૨, મથૂસેલાહની ૯૬૯, અને નૂહની વયમર્યાદા ૯૫૦ વર્ષની હતી. જળપ્રલય પછી આયુષ્ય ટૂંકું થયું. એબર ૪૬૫ વર્ષ જીવ્યો, અબ્રાહમ ૧૭૫ વર્ષ જીવ્યો, મોશે ૧૨૦ વર્ષે મર્યો. દાવિદના સમયમાં તો આયુષ્ય મર્યાદા લગભગ ૭૦ની આસપાસની બની ગઈ હતી. તેથી જ ગીતશાસ્ત્ર ૯૦:૧૦માં આપ્યું છે : "અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલાં છે; અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ થાય...." અત્યારે આપણા વીસમી સદીના જમાનામાં પણ લગભગ એ જ ૭૦નો માપદંડ રહ્યો છે. જળપ્રલય પછી વયમર્યાદા ઘણી ઘટી ગઈ.

લંબાઈમાં જળપ્રલય પૂર્વેનાં વર્ષો આપણાં અત્યારનાં વર્ષો જેટલાં હતાં કે લાંબા-ટૂંકાં ? બાઈબલમાં બધે જ આપેલાં વર્ષો આપણાં અત્યારનાં વર્ષો જેટલી જ લંબાઈનાં હતાં એમાં કોઈ શક નથી. બાઈબલના લગભગ બધા જ અભ્યાસીઓ એ વાત માન્ય

રાખે છે. ફરક એટલો જ કે અત્યારનાં આપણાં વર્ષો (અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ૩૬૫ ૧/૪ દિવસનાં હોય છે, એટલે કે સૌર્યવર્ષ (સૂર્ય પ્રમાણેના) હોય છે. જ્યારે બાઇબલમાં જણાવેલાં વર્ષો સૌર્ય અને ચંદ્ર વર્ષની વચ્ચેના ગાળાનાં છે. બાઇબલમાં ગણતરી માટે આપવામાં આવેલાં વર્ષો ૩૬૦ દિવસનાં હતાં. જળપ્રલય પહેલાંના ૩૬૦ દિવસોવાળાં ૯૦૦ વર્ષ લઈને તેનાં આપણે સૌર્યવર્ષ બનાવીએ તો કુલ ૮૮૭ વર્ષ અને ૨૪ દિવસ થાય. એ પ્રમાણે મથૂસેલાહ ૯૬૯ ચાંદ્રવર્ષ જીવ્યો હતો, તે પ્રમાણે સૌર્યવર્ષ પ્રમાણે ૯૫૫ વર્ષ ૨૭ દિવસ જીવ્યો ગણાય.

તો જળપ્રલય પછી આયુષ્ય આટલું બધું કેમ ઘટી ગયું ? જોઈએ. જળપ્રલય પૂર્વે પૃથ્વીની આસપાસ વરાળરૂપી પાણીનું પ્રચંડ આવરણ હતું, જે પૃથ્વીને વિનાશકારક અસરોથી બચાવી રાખતું હતું. ઉત્પત્તિ ૧:૬, ૭ પ્રમાણે "અંતરિક્ષ તળેનાં પાણીને અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં." પાણીનાં જંગી મહાસાગરો અંતરિક્ષની ઉપર હતાં. જળપ્રલય સુધી આ પ્રચંડ આવરણ રહ્યું, પણ જળપ્રલયની શરૂઆતમાં "જળનિધિના (પૃથ્વીના પેટાળમાંથી) ઝરા ફૂટી નીકળ્યા ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં, અને ચાળીસ દહાડા તથા ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો" (ઉત્પત્તિ ૭:૧૧, ૧૨). પૃથ્વીના ઊંચામાં ઊંચા પર્વત પણ ડૂબી ગયા એટલું પાણી પડયું. આમ, અંતરિક્ષના પાણીનું આવરણ તદ્દન નહિવત્ બની ગયું.

આ આવરણ અવકાશનાં જીવન-વિનાશક તત્ત્વો, વાયુઓ અને અસરોને ખાળી રાખતું હતું. એ આવરણ જળપ્રલય સમયે દૂર થવાથી આ બધાં જીવનવિનાશક તત્ત્વો, વાયુઓ અને અસરોની માઠી અસરો મનુષ્યજીવન પર પડવાથી આયુષ્યમર્યાદા ઓછી અને ઓછી થતી ગઈ. આ અસરો બે રીતે માનવીઓ પર પડી :

(૧) માનવી-શરીરના કોશો પર વિઘાતક અસરો પડી, અને એ શરીરના કોશો ઝડપથી નાશ પામવા લાગ્યા. (૨) શરીરની અંદરની અમુક ગ્રંથિઓ (અંતઃસ્રાવી ગ્રંથિઓ) પણ આ વિઘાતક અસરો નીચે આવી અને એ ગ્રંથિઓનું કામ મંદ પડયું, અને કેટલીકનું મુદ્દલે બંધ પડયું. જીવનરક્ષણ અને જીવનપોષણને માટે અતિ ઉપયોગી એવી આ ગ્રંથિઓની કામગીરી મંદ થવાથી, ને કેટલીકની કામગીરી બંધ થવાથી આયુષ્ય ખૂબ ઘટયું. એની આનુવંશિક (વંશપરંપરાની) અસરો થઈ, જેથી ફરજંદો વધુ અને વધુ ટૂંકા આયુષ્યવાળાં બનતાં રહ્યાં. બાઈબલના ઈતિહાસ સાથે આ વિધાન તદ્દન સુસંગત છે. જીવન કેમ ટૂંકું થયું તેનાં કારણો આપણે વિગતવાર જોઈએ.

(૧) અંતરિક્ષના પાણીનું આવરણ અવકાશમાંથી આવતાં જીવન-વિઘાતક કિરણોત્સર્ગ (રેડિયેશન)નાં લાંબા તરંગોને ગાળી નાખતું હતું, અને માનવી શરીરને રક્ષણ આપતું હતું. આ કિરણોત્સર્ગ શરીરના કોશને માટે તથા અંતઃસ્રાવી ગ્રંથિઓ માટે ઘાતક હતો. અંતરિક્ષના પાણીનું આવરણ દૂર થતાં આ અવકાશી કિરણોત્સર્ગની ઘાતક અસર માણસ પર પડી. માનવીનાં પાપને કારણે જ આ આવરણ ઘટી જઈને નહિવત્ બન્યું ને !

(૨) ઓઝોન વાયુ એ ઘટ્ટ થયેલો પ્રાણવાયુ (ઓક્સિજન) છે. પણ આપણે આપણા શ્વાસમાં એક કરોડ ભાગમાં, માત્ર ૨ કે ૩ ભાગનો ઓઝોન લઈએ છીએ, વધુ પ્રમાણમાં ઓઝોન લેવાથી જીવનને માટે ખતરનાક નીવડે, કારણ, ઓઝોન વાયુ પ્રમાણ બહાર લેવાથી હિમોગ્લોબીન (રક્તનું લાલ તત્ત્વ) અને લિમ્ફ ઉપર ઝેરી અસરો ફેલાય છે, અને આયુષ્યને ટૂંકાવે છે. અંતરિક્ષના પાણીનું આવરણ યા

આચ્છાદન અલોપ થવાથી પૃથ્વી પર વધુ પ્રમાણમાં ઓઝોન ફેલાય છે, અને માનવીના જીવનને ટૂંકાવે છે. ઓઝોન વાયુના ઘણા અખતરા કરવામાં આવ્યા છે; અને પરિણામમાં માલૂમ પડયું છે કે, ઓઝોનનું ઝેર ઝડપી વૃદ્ધાવસ્થા લાવે છે. પૃથ્વી પર ઝડપી વૃદ્ધાવસ્થા લાવવામાં ઓઝોન અગ્રસ્થાને છે. જળપ્રલય અગાઉ પાણીનું આવરણ વધુ પડતા ઓઝોનને ગાળી કાઢતું હતું.

(૩) હા, ઓઝોનનું પાતળું આવરણ સૂર્યમાંથી આવતા મહાઘાતક કિરણોત્સર્ગ (રેડિયેશન)ને પૃથ્વીની સપાટી પર આવતાં અટકાવે છે. એમ ઓઝોનનું પડ લાભકારક પણ છે. પણ પૃથ્વીનું પ્રદુષણ ઓઝોનના પડનો નાશ કરે છે. આ સૂર્યનો કિરણોત્સર્ગ પણ વૃદ્ધાવસ્થાને ઝડપી બનાવે છે. ક્ષ-કિરણો (x-ray) એનો એક ભાગ છે.

(૪) ઉપરના બધા પ્રકારના કિરણોત્સર્ગ (રેડિયેશન) માત્ર માનવશરીરના કોશો અને ગ્રંથિઓ પર વિઘાતક અસરો ફેલાવે છે. અને આયુષ્યને ટૂંકાવે છે, એટલું જ નહિ, પણ આનુવંશિક (એટલે પાછળના વંશજો ઉપર) મહાઘાતક અસરો વારસામાં આપી જાય છે, અને એમ વયમર્યાદા ઘટતી જાય છે.

વિજ્ઞાનીઓ પ્રમાણો સહિત સાબીતીઓ આપે છે કે કિરણોત્સર્ગ માનવ-વંશજોમાં અતારનવાર જાતજાતના 'મ્યુટેશન' પેદા કરે છે. 'મ્યુટેશન' એટલે પરિવારની ખાસિયતોથી ફંટાઈ જતી - બદલાઈ જતી ખાસિયતોવાળાં વશંજ. મયુટેશનો કાયમી આનુવંશિક ફેરફારો ઉત્પન્ન કરે છે. આ મ્યુટેશનો ઊર્ધ્વગામી (જીવનની ચઢિયાતી

ખાસિયતોવાળાં) નથી હોતાં, પણ બહુધા અધોગામી (જીવન જીવવાની કળામાં ઊતરતી કક્ષાની ખાસિયતોવાળાં) હોય છે, એટલે કિરણોત્સર્ગોની અસરોથી માનવી જીવન વધુ ને વધુ ઊતરતી કક્ષાનું ટૂંકી વયમર્યાદાવાળું બનતું જાય છે. જળપ્રલય પછી અંતરિક્ષના પાણીનો જથ્થો (આવરણ, આચ્છાદન) ઓછો થઈ જવાથી કિરણોત્સર્ગ વધુ પ્રમાણમાં ફેલાય છે, તેથી 'મ્યુટેશન' વધુને વધુ થાય છે, અને એમ જીવન ટૂંકું અને ઊતરતી કક્ષાનું થતું જાય છે.

(૫) સૂર્યકિરણોમાં મેઘધનુષ્યના સાત રંગો તો હોય છે જ, પણ કિરણોમાં આ વર્ણપટના સાત રંગો સિવાય અદ્રશ્ય એવાં ક્ષ-કિરણો, પારજાંબલી (અલ્ટ્રા-વાયોલેટ) કિરણો, અને પરા-રક્ત (ઈન્ફ્રા-રેડ) કિરણો પણ હોય છે. કુમળા પ્રકાશમાં આવતાં પારજાંબલી કિરણો અમુક અંશે શરીરતંત્રને માટે લાભદાયી નીવડે છે. પણ એ સિવાય પારજાંબલી કિરણો શરીરની ચામડી, કોશો અને આખા શરીરતંત્ર ઉપર ખતરનાક અસરો ફેલાવે છે. જળપ્રલય પૂર્વે અંતરિક્ષનું આવરણ પારજાંબલી (અલ્ટ્રા-વાયોલેટ) કિરણોને રોકી દેતું. પણ જળપ્રલયમાં એ આવરણ દૂર થવાથી હવે અતિ વધુ પ્રમાણમાં પારજાંબલી કિરણો પૃથ્વીના પટમાં ઊતરે છે, અને વૃદ્ધાવસ્થાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

(૬) એવું જ 'વિશ્વકિરણો' (કોઝમિક) નું પણ. પૃથ્વીના વાતાવરણની બહારથી ચોમેરથી આવતાં શક્તિશાળી અને ભેદક કિરણો શરીરતંત્ર માટે ખતરનાક છે. જળપ્રલય અગાઉ પેલા આવરણને લઈને મોટા પ્રમાણમાં આ 'વિશ્વકિરણો' ખળાઈ જતાં હતાં. પણ જળપ્રલય વખતે અંતરિક્ષનું એ આવરણ તદ્દન ઓછું થઈ જવાથી શરીરતંત્ર ઉપર એની

વિનાશક અસરો જોર જોરથી થયા કરે છે, અને વૃદ્ધાવસ્થાની પ્રક્રિયા ઝડપી બનાવે છે.

(૭) ઘણા ડોકટરો અને વિજ્ઞાનીઓનું માનવું છે કે માનવી શરીરનું આયોજન એવા પ્રકારનું કે જો તેના શરીરની અમુક અંતઃસ્રાવી ગ્રંથિઓ બરાબર કામ કરતી ચાલુ રહે, તો તે ૧૦૦૦ વર્ષ જીવી શકે; પણ કિરણોત્સર્ગની અસરો આ ગ્રંથિઓ પર પડી. વળી ઇઝરાયલ રાજયના ન્યુરોસર્જન ડો. જેકબ ડી. લીડમન જેવાઓનું માનવું છે કે ઈશ્વરે જ અમુક ગ્રંથિઓની પ્રવૃત્તિઓને, જળપ્રલય પછી, અટકાવી દીધી. આ ડોકટર જણાવે છે કે મગજની અંદર પિનિયલ ગ્રંથિ આવેલી છે, પણ આજના માનવીમાં આ ગ્રંથિ તદ્દન નિષ્ક્રિય છે. કોઈ જમાનામાં આ ગ્રંથિ જરૂરથી કામગીરી બજાવતી હશે. આ પિનિયલ ગ્રંથિની શી કામગીરી છે તે કોઈ જાણતું નથી. કેટલાંક એમ માને છે કે શરીરના કોશોને ફરીથી ચેતનવંતા અને જીવંત બનાવવાની કામગીરી આ ગ્રંથિની હશે. આજે તો આ ગ્રંથિની કોઈ કામગીરી દેખાતી નથી. પણ એને કાપી કાઢી નાખવાથી મૃત્યુ નીપજે છે. કોઈક કાળે માનવીના કોશોને નવું જીવન બક્ષવાની કામગીરી કદાચ તે કરતી હશે.

છાતીમાં આવેલી થાયમસ ગ્રંથિ છોકરો-છોકરી તારુણ્યમાં પ્રવેશ કરે એટલે કામ કરતી અટકી જાય છે. આ થાયમસ ગ્રંથિ આપણા દૂરના પિતૃઓના જીવનમાં ખાસ કરીને વયમર્યાદા બાબતે કામ કરતી હશે. વળી ગળામાં (થાઈરૉઈડ ગ્રંથિ અને થાયમસ ગ્રંથિની વચ્ચે આવેલી) પેરા-થાઈરોઈડ ગ્રંથિ તારુણ્ય સમયે કાયમ માટે પોતાની કામગીરી બદલી નાખે છે.

(૮) જળપ્રલય અગાઉ માણસ તેમ જ પશુપંખીઓ માત્ર શાકાહારી હતાં. ઉત્પત્તિ ૧:૨૯માં લખ્યું છે : "અને દેવે કહ્યું કે જુઓ, હરેક બીજદાયક શાક જે આખી પૃથ્વી પર છે, ને હરેક વૃક્ષ જેમાં વૃક્ષનાં બીજદાયક ફળ છે, તેઓને મેં તમને આપ્યાં છે; તેઓ તમારો ખોરાક થશે, અને પૃથ્વીનું હરેક પશુ તથા આકાશમાંનું હરેક પક્ષી તથા પૃથ્વી પર પેટે ચાલનારું હરેક પ્રાણી જેમાં જીવનનો શ્વાસ છે, તેઓને ખોરાકને સારુ મેં સર્વ લીલોતરી આપી છે; અને તેવું થયું."

પણ જળપ્રલય પછી જ ઈશ્વરે માંસાહાર કરવાની છૂટ આપી. શાકભાજી, ફળવૃક્ષો, ઈ. જળપ્રલયમાં નાશ પામ્યાં હોઈને ઈશ્વરે એ છૂટ આપી. એ પછી જ માનવો અને પશુપંખીઓ (વાઘ, સિંહ સુદ્ધાં) માંસાહાર કરતાં થયાં. ઉત્પત્તિ ૯:૩-૪માં



*વહાણનો પેન્સિલ સ્કેચ*

લખ્યું છે : "પૃથ્વી પર હરેક ચાલનાર પ્રાણી તમારે સારુ ખોરાકને માટે થશે; લીલી શાકની પેઠે મેં તમને સઘળાં આપ્યાં છે. પણ માંસ તેના જીવ સુદ્ધાં, એટલે રક્ત સુદ્ધાં ન ખાશો." માંસાહારનાં કેટલાંક માઠાં પરિણામ પણ છે. કૉલેસ્ટરોલનું પ્રમાણ લોહીમાં ઊંચું રહેવાથી લોહીનું ઊંચું દબાણ, હૃદયરોગ, ઈત્યાદિ માંસાહારને લીધે વધી ગયાં છે.



**નૂહના વહાણનો આકાર**

કેટલાંક પ્રાણીઓનાં માંસ ખાસ રોગજંતુઓને સંઘરે છે અને માંસાહારને કારણે માનવીશરીરમાં પાંગરે છે.

(૯) યુરોપ-અમેરિકાના બગીચામાં નાજુક પ્રકારના છોડવાઓને કાચનાં ઘરોમાં ઉછેરવામાં આવે છે. આ કાચઘરોમાં હવામાન સમઘાત અને એક સરખું હંમેશાં રાખવામાં આવે છે. જેથી અંદરના છોડવાઓને બહારની તીવ્ર ગરમી કે બાળી નાખનાર હિમ નુકસાન કરે નહિ. બારેમાસ યાંત્રિક કરામતથી કંટ્રોલમાં રાખેલા હવામાનને લઈને છોડવા પૂર્ણ સ્વરૂપે, ભરપૂરપણે ખીલી ઊઠે છે, અને લાંબું આયુષ્ય ભોગવે છે. એમનાં ફળફૂલ પણ વિપુલ પ્રમાણમાં થાય છે.

એમ જ જળપ્રલય અગાઉ અંતરિક્ષના પાણીનું આચ્છાદાન આ કાચઘરો જેવી જ કામગીરી સર્વ જીવો માટે બજાવતું હતું. એ સમયે આખી પૃથ્વી ઉપર આ આચ્છાદનને લીધે એક જ પ્રકારનું સમઘાત હવામાન અને તાપમાન રહેતું હતું. અતિ ઠંડી કે તીવ્ર ગરમીની સામે આ આચ્છાદન રક્ષણ બક્ષતું. આખી પૃથ્વી પર હૂંફાળું, તંદુરસ્તી અને તાજગી બક્ષતું વાતાવરણ હતું. કિરણોત્સર્ગથી આ આવરણ રક્ષણ આપતું. આમ, માનવીનું જીવન ખૂબ રક્ષિત હતું. જમીન પણ આને કારણે ફળદ્રુપ રહેતી. પણ જળપ્રલયમાં અંતરિક્ષના પાણીનું આવરણ તદ્દન કમી થવાથી એ રક્ષણ ન રહ્યું, અને માનવીની વયમર્યાદા બહુ ટૂંકી બની ગઈ.

◆

# ૧૧ જળપ્રલય અને ડાયનાસોર

## ક. બાઇબલમાં 'ડાયનાસોર' વિષે કંઈ જ નોંધ કેમ નથી ?

બાઈબલ પ્રમાણે જગતની ઉત્પત્તિનો સિદ્ધાંત સ્વીકારીએ તથા




માડાગાસ્કરનું જંગી પક્ષી

*આવાં પક્ષીઓ પણ વહાણમાં આવ્યાં હશે, કેવી રીતે આવ્યાં હશે ?*
*એમને કોણે ખબર કરી હશે ?*

પોતપોતાની જાત પ્રમાણે પ્રાણીઓ (મનુષ્ય સિવાય) ઉત્પન્ન થયાં, તો પ્રાચીનકાળનાં વિરાટકાય 'ડિનોસર" પ્રાણીઓનો કોઈ ઉલ્લેખ બાઇબલમાં મળી આવતો નથી. ડિનોસરના અવશેષો મળી આવ્યાં છે, અને એવાં પ્રાણીઓની હયાતી હકીકત બની ચૂકી છે.

બાઇબલમાં દુનિયાનાં બધાં જ પ્રાણીઓનાં નામ આપવામાં આવ્યાં નથી. આજે પણ હયાત હોય એવાં પણ કેટલાંયે પ્રાણીઓનાં નામ બાઇબલમાં નથી. એનો અર્થ એવો નથી થતો કે એવાં પ્રાણીઓને ઈશ્વરે બનાવ્યાં નહોતાં. ઉત્પત્તિ ૧:૨૦માં પાંચમા દિવસે કોઈનાંયે નામ દીધા સિવાય હરેક પ્રકારનાં જીવજંતુઓ, પક્ષીઓ, મોટાં-નાનાં માછલાંને, તથા પેટે ચાલનારાં જીવજંતુને ઉત્પન્ન કર્યાનું વર્ણન છે. અને છઠ્ઠા દિવસે (ઉત્પત્તિ ૧:૨૪-૨૫) બાકીનાં તમામ પ્રકારનાં ગ્રામ્યપશુઓ, વનપશુઓ તથા પેટે ચાલનારાંને ઉત્પન્ન કર્યાં. ત્યાં કોઈનાં નામ આપવામાં આવ્યાં નથી - હાથી, હરણ, જળબિલાડી કે ડાયનાસોર કે રીનોડોન શાર્ક માછલી, કે કોઈનાં નામ આપ્યાં નથી. એ બધાં તેમ જ ડાયનાસોર પણ ઈશ્વરે બનાવ્યાં.

જળપ્રલયના વિનાશ વખતે અને પછી ચારો (પશુપંખીનો ખોરાક) ખૂટી જવાથી અને અન્ય એવાં કારણોથી જાતજાતનાં વિશાળકાય પ્રાણીઓ નાશ પામ્યાં. જેમ આજે પણ અનેક પ્રકારનાં પ્રાણીઓ તથા પંખીઓની જાતની હયાતી નેસ્તનાબૂદ થવાનો ભય હોવાથી આજની સરકારો તેમની હયાતી ટકાવવા તથા વધારવા અનેક કાયદા ઘડે છે, અને સંરક્ષણ વ્યવસ્થાઓ ઊભી કરે છે. (દા.ત., ગિરનારના સિંહ, ફલેમિન્ગો, વિશાળકાય કાચબા, ઈત્યાદિ).

આજે પણ કેટલાંક વિશાળકાય પ્રાણીઓ ઓસ્ટ્રેલિયા ખંડમાં

અને અન્ય સ્થળોએ છે. વહેલ એ પણ એવું સસ્તન પ્રાણી જ છે ને !

## ખ. એક પ્રાગ ઐતિહાસિક પ્રાણી- ડાયનોસોરસ

વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિનાં લાખો વર્ષ સુધી જીવનસંચાર થયો ન હતો. અતિવૃષ્ટિ, વાવાઝોડાં અને ધરતીકંપોથી પૃથ્વીની સપાટીમાં ફેરફાર આવતા ગયા. છેવટે સમુદ્રમાં પ્રથમ જીવન સંચાર થયો. શરૂઆતમાં ધરતી પર જે ચિત્ર વિચિત્ર પ્રાણીઓ આવ્યાં તે વિશાળકાય હતાં. આ પ્રાણીઓમાં આજે જેના વિષે આધારભૂત સંશોધન પ્રાપ્ત થાય છે તે હતું. - ડાયનોસોરસ. વિશાળકાય ગરોળીના આકારના આ પ્રાણીના લેટીન નામનો અર્થ થાય છે, - ભયાનક ગરોળી. આજથી દોઢસો વર્ષ પહેલાં બ્રિટિશ વૈજ્ઞાનિક રીચર્ડ ઓવેને આ નામકરણ કર્યું હતું.

વિશ્વના અનેક દેશોમાંથી મળી આવેલાં એમના ફોસીલ પરથી આ પશુઓ વિષે સંશોધન થયાં છે. આ ડાયનોસોરસના પણ વિવિધ પ્રકાર હતા. - બે પગું માંસાહારી, ચૌ પગું શાકાહારી. એક એવા પ્રકારનું જે પોતાનાથી મોટા પ્રાણીનો જ શિકાર કરતું. તો એક પોસાસોરસ જે દરિયામાં તરી શકતું. સ્કોટલેન્ડના લોકનેસમાં આજે પણ એક વિશાળકાય જળચર ક્યારેક દેખાય છે. એનું રહસ્ય હજી ઉકેલાયું નથી, ઘણાં માને છે કે સંભવત ડાયનોસોરસનો જ આ કોઈ પ્રકાર હોય. જો કે ડાયનોસોરસને નાશ પામે આજે લાખો વર્ષ વીતી ગયાં છે અને આજે એના વિશાળકાય કદની કલ્પના માત્ર જ કરી શકાય.

સંશોધનકારો ડાયનોસોરસના પૂર્વજ તરીકે ઈઓરેપ્ટરને માને

છે. ગ્રીક ભાષામાં ઈઓ એટલે પ્રાતઃ કાળ. આ પશુ પૃથ્વીના શરૂઆતમાં દિવસોમાં હોવાથી આ નામ અપાયું હતું. આ પ્રકારના પશુઓમાં સૌથી ક્રૂર હતું ૪૫ ફૂટ લાંબું ટિરેનોસોરસ. કોઈ એક પ્રકારનાં પશુઓ કરતાં અમુક જાતનાં પશુઓ માટે ડાયનોસોરસ સંબોધન વપરાતું. આમાં સૌથી જૂનું હાડપિંજર દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિનામાં મળી આવ્યું છે. ત્યારબાદ વિશ્વના અનેક દેશોમાંથી ડાયનોસોરસના અવશેષો મળી આવ્યા છે. ઘણાં વર્ષો એવી માન્યતા હતી કે આ વિશાળકાય પ્રાણી બુદ્ધિહીન હતું પણ હવે નિષ્ણાતો આ સ્વીકારતા નથી. આ પ્રકારનાં અન્ય પ્રાણીઓથી વિપરિત એનું લોહી ગરમ હતું અને વિશાળકાય હોવાં છતાં પણ એ ઘણું ઝડપી હતું. માટે જ બદલાતા વાતાવરણમાં લાખો વર્ષ સુધી એ પોતાનું અસ્તિત્વ જાળવી શક્યું હતું.

બે નિષ્ણાતોએ આ પ્રાણીનો ખાસ અભ્યાસ કર્યો છે. રોબર્ટ બેકર આને પૃથ્વી પર લાંબું ટકી શકેલાં પ્રાણીઓમાં સૌથી મહત્ત્વનું ગણે છે. એ માને છે કે પ્રાણીશાસ્ત્રના ઈતિહાસમાં ધરતી પર ડાયનોસોરસ જેટલું પ્રભુત્વ બીજા કોઈ પ્રાણીએ ભોગવ્યું નથી. આમાં ગરોળી, પક્ષી અને સ્તનપાન-કરાવતાં પ્રાણીઓનું સંમિશ્રણ જોવા મળે છે. બીજો નિષ્ણાત છે જ્હોન હોર્નર જે આનાં ફોસીલ શોધવામાં પ્રવીણ હતો. એણે ડીગીંગ ડાયનોસોરસ નામનું એક પુસ્તક લખ્યું છે. એના મંતવ્ય પ્રમાણે વિશ્વના ચાળીસ ટકા ડાયનોસોરસ વિષે આપણી પાસે પૂરતી માહિતી મળી ચૂકી છે. એની દ્રષ્ટિએ સૌથી વિશાળકાય પ્રાણી દસ હાથીઓ ભેગા કરીએ તેટલું વિશાળ હતું. હોર્નર આ પ્રાણીનાં સૌથી વધારે ઈંડાં શોધવામાં પણ સફળ થયો છે.

બેકર માને છે કે બે ટન વજનનું ડાયનોસોરસ ૬૫ કિલોમીટરની ઝડપથી દોડી શકતું હતું. ફૂલોના બેડની ઉત્પત્તિને

બેકર ડાયનોસોરસની પ્રવૃત્તિ સાથે જોડે છે. પ્રથમ આ વિશાળકાય પ્રાણી ઊંચાં વૃક્ષોની ડાળીઓ જ આરોગતું હતું. પાછળથી એ વળી શકવા માંડયું એટલે મધ્યમ ઊંચાઈનાં વૃક્ષો એનો ખોરાક બન્યાં. પ્રકૃતિની પ્રતિક્રિયા રૂપે ફૂલોના નાનાં છોડ ઊગી આવ્યા જેને ખાસ નુકસાન પહોંચ્યું નહીં. બેકરના મંતવ્ય પ્રમાણે આ પ્રતિક્રિયાથી પ્રકૃતિ રંગબેરંગી ફૂલોમાં ખીલી ઊઠી અને ફૂલો એના સૌન્દર્યનાં પ્રતીક બની ગયાં.

એક સમયે રહસ્યમય મૃત્યુના કારણે આ પ્રાગ ઐતિહાસિક પશુનો નાશ થયો. આ વિનાશ કેવી રીતે થયો તે હજી રહસ્યમય છે. ભારતીય ઉપખંડમાં પણ આ પશુ વિચરતું હોય તે માનવામાં આવે છે. દક્ષિણ ભારતના પ્રદેશને ડેકન ટ્રેપ કહેવાય છે. ડચ ભાષામાં ટેપ એટલે પગથિયાં. લાવાના થર જામી જવાથી સીડીનાં પગથિયાં જેવો આકાર થઈ જતો. એક કાળે પૃથ્વી પર આ ટ્રેપ પ્રદેશમાં ભયાનક વિસ્ફોટો થયા અને જે ધૂળ ઊડી તે આકાશમાં ફેલાઈ ગઈ. સૂર્યપ્રકાશના અભાવે વનરાજી અને પ્રાણીઓનો નાશ થવા લાગ્યો. ડાયનોસોરસ પણ આ વિનાશનો શિકાર બની ગયું. બીજી બાજુ વોલ્ટર આલ્વારેઝ માને છે કે વિનાશ પૃથ્વીની સાથે એક સિતારો અથડાતાં થયો હતો.

શક્તિશાળી ધરતીકંપના લીધે આવા વિસ્ફોટો થતા રહેતા જેમાં વિશ્વનાં નેવું ટકા પ્રાણીઓ નાશ પામ્યાં. પણ આ બધામાંથી ડાયનોસોરસ એના કદના લીધે લાંબું ટકી શક્યું હતું. જ્યારે ધૂળ ઓછી થઈ ત્યારે ડાયનોસોરસનો પણ નાશ થયો. હજી પણ આના વિનાશનાં કારણો રહસ્યમય બની રહ્યાં છે. અનેક પ્રકારની અટકળો કરવામાં આવે છે પણ ચોક્કસ રીતે કહી નથી શકાતું કે એનું નામોનિશાન કેવી રીતે મટી ગયું. અમુક નિષ્ણાતો માને છે કે ડાયનોસોરસ જ્યારે બે પગે ચાલવા માંડયું ત્યારે એમાનું એક ખાસ

પ્રકારનું પ્રાણી ઊડી પણ શકતું હતું. બેકર માને છે કે ડાયનોસોરસનો સંપૂર્ણ નાશ થયો નથી. આજના પક્ષીઓ, જેમને પણ બે પગ છે, ડાયનોસોરસના વશંજ હોઈ શકે.

*બકુલ બક્ષી*

*(ગુજરાત સમાચાર ૫-૫-.૧૯૯૩માંથી સાભાર)*

◆

# ૧૨

## ક. પૃથ્વી પરથી પાણી ઓસરવા લાગ્યાં

પૃથ્વી પર દોઢસો દહાડા પછી પાણી ઓસરવા લાગ્યાં. દસમા મહિના લગી પાણી ઓસરતાં ગયાં, અને આસપાસના ભાગમાં પાણી ઓસરતાં ગયાં એ શબ્દ વારેવારે વપરાયો છે. હિબ્રૂમાં એ શબ્દો દ્વારા એક ખાસ પ્રકારની પ્રક્રિયા બતાવવામાં આવી છે. પાણીનાં ભુવારિયાં બનીને પાણી જમીનની અંદર પ્રવેશતાં હતાં. થોડાં પ્રવેશતાં જાય, વળી બહાર નીકળી જાય, અને ફરી જમીનમાં પ્રવેશતાં જાય. આ પ્રકારની પ્રક્રિયા બનવાથી ભુવારિયાંમાં કાણાં વાળા ભાગમાં થઈને ઘૂમતાં ઘૂમતાં જમીનમાં ઊતરી જાય. આમ પૃથ્વી તો પાણીથી ભરપૂર હતી, તેથી પાણીના નિકાલનો કોઈ માર્ગ નહોતો. એટલે આવાં ભુવારિયાં બનીને આવી ખાસ પ્રક્રિયા મારફતે જમીનના ખાડા હોય, તેમાં થઈને પાણી ઓછાં થવા લાગ્યાં.

જમીનમાં ખાડાઓ કે માર્ગો ક્યાંથી હોય ! પૂરની શરૂઆતમાં જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ત્યારે જમીનની નીચેનું પાણી બહાર પૃથ્વી પર આવ્યું અને આસપાસ ફેલાયું હતું. અને પૃથ્વીના પેટાળમાં ખાડાઓ અને પાણી માટે મોકળા માર્ગો બની ગયા હતા, એમાં પાણી ઊતરી ગયાં.

હું હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે વડોદરાના લક્ષ્મી વિલાસ મહેલના પાછલા ભાગમાં પાણીનું શારકામ ચાલતું હતું અને પાઈપ જ્યારે બંધબેસતી જોડાઈ ગઈ ત્યારે શરૂઆતમાં જમીનમાંથી

જોસબંધ વાયુ, વરાળ, પેટાળમાંથી નીકળતાં હતાં. પુષ્કળ વરાળ, પાણી નીકળવા લાગ્યાં તેનો અવાજ અઢી માઈલ સુધી સંભળાતો હતો. પૃથ્વીના પેટાળમાંથી આ બધું નીકળ્યું, તો અંદર જગા ખાલી થઈ હશે. તેવી રીતે જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ત્યારે જમીનમાંથી જ્વાળામુખી પર્વતો દ્વારા પાણી, વરાળ, વગેરે ધસી આવ્યું હશે અને જળપ્રલયનાં પાણીમાં વધારો થયો હશે. પરંતુ એ પાણી ઉપર આવ્યાં, તેથી નીચે ખાલી જગા થઈ હશે. અને પાણી ઓસરવા લાગ્યાં, ત્યારે ભુવારિયાં મારફતે પાણી ઓસરી ગયાં હશે.

આટલાંટિક અને પાસિફિક મહાસાગરમાં શરૂઆતે જવાળામુખી ફાટવાથી પાણી બહાર ધસી આવેલાં અને અંદર પર્વતો બની ગયેલા. આજે પણ બંને મહાસાગરોમાં ૫૦૦૦ ફૂટ ઊંચા એવા પહાડો બનેલા છે. અને એ પહાડોને લીધે ખાલી પડેલી જગામાં પાણી ઓસર્યાં.

જળપ્રલયની શરૂઆતે જવાળામુખીને લીધે મહાસાગરોમાં પાણી પૃથ્વી પર ઠલવાયાં હતાં, તે હવે પાછાં મહાસાગરોમાં પૃથ્વી પરથી પાછાં ગયાં. પૃથ્વીના પેટાળમાં નદીઓ, પ્રવાહો, મહાસાગરો આવેલા છે. એ જળપ્રલય વખતે બહાર નીકળી આવ્યાં હતાં તે હવે અંદર શોષાઈ જવા લાગ્યાં.

હું ઘોઘા ગયો હતો, ત્યારે જ્યાં કંઈ જઈએ ત્યાં જમીનની ફાટોમાંથી ધુમાડો નીકળતો હતો. આખી પૃથ્વી પર જમીનના પેટાળમાં ખાલી જગ્યાઓ છે, અને આવાં દ્રાવણો સમાયેલાં છે. પૃથ્વી પર એક જગાએ તો બહુ મોટું ડામરનું તળાવ છે. તેમાંથી આપણે ગમે તેટલાં ગેલન ડામર કાઢી લઈએ, તોપણ નીચેથી ડામર બહાર આવ્યા કરે, અને ડામરની સપાટી સરખી બની રહે છે.

જમીનની અંદર કેટલીક પીગળેલી ધાતુઓ પણ છે, ને તે પીગળેલી જ રહે છે. વળી લાવારસથી પૃથ્વીનું પેટાળ ભરેલું છે.

## ખ. પૃથ્વીના પેટાળની ભયજનક સ્થિતિ

ઉપરની પીગળેલી ધાતુઓ અને ઊકળતા લાવારસથી ખદબદતું પૃથ્વીનું પેટાળ છે. તેથી જમીન પર કોઈપણ પ્રકારનું બાંધકામ કે બંધ બાંધવા પ્રયત્ન કરીએ કે એન્જિનિયરીંગ કામકાજ કરવા પ્રયત્ન કરીએ, પણ એ બધું ભયજનક બની જાય છે. જમીનના પટ પર આવા અખતરા કરવા સામે વિજ્ઞાનીઓ લાલ ઝંડી બતાવે છે, ખતરા બતાવે છે. દા.ત. પૂનામાં જ્યારે મોટું તળાવ બાંધવાનું નક્કી કર્યું ત્યારે વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે જમીનનું અંદરનું પડ એ વજન ખમી શકશે નહિ. પૃથ્વીના પડોની સ્લેટો ડામાડોળ સ્થિતિમાં ગોઠવાયેલી છે.

એટલે જ્યારે મોટું જળાશય બાંધવામાં આવ્યું ત્યારે એકાએક ભારે મોટો ધરતીકંપ થયો અને એ તળાવ અને આસપાસની ઘણી વસ્તી અંદર ડૂબી ગઈ.

એમ જ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં જે મોટાં રેલવે એન્જિનો વાપરવામાં આવે છે, તે ગુજરાતમાં પણ ઝડપને માટે લાવવામાં આવ્યાં હતાં, પણ આની સામે વૈજ્ઞાનિકોએ જોખમો ઉચ્ચાર્યાં હતાં. એટલે એ ભારે એન્જિનો પાછાં મોકલવામાં આવ્યાં. આમ, એ પ્રયોગ બંધ કરવો પડયો.

આમ, તો ઘણા વખતથી અમદાવાદના વેપારીઓ સાબરમતી નદીને ઉલટાવી નાખવાની યોજના કરતા હતા. એટલે એનું વહેણ અને મૂળ મુખ ઊલટાં બની જાય અને એનું વહેણ બદલાઈ જાય અને સાબરમતિ નદી મારફતે અમદાવાદ ખંભાત, મુંબઈ તરફ જળમાર્ગે વેપાર કરી શકાય. આ તુક્કાની સામે પણ વિજ્ઞાનીઓએ

વિરોધ નોંધાવ્યો હતો કારણ કે ગુજરાતની નીચેનું જમીનનું પડ અને સ્લેટો વજન ઝીલી શકે તેમ નથી, અને પોચાણ વધારે છે. એટલે આખરે આ યોજના બંધ રાખવી પડી. આવી તો પૃથ્વીની નીચે બધા દેશોમાં છે. જમીનની અંદરનાં પડોની રચના જળપ્રલયને લીધે ખૂબ નબળી બની ગઈ છે. અને મહાન પ્રોજેક્ટો પૃથ્વીની નીચે બધા દેશોમાં છે. જમીનની અંદરનાં પડોની રચના જળપ્રલયને લીધે ખૂબ નબળી બની ગઈ છે. અને મહાન પ્રોજેક્ટો પૃથ્વી પર હાથ ધરી શકાય તેમ નથી. જળપ્રલયની અસરો ખૂબ ઘેરી પહોંચી છે.

નેશનલ જોગ્રોફિક મેગેઝીનમાં આ વિષે લંબાણથી સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે અને જોખમકારક સ્થિતિનું વિસ્તૃત બ્યાન કરવામાં આવે છે.

## ગ. આરારાટ પર્વત વિષે

આ પર્વત પર નૂહનું વહાણ થંભ્યું હતું, અને હજી પણ તે ત્યાં ઘરબાયેલું રહ્યું છે.

ઉત્પત્તિ ૮:૪માં લખ્યું છે કે, અને સાતમા મહિનાને સત્તરમે દહાડે વહાણ આરારાટના પહાડો પર થંભ્યું.

તૂર્કી લોકો એને અગ્રી દાઘ પર્વત કહે છે એટલે કે, વેદનાનો પર્વત. આ પર્વતને ૬૫ અલગ અલગ શિખરો છે. પર્વતનો પથારો ૫૦૦ ચોરસ માઈલના વિસ્તારનો છે.

પર્વત ૧૭૦૦૦ ફૂટ ઊંચો છે. તેની પાસે આવેલો નાનો આરારાટ ૧૧૦૦૦ ફૂટ ઊંચો છે. મોટા આરારાટ પર્વત પર ૧૭.૧/૨ ચો. માઈલના વિસ્તારમાં બરફનો પહાડ છે. ગાજવીજ, બરફવર્ષા, કરાં, એ બધું ત્યાં સામાન્ય રીતે થયા કરે છે. પહાડ



જયોર્જીના હાથમાં આરારાટનાં બે શીખરોનું ચિત્ર

પર ૧૩,૫૦૦ ફૂટની ઊંચાઈએ આ વહાણ બરફમાં ધરબાયેલું છે, તેથી વહાણનું સંશોધન કરવાનું મુશ્કેલ છે.

આ પહાડ વર્ષો જૂનો નથી, પણ હિમાલયની પેઠે ઊગતો પહાડ છે. હિમાલય પહાડ ૨૯,૦૦૦ ફૂટ ઊંચો છે. તેનું ઊંચામાં ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ ૨૯,૦૦૨ ફૂટ ઊંચું છે. હજી હિમાલય વધી રહ્યો છે. હિમાલય પરથી વહેતી નદીઓનો કાંપ મહાસાગરમાં




*નકશા પરથી જોઈ શકશો કે, આરારાટ પર્વત તુર્કીસ્તાનની સરહદ અને રશિયાની સરહદ અને સિરિયા અને ઈરાનની સરહદોમાં આવેલો છે. એટલે આરારાટની શોધખોળ કરવા આવનારાઓ પોતપોતાની દેશની સરહદોને જુદી રીતે જુએ છે. અમારા દેશોની સરહદોની જાસૂસી કરવા આવે છે તેથી આ દેશો સંશોધનની તરફ ધરી કરતી નથી, અને ઉત્તેજન આપતી નથી.*




*આરારાટ પર્વત અને મીડલ ઈસ્ટ*

*આરારાટ પર્વત અને તેની આસપાસના પ્રદેશનો નકશો*

ઠલવાય છે. તેથી તે ભાગ નીચો બેસે છે, અને હિમાલય ઊંચો થતો જાય છે.

આ પર્વત પરનો અમુક ભાગને આર્તિમિનિયન લોકો નૂહની દ્રાક્ષવાડી તરીકે ઓળખે છે. ત્યાં નૂહે દ્રાક્ષાવાડી બનાવી હતી.

આરારાટના પહાડો - એમ બહુવચન કેમ વાપર્યું છે ? આમ, તો બહુવચન છે, પણ એક જ પહાડના બે ભાગો છે. આરારાટ મોટો અને આરારાટ નાનો. આરારાટ મોટો, તેની પર વહાણ થંભ્યું.



દરિયાઈ ફોસીલ - આરારાટ પર્વત પરથી મળ્યું. ચિત્રના નીચેના ભાગમાં ટનબંધ માછલીઓના અને છીપોલીઓના છીપલાના અવશેષો



જીમ બોક (જમણી બાજુ) અને તેમનો કુર્દીશ ભોમિયો.
૧૯૭૫માં મિ. બોક આરારાટ પર્વત પર ગયા હતા, ત્યારે
ભોમિયો તેમની મદદમાં હતો. નૂહના વહાણની ફિલ્મ
તૈયાર કરવામાં મિ. બોક મદદ કરતા હતા.



*ખડકના નમકનો (મીઠું) ગાંગડો છે. તે ૧૩,૫૦૦ ફૂટ જેટલી ઊંચાઈએથી માઉન્ટ આરારાટ પર્વત પરથી મળ્યો હતો. એને તપાસતાં એ સમુદ્રનાં પાણીના નમકનો ગઠ્ઠો છે. વહાણના પાટિયા સાથે આવેલું હતું. એવા બીજા ઘણા ગાંગડા પર્વત પરથી મળી આવ્યા છે. (વહાણની સંશોધન સમિતિ તરફથી આ ચિત્રો છે.)*

## ઘ. આટલાં બધાં પ્રાણીઓ નૂહના વહાણમાંથી બરફમાં થઈને કેવી રીતે નીચે ઊતર્યા હશે?

આરારાટ પર્વતો આજે જેટલા ઊંચા છે તેટલા તે વખતે નહોતા. નાના આરારાટ પર્વત પર લાવારસના લીસા પટ્ટા છે, તેથી સહેલું પડે.

આટલાં બધાં પ્રાણીઓ, પંખીઓ, બબ્બેની જોડીમાં નૂહના વહાણમાં કેવી રીતે આવ્યાં હશે ? નૂહના છોકરાંઓને તેમની




વહાણ જે સ્થળે બરફમાં ધરબાયેલું છે, તે સ્થળ

પાછળ દોડવું પડયું હશે ? ના, પરંતુ પ્રભુ પોતે વહાણમાં આવ્યા અને કુટુંબને અને પ્રાણીઓ વગેરેને અંદર બોલાવ્યાં. પ્રભુએ તેમને બનાવ્યાં, તેથી તેમની પર તેમની અસરો પડતી હતી, અને તેમના કહ્યા પ્રમાણે તેઓ બધાં જ નૂહ અને કુટુંબ અને પ્રાણીઓ એક જ દિવસમાં વહાણમાં આવી ગયાં.

આ કેવો દેખાવ લાગ્યો હશે ! હાથી, હાથણી, સિંહ, સિંહણ - આ બધાં પ્રાણીઓ નર-માદા એક સાથે વહાણમાં જતાં હશે, તે કેવું સુંદર લાગતું હશે ! તેઓ બધાં વહાણમાં ગયાં, તે પછી ઈશ્વરે અંદરથી બારણું બંધ કર્યું ત્યારપછી સાત દિવસ પછી વરસાદ પડવો શરૂ થયો. ઉત્પત્તિ ૭:૪.

નૂહ છસો વર્ષનો થયો, ત્યારે વરસાદ શરૂ થયો.

## ચ. નૂહના વહાણની પ્રભુ ઈસુ સાથે સરખામણી

વહાણને એક બાજુ પર બારણું મૂકવામાં આવેલું હતું, તેમ પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૂખમાં ભાલો મારવામાં આવ્યો તે, પાપીઓ માટે દ્વાર સમાન છે.

નૂહનું વહાણ બચાવ માટે હતું, તેમ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સર્વ લોકોના બચાવ અર્થે છે.

નૂહના વહાણમાં બચાવ માટે આવવા લોકોને ૧૨૦ વર્ષ સુધી નૂહે બધાંને હાકલ કરીને આમંત્રણ આપ્યા કર્યું, તેમ પ્રભુ ઈસુ વર્ષોથી પોતાના સુવાર્તિકોની મારફતે લોકોના બચાવ માટે હાકલ કર્યા કરે છે.

નૂહ જ્યારે વહાણ બનાવતો હતો, ત્યારે ૧૨૦ વર્ષો સુધી લોકો તેની મશ્કરી કરતા કે વરસાદનો છાંટોય પડયો નથી, ત્યાં જળપ્રલયની વાતો કરે છે. ડોસાની ડાગળી ચસ્કી ગઈ છે ! તેમ

સુવાર્તા પ્રત્યે લોકોનું આવું જ વલણ છે. કશું જ થવાનું નથી. નકામા બીવડાવે છે. નૂહની વાત માન્ય રાખીને પ્રભુ ઈસુએ પોતાના સંદેશામાં પણ તે જણાવ્યું છે. નૂહના સમયમાં જળપ્રલય લોકોને તાણી લઈ ગયો, ત્યાં સુધી તેઓ ખાતાપીતા, પરણતા પરણાવતા હતા. એમ જ પ્રભુ ઈસુના આગમન વખતે થશે.

વહાણમાં ઉપર એક બારી મૂકવામાં આવી હતી, જેથી લોકો નાશના પાણી તરફ જોયા ન કરે, પણ ઉપર આકાશ તરફ જોયા કરે. તેમ આપણે પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાની સહાય માગીએ.

◆

# ૧૩ જળપ્રલય પછી નૂહના દીકરાઓથી થયેલી પ્રજાઓ

નૂહ અને તેના ત્રણ દીકરા (શેમ, હામ અને યાફેથ) દ્વારા નવેસરથી પૃથ્વીની સર્વ પ્રજાઓ અસ્તિત્વમાં આવી. આ કુટુંબોથી કઈ કઈ પ્રજાઓ થઈ તે નીચે બતાવ્યું છે. આ તખ્તાનો અભ્યાસ કરવા ઉત્પત્તિનો દશમો અધ્યાય વાંચી જશો તો ઘણી મદદ મળશે.

◆ **યાફેથના વંશજો (યાફેથના છ દીકરાઓમાંથી)**

| | | |
|---|---|---|
| ૧. | ગોમેર | — એમાંથી કેલ્ટ-બ્રિટાનિયા અને એમાંથી આયર્લાન્ડ, વેલ્સ, સ્કૉટલાન્ડ અને ઇંગ્લાંડની પ્રજાઓ થઈ. |
| ૨. | માગોગ | — એમાંથી સ્કૅન્ડિનેવિયન અને સિથિયન પ્રજાઓ : સ્વીડન, ડેનમાર્ક, નોર્વે, રશિયા, પોલાંડના દેશો તથા પ્રજાઓ થઈ. |
| ૩. | માદાય | — મીડિયા - માદીઓની પ્રજા થઈ. |
| ૪. | યાવાન | — ગ્રીસ અને ગ્રીક પ્રજાઓ થઈ. એમાં આયોનિયનો અને આથેન્સીઓ થયા. (એ ગ્રીકો ભારતમાં પ્રથમ આવેલા યુરોપિયનો હોવાથી આ બધા યુરોપિયનો ભારતની નજરમાં 'યવનો' ગણાતા હતા. |
| ૫. | તુબાલ | — એમાંથી પ્રુશિયા, હોલાંડ અને જર્મનીની |

પ્રજાઓ થઈ.

૬. **મેશેખ** – મૉસ્કવાઈટો, હંગેરી, ઓસ્ટ્રીયા, સ્વિત્ઝર્લાન્ડ, ફ્રાન્સ, પોર્ટુગલ અને સ્પેનની પ્રજાઓ થઈ. વળી એમાંથી જ રોમ, ઈટાલી અને રોમન પ્રજાઓ થઈ.

૭. **તિરાસ** – એમાંથી થ્રેસિયનો થયાં.

◆ **હામના વંશજો (હામના ચાર દીકરાઓમાંથી)**

૧. **કૂશ** – ઈથોપિયા (એબિસિનયા) અને બાબિલોનિયા.

૨. **મિઝરાઈમ** – મિસર (ઈજિપ્ત), લૂદીમ, અનામીમ, લહાબીમ, નાફૂતુહીમ, પાથરૂસિમ, કાસ્લુહિમ વગેરે પ્રજાઓ થઈ. તેઓ મિસર અને અરબસ્તાનમાં વસ્યા, તેમ જ આફ્રિકાના જુદા જુદા દેશોમાં.

૩. **ફૂટ** – લિબિયનો.

૪. **કનાન** – યબૂસીઓ, અમોરીઓ, ગિર્ગાશીઓ, હિવ્વીઓ, આરકીઓ, સીનીઓ, આરવાદીઓ, સમારીઓ, હમાથીઓ જેવી પ્રજાઓ.

◆ **શેમના વશંજો (શેમના પાંચ દીકરાઓમાંથી)**

૧. **એલામ** – ઈરાનીઓ, અરબસ્તાનની કેટલીક પ્રજાઓ

૨. **અશ્શૂર** – આશ્શૂરીઓ.

| | | |
|---|---|---|
| ૩. | આર્પાકશાદ | – ખાલદીઓ, હિબ્રૂઓ, મોઆબીઓ, આમ્મોનીઓ. |
| ૪. | લૂદ | – લીડિયા એસાવવંશી અદોમીઓ (એશિયામાઈનર) |
| ૫. | અરામ | – સિરિયા. |

***નોંધ :*** શેમના ત્રીજા દીકરા આર્પાકશાદને શેલાહ નામનો દીકરો થયો, અને શેલાહને હેબેર નામનો દીકરો થયો. આ હેબેરથી હિબ્રૂ પ્રજા થઈ. શેમથી આર્પાકશાદ; આર્પાકશાદથી શેલાહ; શેલાહથી હેબેર; હેબેરથી પેલેગ; પેલેગથી રેઉ; રેઉથી સરૂગ; સરૂગથી નાહોર; અને નાહોરથી તેરાહ; અને તેરાહથી અબ્રાહમ થયો.

◆



*વહાણના સંશોધકકારોમાંના એક -પાસ્ટર હેરોલ્ડ વિલિયમ્સ*

# ૧૪ 'ઈસ્વીસન' ક્યારથી શરૂ થઈ ?

ઘણા એમ માને છે કે ઈસુ ખ્રિસ્તનો જન્મ ઈ.પૂર્વે અને ઈ.સ. વચ્ચે 'શૂન્ય' દિવસે થયો, અને એ જન્મદિનથી ઈસ્વીસન શરૂ થઈ, અને તે અગાઉનો સમય તે ઈ.પૂર્વે ગણાયો એ કથન સત્ય નથી.

હા, વાત ખરી કે વિશ્વમાં ભલા ભલા મહાપુરુષો થઈ ગયા, પણ સમયની ગણતરી તેઓના કોઈના નામ સાથે જોડાયેલી નથી. મહાન એલેકઝાન્ડર, વિલ્યમ કૈસર, જુલિયસ સિન્ડર, હેનીબાલ, આટીલા, ચંગીઝખાન, નેપોલિયન, સ્ટાલિન, હિટલર, મુસોલિની વગેરે. પણ એમનાં નામ સાથે સમયની ગણતરી નોંધાઈ નથી.

હા, ભારત જેવા દેશમાં શાલિવાહન શક, વિક્રમ સંવત, અને બીજા દેશોમાં એવી નાની સમય-ગણતરી જરાતરા કોઈ નામ સાથે જોડાયેલી છે. પણ સમસ્ત વિશ્વમાં ફક્ત પ્રભુ ઈસુના નામ સાથે સમયની ગણતરી જોડાયેલી છે. જગતના ઇતિહાસનાં પૃષ્ઠો, વિજ્ઞાનની શોધખોળો, અને જગતના મહાબનાવોની તારીખો ઈસુ ખ્રિસ્તના નામ અને સમય સાથે જોડાયેલી છે.

અગાઉ દુનિયાના દેશોમાં સમયની ગણતરી અને વહેંચણીની રીતો અજમાવવામાં આવી હતી. અને એવાં અનેક પંચાગો અસ્તિત્વમાં આવ્યાં હતાં. આ પંચાગોમાં થોડું ઘણું સામ્ય હતું; પણ વિરોધાભાસો અનેક હતાં.

ઈસુ ખ્રિસ્તના જન્મ પૂર્વે ૪૬ વર્ષ અગાઉ રોમના જુલિયસ સીઝરે 'જુલિયન પંચાગ'ની વ્યવસ્થા કરી હતી. એક વર્ષ

૩૬૫$\frac{૧}{૪}$ વર્ષનું હોય એ સિદ્ધાંત પર એ રચાયું હતું. તે બિલકુલ બિનસાંપ્રદાયી કેલેન્ડર હતું. તેની સાથે કોઈ પણ ધર્મનું અનુસંધાન કે જોડાણ કરવામાં આવ્યું નહોતું. પણ પ્રભુ ઈસુના જન્મથી બધું બદલાવા માંડયું. ત્રણસો વર્ષ પછી કોન્સ્ટનટાઈન રોમનો બાદશાહ થયો, ત્યારે ખ્રિસ્તી ધર્મની અસર ખૂબ વધી ગઈ હતી. ખુદ કોન્સ્ટનટાઈને ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો, અને એનો ખૂબ પ્રચાર કર્યો. એવી દંતકથા ચાલે છે કે કોન્સ્ટનટાઈન ગાદીએ આવ્યો તે સમયે તેણે સ્વપ્નમાં એક પ્રકાશિત વધસ્તંભ જોયો. તેના પર ગ્રીક ભાષામાં લખેલું હતું કે "આ ચિહનથી તું વિજયી થઈશ."

આ સમય સુધી તે નાસ્તિક હતો, છતાં ખ્રિસ્તીઓને તે સાંખી લેતો હતો, કેમ કે તેના રાજદ્વારી પુરુષોમાં ઘણા ખ્રિસ્તી હતા. પોતે ખ્રિસ્તી થયા પછી બાદશાહ હવે તો ખુલ્લી રીતે તેમની તરફદારી કરવા લાગ્યો. વળી પોતાના રાજધ્વજ પર તેણે 'ક્રૂસ'ની નિશાની રાખી. આ ક્રૂસની સંજ્ઞા તેને વિજય પમાડશે એવી આશાથી તેણે રોમ પર ચઢાઈ કરી. અને એમ તેણે આ "મિલ્વીઅન બ્રીજ"ના યુદ્ધમાં ફતેહમંદી મેળવી. હવે તે આખા પશ્ચિમનો શહેનશાહ થયો. તેણે હવે ખ્રિસ્તી પંચાગને રાષ્ટ્રિય પંચાગ તરીકે પસાર કર્યું. સાત દિવસનું અઠવાડિયું હિબ્રૂઓના તથા બાબિલોનના સમયથી ચાલતું આવતું હતું. તે તેણે સ્વીકાર્યું, અને રવિવારને અઠવાડિયાના પ્રથમ દિવસ તરીકે જાહેર કર્યો. આ દિવસે પ્રભુ ઈસુ મૃત્યુ પર વિજય પામીને ઊઠયા હતા. એ દિવસને આરામના, પ્રાર્થનાના અને ભક્તિના દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો.

આ તો માત્ર શરૂઆત હતી. ડાયોનિસ્યસ એક્ષીગુસ નામનો વિદ્વાન બાઈબલ અને ખગોળશાસ્ત્રનો ઊંડો અભ્યાસી હતો. તેણે એવો ઠરાવ જાહેર કર્યો કે ઈતિહાસના દરેક પ્રસંગને ઈસુના જન્મથી (આગળ કે પાછળ) ગણવામાં આવે. ઈસુના જન્મ અગાઉ જે બનાવ

બન્યા હોય તેમને ઈ.પૂર્વે (B.C.) તરીકે ગણવા અને જે બનાવો પ્રભુ ઈસુના જન્મ પછી બન્યા હોય તેમને ઈસ્વીસન (A.D. એનો દોમની) ગણવા. આમ, આખું કેલેન્ડર ખ્રિસ્તની સાક્ષીરૂપ બન્યું. માર્ચ ૨૫મીના દિવસને "વધામણીનો દિવસ" ઠરાવ્યો. કુંવારી મરિયમને દૂતે વધામણી આપેલી તે દિવસે અને ડિસેમ્બર ૨૫મીને નાતાલનો દિવસ ઠરાવ્યો.

આખા ખ્રિસ્તી વિશ્વમાં સમયની આ ગણતરીને મંજૂરી મળતાં બે સૈકાં લાગ્યાં. સમય જેમ જેમ પસાર થવા લાગ્યો તેમ તેમ વધુ અને વધુ વિદ્વાનો આ વહેંચણીની નોંધ લેવા, તથા તેમના દસ્તાવેજો એ પ્રમાણે બનાવવા લાગ્યા. તેમ છતાં તેનો કાયદેસરનો સ્વીકાર થતાં સૈકાંઓ વહી ગયાં. તેરમા સૈકામાં 'ઈસ્વીસન (A.D. એનો દોમિની) શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે થવા લાગ્યો. એ પછી જ સર્વ બનાવો - પછી તે ઐતિહાસિક હોય કે રાજકીય હોય - 'ઈ.પૂર્વે' કે 'ઈસ્વીસન' તરીકે નોંધાવા લાગ્યાં.'

આ જુલિયન પંચાગમાં રહેલી ખામીને લીધે તેમાં સુધારા કરવાની જરૂર ઊભી થઈ. સમય જતાં આ પંચાગ સૌર્ય વર્ષના ખરા સમયથી આગળ નીકળી જતું જણાયું. ઈ.સ. ૧૫૮૨માં પૃથ્વીના ભ્રમણ મુજબ તે ૧૦ દિવસ આગળ નીકળી ગયું હતું. કારણ, આ જુલિયન કેલેન્ડર પ્રમાણેનું સૌર્ય વર્ષ ૩૬૫$\frac{૧}{૪}$ દિવસનું ગણાતું. પણ પૃથ્વીને સૂર્ય આસપાસ ભ્રમણ પૂરું કરતાં ખરું સૌર્ય વર્ષ ૩૬૫ દિવસ, પાંચ કલાક, ૪૮ મિનિટ, અને ૪૬ સેકન્ડનું થાય છે. આ ખગોળના સાચા સત્યને માનવી બનાવટનું કેલેન્ડર ફેરવી શકે નહિ. આકાશના ગ્રહો નિયમિત રીતે પોતાના માર્ગોમાં ફરે છે.

સૂર્યની આસપાસ પૃથ્વીનું એક ભ્રમણ એટલે એક વર્ષ (૩૬૫ દિવસ, પાંચ કલાક, ૪૮ મિનિટ, ૪૬ સેકન્ડ). પૃથ્વીની આસપાસ ચંદ્રનું એક ભ્રમણ એટલે એક માસ. અને પૃથ્વીનું એની ધરી પરનું

એક ભ્રમણ એટલે એક દિવસ.

આથી જુલિયન કેલેન્ડર તેમાં રહેલા તફાવતને લીધે ખરા સમયથી જુદું પડવા લાગ્યું હતું. તેથી મેષ સક્રાંતિ (સક્રાંતિ = ઈક્વીનોક્સ = સરખાં રાત-દિવસ) ૧૧મી માર્ચે આવવાને બદલે ૨૫મી માર્ચે આવી, આ પ્રમાણે જુલિયન પંચાગ ૧૦ દિવસ આગળ નીકળી ગયું, અને દર વર્ષે એ વધારો વધતો જ જતો હતો.

પોપ ગ્રેગરી ૧૩મો ઈસ્ટર રવિવારને માટે કોઈ મુકરર દિવસ ઠરાવવા માટે ઘણો આતુર હતો. કારણ, સંક્રાંતિથી તે વધુ અને વધુ દૂર જઈ રહ્યો હતો. મૂંઝવણ એ હતી કે આ પંચાગ તો સૂર્ય વર્ષ પ્રમાણે ગણવામાં આવે છે, જ્યારે ઈસ્ટરનો દિવસ તો ચંદ્રની ગતિ પ્રમાણે ગણવામાં આવે છે. પોપ ગ્રેગરીએ તે સમયના સૌથી સારા એવા કેટલાક વિજ્ઞાનીઓને ભેગા કર્યા. તેમાં એલોપસિયુસ લીલિઅસ, નેપ્લસનો વિદ્વાન ડોકટર તથા ખગોળશાસ્ત્રી, અને ક્રિસ્ટોફર ક્લેવિમ્યુસ - જર્મન ગણિતશાસ્ત્રી હતા. તેઓનું મુખ્ય કર્તવ્ય ઈસ્ટરની તારીખ નક્કી કરવાનું તથા વધારાના જે દશ દિવસ ભેગા થયા હતા તે પડતા મૂકવાનું હતું.

તેઓએ ભેગા મળીને 'મેષ સક્રાંતિ'ની તારીખ વસંતઋતુમાં માર્ચની ૨૧મી નક્કી કરી. એના પરથી ઈસ્ટરની તારીખ નક્કી કરવા ઠરાવ્યું. જે ગુરુવાર પછીના શુક્રવારે ૧૫મી ઓક્ટોબરે આવતી હતી, તે ગુરુવારને ૪થી ઓક્ટોબર તરીકે જાહેર કરી, અને એમ ૧૦ દિવસ કમી કર્યાં. હવે દર વર્ષે માર્ચની ૨૧મીએ મેષ સક્રાંતિ આવે તે માટે કંઈક કરવું રહ્યું. આ સિદ્ધ કરવા માટે જે સૈકું ૪૦૦થી ભાગી શકાય તેને "લીપ ઈયર" (ફાળ ભરતું વર્ષ) તરીકે ગણવું. જેમ કે ૧૬૦૦માં વર્ષને ૪૦૦થી ભાગી શકાય છે. માટે એને 'લીપ ઈયર' ગણવું. પણ જે સૈકાને ૪૦૦થી ભાગી

ન શકાય તેને 'લીપ ઈયર' ન ગણવું. જેમ કે ૧૫૦૦ કે ૧૭૦૦ને ૪૦૦થી ભાગી શકાતાં નથી, એટલે એને 'લીપ ઈયર'ન ગણી શકાય. એમ ૧૮૦૦, ૧૯૦૦ પણ 'લીપ ઈયર' ન્ન ગણાય. પણ ૨૦૦૦ને ૪૦૦ થી ભાગી શકાય છે, એટલે કે 'લીપ ઈયર" ગણાય. એના ફેબ્રુઆરીનો છેલ્લો દિવસ ૨૯ દિવસનો થાય છે.

મેષ સક્રાંતિ પછીની, એટલે માર્ચ ૨૧મી તારીખ પછીની પહેલી પૂનમ પછીનો પહેલો રવિવાર ઈસ્ટર રવિવાર તરીકે જાહેર કરવામાં આવ્યો.

આ પછી આ કેલેન્ડરને વધુ દઢ બનાવવા માટે વર્ષનો પહેલો દિવસ એટલે કે 'નવા વર્ષનો દિવસ નક્કી કરવાની જરૂર પડી, કેમ કે તે સમયમાં ઘણા દિવસો નવા વર્ષ તરીકે ઉજવવામાં આવતા હતા. જર્મની અને સ્પેનમાં નાતાલના દિવસને નવા વર્ષ તરીકે ઉજવતા હતા. આયર્લાંડમાં ફેબ્રુઆરીની ૧લીએ નવું વર્ષ ઉજવાતું. વેનીસમાં માર્ચ ૧લીએ ઉજવાતું. ફ્રાન્સ અને નેધરલેન્ડ ઈસ્ટર દિનને નવા વર્ષ તરીકે ઉજવતા. ડેનમાર્ક ઓગસ્ટમાં નવું વર્ષ ઉજવતું. લીલિયસે અને ક્લેવીઅસે જાન્યુઆરી ૧લીને નવા વર્ષ તરીકે ઠરાવ્યું. જ્યારે પૃથ્વી સૂર્યની સૌથી વધારે નજદિક હોય છે.

આવી રીતે ઈ.સ. ૧૫૮૨થી ગ્રેગોરિયન પંચાંગ ઈસુના જન્મથી માંડીને ગણાવા લાગ્યું. અને ખ્રિસ્તી ધર્મની સાથે વિશ્વના દરેક ભાગમાં પ્રવેશી ચૂક્યું. કોઈ કોઈ દેશમાં પોતાના આગવાં 'ઘરગથ્થુ' પંચાંગ હોય છે. પણ ગ્રેગોરિયન 'ઈસ્વીસન'નું કેલેન્ડર જ વિશ્વભરને એક ઘટક તરીકે બાંધી રાખે છે.

જ્યારે આ કેલેન્ડરનો સર્વત્ર અમલ થવા લાગ્યો ત્યારે ઘણાએ એનો સ્વીકાર કર્યો, અને કેટલાકે વિરોધ પણ કર્યો, સ્પેન, પોર્ટુગલ અને ઈટાલીએ તેનો એક જ દિવસમાં સ્વીકાર કર્યો. ફ્રાન્સે

મહિનાઓ પછી એનો સ્વીકાર કર્યો. એ પછી કેટલાંક જર્મન રાજ્યોએ એનો સ્વીકાર કર્યો. આખા જર્મનીને તેનો સ્વીકાર કરતાં ૧૧૮ વર્ષ થયાં, એટલે ૧૭૦૦ની સાલમાં એ સ્વીકાર થયો. ઈ.સ. ૧૬૦૦ની સાલમાં સ્કોટલેન્ડે સ્વીકાર્યું. ઈંગ્લાંડે એનો વિરોધ કર્યો. ઈંગ્લાંડ અને યુરોપને લાંબા સમય સુધી આ કેલેન્ડર સંબંધી ઝગડા ચાલ્યા હતા. આખરે ઈ.સ. ૧૭૫૧માં અર્લ ઓફ ચેસ્ટરફિલ્ડે પાર્લામેન્ટમાં આ નવું પંચાંગ સ્વીકારવાનો ખરડો મૂક્યો, ને તે પસાર થઈ ગયો.

અમેરિકાએ સ્વતંત્રતા મેળવી તે પહેલાં ૨૫ વર્ષ અગાઉ ત્યાં પણ આ કેલેન્ડર સ્વીકારાયું હતું. ઈ.સ. ૧૭૫૨માં સ્વીડને પણ એનો સ્વીકાર કર્યો. ઓગણીસમા સૈકામાં જાપાન ખ્રિસ્તી ધર્મને કારણે પશ્ચિમના દેશો તરફ વહેમભરી દષ્ટિ રાખતું હતું. ત્યાં પણ ૧૯મા સૈકામાં આ પંચાંગ પહોંચી ગયું. એટલે કે ૧૮૫૩માં એનો સ્વીકાર થયો. ચીનમાં સુન માટ રોન નામના ખ્રિસ્તી ડોકટરે માન્યુસની સામે ચળવળ શરૂ કરી હતી. અને તે ચાઈનીઝ રિપબ્લીકનો સૌથી પહેલો પ્રમુખ બન્યો હતો. તેણે ૧૯૧૨માં જે સૌથી પહેલા કાયદા કર્યા તેમાંનો એક કાયદો ખ્રિસ્તી કેલેન્ડરને માન્યતા આપવાનો હતો.

ચાર વર્ષ પછી બલ્ગેરિયાએ આ કેલેન્ડરનો સ્વીકાર કર્યો. બીજે વર્ષે રશિયામાં ક્રાન્તિની શરૂઆત થઈ. અને ઈશ્વરને મહિમા આપતી સર્વ બાબતો તજી દેવામાં આવી હોવા છતાં ઈ.સ. ૧૯૧૮માં તેઓએ ખ્રિસ્તી પંચાંગને અપનાવ્યું. તેઓ નાસ્તિકતામાં માને છે. એમ છતાં સામ્યવાદીઓ ઈસુના જન્મથી જ સમયની ગણતરી કરે છે.

પણ રશિયાએ ૧૧ વર્ષ પછી ખ્રિસ્તી કેલેન્ડરનો ત્યાગ કર્યો,

અને પોતાની આગવી રીતોના પ્રયોગો કરવા લાગ્યા. તેઓએ ઈ.સ. ૧૯૪૦ સુધી આવી ગડમથલ કરી. પણ આખરે ખ્રિસ્તી કેલેન્ડરને ફરી અપનાવ્યું.

ઈઝરાયલીઓએ (યહૂદીઓ ઈસુનો સ્વીકાર કરતા નથી છતાં) આ કેલેન્ડર અપનાવ્યું છે. ઈસુના જન્મ અગાઉના સમયને તેઓ B.C.E. ગણે છે, અને ઈસુના જન્મ બાદના સમયને C.E. (ખ્રિસ્તના સમય) તરીકે ગણે છે, આમ આડકતરી રીતે તેઓ ઈસુ ખ્રિસ્તના જન્મને સ્વીકાર્ય ગણે છે.

જો કે લગભગ ૫૦ વર્ષથી એક નવું વિશ્વ કેલેન્ડર યોજવાની ચળવળ ચાલે છે, પણ ખાસ કંઈ પરિણામ આવ્યું નથી. આપણે હાલ જે ખ્રિસ્તી પંચાગ વાપરીએ છીએ તેને અનેક જરૂરી સુધારાવધારા કરીને બહુ ચોક્કસ કેલેન્ડર યોજ્યું છે.

આપણે જોઈ ગયા કે પ્રભુ ઈસુનો જન્મ ઈ.પૂર્વે ૪માં થયો હતો (૪ B.C.) B.C. એટલે 'before Christ' (= ઈસુની અગાઉ). આ ઘણું વિચિત્ર લાગે છે, નહિ ? ઈસુના ધારેલા જન્મકાળ પહેલાં ચાર વર્ષ અગાઉ ઈસુનો જન્મ થયો હતો !

આ ભૂલ ઈ.સ. ૬ઠ્ઠી સદીમાં થઈ ગયેલા દિયોનિસ્યુસ એક્ઝીગુઅસની ભૂલ ભરેલી ગણતરીને કારણે થવા પામી. તે એમ ધારતો હતો કે હેરોદ રાજા રોમ શહેરની સ્થાપનાથી ગણતાં ૭૫૪મા વર્ષે મૃત્યુ પામ્યો. એટલે દિયોનિસ્યુસે ગણતરીમાં નોંધ્યું કે ઈસુનો જન્મ રોમ શહેરની સ્થાપનાના (A.U.C.) ૭૫૪માં વર્ષે થયો. એને દિયોનુસ્યુસે ઈ.સ. ૧ ગણ્યું. પણ પાછળથી જાણવા મળ્યું કે હેરોદ રાજાનું મૃત્યુ તો રોમ શહેરની સ્થાપનાના ૭૫૦ (A.U.C.)માં થયું હતું. એટલે દિયોનિસ્યુસે ઈસુનો જન્મ ચાર વર્ષ આગળ (A.U.C. ૭૫૦માં) ઠેલ્યો. પણ ઈસ્વીસનની ગણતરી તો

બધે ખૂબ પ્રચાર પામી હોવાથી A.U.C. ૭૫૪થી ઈસ્વીસન ૧ (ઈ.સ. પહેલું વર્ષ) ગણવાનું ચાલું રહ્યું. એમ ઈસુનો જન્મ ઈ. પૂર્વે ૪માં (A. U. C. ૭૫૦માં) ગણાયો. એમ હેરોદ રાજાનું મૃત્યુ ઈ.સ. પૂર્વે ૪માં થયું.

રોમનો સમયની ગણતરી રોમ શહેરની સ્થાપનાથી ગણતા હતા. A.U.C. એટલે "એબ અર્બે કેન્દિતા" (Ab urbe candita) = "રોમની સ્થાપના પછી !" એનો કોઠો આ પ્રમાણે દોરી શકાય.

| A.U.C. × | B.C. ×× |
|---|---|
| ૭૪૯ | ૫ |
| ૭૫૦× | ૪ |
| ૭૫૧ | ૩ |
| ૭૫૨ | ૨ |
| ૭૫૩×× | ૧ |
| ૭૫૪ | A.D. 1 ફેબ્રુ. ૯૪ |
| ૭૫૫ | A.D. 2 |

× A.U.C. 'એબ અર્બે કેન્દિતા'

× B.C. 'બીફોર ક્રાઈસ્ટ' (ઈસ્વીસન પૂર્વે)

લાટીનમાં A.C. 'આન્તે ક્રિસ્તુમ' (Ante Christum) ઈસ્વીસન પૂર્વે.

× ઈસુ જન્મનું ખરું વર્ષ (ઈ.સ. પૂર્વે)

× દિયોનિસ્યુસે ભૂલથી ગણેલું ઈસુ જન્મ વર્ષ

ફેબ્રુ. ૯૪ A.D. "એન્નો દોમિની" (Anno Domini) = "આપણા પ્રભુના વર્ષમાં"

કાલમાનવિદ્યાની ગણતરી પ્રમાણે ઇતિહાસકારો અને કાલમાનગણકો આવી રીતે ગણતરી કરે છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈ.પૂ. | ઈ.પૂ. | ઈ.પૂ. | ઈ.સ. | ઈ.સ. | ઈ.સ. |
| ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૩ |

(વચ્ચે ૦ વર્ષ નથી આવતું.)

પણ ખગોળશાસ્ત્રીઓ આગળ પાછળની ગણતરી કરવા વચ્ચે શૂન્ય (૦) વર્ષ આ પ્રમાણે ગણે છે :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઈ.પૂ. | ઈ.પૂ. | ઈ.પૂ. | શૂન્ય | ઈ.સ. | ઈ.સ. | ઈ.સ. |
| ૩ | ૨ | ૧ | ૦ | ૧ | ૨ | ૩ |

બાઇબલની જ્યારે 'ઈસ્વીસન પૂર્વ'ની ગણતરી કરીએ ત્યારે એક વાત ધ્યાનમાં રાખવાની કે બાઇબલમાં ચાલુ વર્ષ પ્રમાણે વર્ષોની ગણતરી છે, અને દરેક વર્ષના ૩૬૦ દિવસ ગણેલા છે. એ આપણે ઉત્પત્તિ ૭:૧૧ ઉપરથી જાણી શકીએ છીએ.

"નૂહના આયુષ્યના છસેંમા વર્ષના બીજા મહિનાને સત્તરમે દિવસે, તે જ દિવસે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં." કલમ ૨૪ અને દોઢસો દિવસ સુધી પૃથ્વી પર પાણીનું જોર ચાલ્યું. વળી ૮:૨૪, "અને સાતમા મહિનાને સત્તરમે દિવસે વહાણ આરારાટના પહાડો પર થંભ્યું." ખુલાસો : એમ પાંચ મહિના માટે અહીં ૧૫૦ દિવસ ગણ્યા છે, એટલે એક માસમાં ૩૦ દિવસ થયા.

આ ઉપરાંત નીચેની કેટલીક કલમોમાં એક ચોક્કસ સમયગાળા માટે આપ્યું છે :

દાનિયેલ ૧૨:૭માં 'કાળ, કાળો અને અર્ધોકાળ' (એક વર્ષ બે વર્ષ, ને અડધું વર્ષ = સાડા ત્રણ વર્ષ. એ જ ગાળા માટે પ્રકટી. ૧૨:૧૪માં 'સમય, સમયો અને અડધો સમય" (એક વર્ષ, બે

વર્ષ ને અડધું વર્ષ) એટલે સાડા ત્રણ વર્ષ થયાં. વળી પ્રકટી. ૧૨:૬માં એ જ ગાળા માટે ૧૨૬૦ દિવસ આપ્યા છે, એટલે એ પણ સાડા ત્રણ વર્ષ થયાં. વળી પ્રકટી. ૧૩:૫માં બેંતાલીસ મહિના એ જ ગાળા માટે આપ્યા છે. એમ, આ ચારે માપ પરથી એક ચોક્કસ ખુલાસો સ્પષ્ટ થાય છે કે એક વર્ષમાં બાર મહિના, અને પ્રત્યેક મહિનામાં ૩૦ દિવસ હતા.

એટલે બાઈબલનાં, ખાસ કરીને જૂના કરારનાં વર્ષો ઉપરથી સૌર્ય વર્ષો કરવાનાં હોય ત્યારે નીચેની વાત ધ્યાનમાં લેવી જરૂરી ગણાય.

પ્રથમ તો દર ચાર સૌર્ય વર્ષ લેખે એક 'લીપ વર્ષ' યા 'પ્લુત વર્ષ'નો એક દિવસ ઓછો કરવો પડે.

આપણા સૌર્ય વર્ષના ૩૬૫ ૧/૪ દિવસ ગણીએ છીએ, અને માનીએ છીએ કે પૃથ્વીને સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરવામાં ૩૬૫ ૧/૪ દિવસ થાય છે. પણ એ સંપૂર્ણ સત્ય નથી. પૃથ્વીને સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરવામાં ૩૬૫ ૧/૪ દિવસ કરતાં ૧૧ મિનિટ અને ૧૦:૪૬ સેકન્ડ ઓછી લાગે છે. (એટલે કે એક દિવસનો એકસો ઓગણત્રીસમો ભાગ અથવા ૦.૧૨૯ દિવસ ઓછો થાય છે.) એટલે દર વર્ષે ૧૧ મિનિટ અને ૧૦.૪૬ સેકન્ડ ઓછી કરવાને બદલે દર ૧૨૯ વર્ષે એક દિવસ કેલેન્ડરમાંથી ઓછો કે વત્તો કરવામાં આવે છે.

પણ આપણે ઈસ્વીસન પૂર્વે માટે ગણવાનું હોય ત્યારે દર ૧૨૯ વર્ષે કેલેન્ડરમાં એક દિવસ ઉમેરવો પડે.

વળી આપણે આગળ જોઈ ગયા તેમ, ઈ.સ. થી પૂર્વે તરફ ગણતાં (કે એથી ઊલટી દિશામાં ગણવા માટે પણ) એક વર્ષ ઓછું કરવાનું હોય છે. ગણિતની દષ્ટિએ ઈ.પૂર્વે ૧ની અને ઈ.સ. ૧ની

વચ્ચે શૂન્ય સમય આવે, એટલે ગણિતની દૃષ્ટિએ કે ઇતિહાસની ગણતરીમાં વાસ્તવિકમાં એ માત્ર એક જ વર્ષ ગણાય છે, - બે વર્ષ નહિ. ઈ.પૂર્વે ૧ તો ખરી રીતે ઈ.પૂર્વે ૦ (શૂન્ય) ગણાય, અને ગણિતનું ઈ.પૂર્વે ૨ તે ઈ.પૂર્વે ૧ ગણાય. ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમિકલ)ની ગણતરીમાં ઈ.પૂર્વે ૪ તે ૩ ગણાય છે.

◆



**વહાણના એક સંશોધક - વિસ્કાઉન્ટ જેમ્સ બ્રાઈસ**

# ૧૫ પૃથ્વીની ઉંમર કેટલી ?

વિજ્ઞાનના એક પુસ્તકમાં આ પ્રમાણેનું લખાણ હતું કે : "પ્રથમ તો ભૂસ્તરવિદ્યાએ સાબિત કરી આપ્યું છે કે, પૃથ્વી થોડાં હજાર નહિ પણ લાખો વર્ષથી પેદા થઈ હતી. ઘણા ખ્રિસ્તીઓ બાઈબલ ભૂલરહિત છે એ માન્યતાને વળગી રહેવું જોઈએ એમ માનતા હોઈ પૃથ્વી ઈ.સ. પૂર્વે ૪૦૦૪ના વર્ષમાં ઉત્પન્ન કરાઈ હતી. તે વાતને વળગી રહેવું ઈષ્ટ ગણતા હતા." તો આમાં શું સત્ય છે ?

ઉપર જણાવેલા પુસ્તકની વાત બિલકુલ સાચી નથી. ભૂસ્તરવિદ્યાએ, પુસ્તકે જણાવ્યું એવું કશું જ સાબિત કરી આપ્યું નથી. ઉત્ક્રાંતિ મતવાળા એમ કહ્યા કરે છે કે પૃથ્વીની ઉંમર કરોડો વર્ષની છે. કેટલાંક તો અબજો વર્ષોની ગણે છે. પણ પૃથ્વીની હયાતી ૬૦૦૦ વર્ષ કરતાં વધુ હોઈ શકે નહિ. કેટલાક વિજ્ઞાનીઓ (ખાસ કરીને ઉત્ક્રાંતિવાદી વિજ્ઞાનીઓ) એમ કહે છે કે પૃથ્વી કરોડો વર્ષ જૂની છે. પણ એને માટે તેઓ કોઈ સાબિતી આપી શકતા નથી. પોટેશિયમ-આર્ગોન, સ્ટ્રોનરિયમ-રુબિડિયમ, થોરિયમ-લેડ, વગેરે માપણીનાં સાધન પ્રમાણિત સાધનો નથી. વળી ભૂપડની રચના, પહાડોની રચના, અશ્મિઓ વગેરે પણ એ જ દર્શાવે છે કે, પૃથ્વી કેટલાક વિજ્ઞાનીઓ કહે છે તેટલી જૂની નથી, પણ ૬૦૦૦ વર્ષની આસપાસ જેટલી જૂની છે. બિશપ અશરની ગણતરી પ્રમાણે પૃથ્વીની શરૂઆત ઈ.પૂર્વે ૪૦૦૪માં થઈ, એટલે કે પ્રભુ ઈસુના આવ્યા અગાઉ ૪૦ સૈકાં ઉપર પૃથ્વીનું સર્જન થયું.

ફક્ત બિશપ જેમ્સ અશરે જ નહિ, પણ માર્ટિન એન્સ્ટે; સર રોબર્ટ એન્ડરસન, ક્લેરેન્સ લાર્કીન, હેનરી હેલી, ચાર્લ્સ ફ્રેડ લિંકન, મેરીલ અંગર, એડવિન થેઈલ, જોન વ્હીટકોબ્સ, ડોનાલ્ડ વેઈટ, ફ્રેન્ક આર. ક્લાસન અને એડવર્ડ રીઝ એમ ઘણા બધાએ બાઈબલની કાલમાન ગણતરી કરી છે. એ બધાની ગણતરી લગભગ સરખી છે.

વિજ્ઞાનીઓ ભલે કહેતા હોય કે પૃથ્વી કરોડો વર્ષ જૂની છે, અને માણસજાતની હયાતી પૃથ્વી પર લાખો વર્ષોથી છે. પરંતુ બાઈબલની વાત સાચી છે કે પૃથ્વી તેમ જ માણસજાત ૬000 વર્ષથી વધુ જૂની નથી. વિજ્ઞાનીઓ 'કાર્બન ૧૪' અને એવાં બીજાં માપ દ્વારા માપીને, અને સમુદ્રો આજના જેટલા ખારા કેટલા સમયમાં બન્યા તેની ગણતરી કાઢીને પૃથ્વીની હયાતીનાં કરોડો વર્ષ આંકે છે. પણ એ બધી માપણીઓ ખામી ભરેલી છે, અને ભ્રામક સિદ્ધાંતો પર રચાયેલી છે. આ ભૂલભરેલો અને ભ્રામક સિદ્ધાંત છે : પૃથ્વી કરોડોનાં કરોડો વર્ષોથી એક જ ધારી રીતે ચાલતી આવી છે, અને એની કાર્યકરણોની બધી પ્રક્રિયાઓ કરોડો વર્ષ પર ચાલતી હતી એમ જ, - એ ગતિએ અને ઢબે ચાલ્યા જ કરે છે.

દાખલા તરીકે વિજ્ઞાનીઓ માને છે કે, પૃથ્વીના તમામ મહાસાગરોના પાણીમાં કુલ નમકનો કેટલો જથ્થો હાલ છે, અને પ્રતિ વર્ષે નદીઓ નમકનો કેટલો જથ્થો સમુદ્રમાં ઠાલવે છે, એના ભાગાકાર દ્વારા જાણી શકાય કે એ મહાસાગરોને આજના જેટલા ખારા બનતાં કેટલાં વર્ષ લાગ્યાં હશે. હવે નદીઓ દર એકસો વર્ષે મહાસાગરોની ખારાશમાં એના કુલ જથ્થાનો ૧/૧000000 ટકાનો (એક ટકાનો દશ લાખમાં ભાગનો) ઉમેરો કરે છે. અને એ દર મુજબ મહાસાગરોને અત્યારના જેટલા ખારા બનતાં ૩00

કરોડ વર્ષ લાગે, એટલે ૩૦૦ કરોડ વર્ષ જૂની છે, એવું ઉત્ક્રાંતિવાદીઓ માને છે. પરંતુ બાઈબલનું કથન સત્ય છે કે ઈશ્વરે સૃજનકાળે (આજથી ૬૦૦૦ વર્ષ ઉપર) સાગરો બનાવ્યા ત્યારથી જ તેમને આ પ્રમાણે ખારા બનાવ્યા છે.

ઈશ્વરે આદમને બનાવ્યો ત્યારે તેને કાંઈ એક દિવસનો બાબો કે એક દિવસનો બાળક નહોતો બનાવ્યો, પણ પચીસ-ત્રીસ વર્ષનો ભરજુવાન બનાવ્યો હશે ! એટલે જ આ જુવાન આદમ પ્રાણીઓનાં નામ પાડી શક્યો (ઉત્પત્તિ ૨:૧૯), અને હવા સાથે દાંપત્યજીવન ગાળી શક્યો. આમ તો ઈશ્વરે તેને એક જ દિવસમાં બનાવ્યો, છતાં પચીસ-ત્રીસ વર્ષનો બનાવ્યો. એનો અર્થ એ થયો કે આદમ પૃથ્વી પર પહેલા જ સાબ્બાથવારે (સાતમે દિવસે) માત્ર એક જ દિવસ જેટલો જૂનો થયો હતો. પણ તેના શરીરની ખિલવટ ૨૫-૩૦ વર્ષની હતી. જાણે કે ગર્ભાધાનથી માંડીને જન્મ પછી ૨૫-૩૦ વર્ષ વટાવ્યાં હોય એવો પુખ્ત વયનો તેને એક જ દિવસમાં બનાવ્યો.

એ જ પ્રમાણે આખી પૃથ્વી, એની વનસ્પતિ, ખનિજ, પ્રાણીઓ, અને બધું છ દિવસમાં બનાવ્યું ખરું, છતાં જાણે કે કરોડો વર્ષો વટાવીને એ બધું આવ્યું હોય તેવું તૈયાર છ જ દિવસમાં બનાવ્યું. પૃથ્વીના પેટાળનો કોલસો લો. જાણે કે કરોડો વર્ષથી ઝાડોનાં જંગલો દટાયાં, અને કાળાંતરે એમનો કોલસો બન્યો, એવું એ કોલસાને જોઈને લાગે. પણ ઈશ્વરે તો જાણે કે એ કોલસો હજાર વર્ષોની પ્રક્રિયામાંથી પસાર થઈને આવ્યો હોય તેવો એક જ દિવસમાં બનાવ્યો ! એવું જ પેટ્રોલનું અને તમામ ચીજોનું.

બિશપ અશરે અને બીજા કેટલાકે બાઈબલના કાળમાનની કેટલીક ગણતરીઓ આપી છે. અને એ ગણતરીઓ સાચી છે.

તેઓએ બાઈબલનાં મનુષ્યકુળોની બાઈબલમાં આપવામાં આવેલી ઉંમર અને તેમના પુત્રના જન્મ વખતે આપેલી ઉંમર કેટલી હતી (જેમ કે ઉત્પત્તિ પાંચમો અધ્યાય) એ બધું ગણીને કાળમાનની ગણતરી ગણી હતી. બિશપ અશરની ગણતરી પ્રમાણે આદમની ઉત્પત્તિ ઈ.પૂર્વે ૪૦૦૪માં થઈ એટલે કે માણસજાત છેલ્લાં ૬૦૦૦ વર્ષથી પૃથ્વી પર છે. (પ્રભુ ઈસુથી માંડીને આજ સુધીનાં ૨૦૦૦ વર્ષ અને પૂર્વેનાં ૪૦૦૦ વર્ષ મળીને ૬૦૦૦ વર્ષ થાય.)

વળી બિશપ અશરની ગણતરી પ્રમાણે હારાનમાં લાબાનને ત્યાં યાકોબનું લગ્ન થયું. તે ઈ. પૂર્વે ૧૭૬૦ની સાલ હતી. ત્યારથી યહૂદીઓની વસ્તીની શરૂઆત થઈ ગણાય. યાકોબના બાર દીકરાઓ યહૂદીઓના ગોત્રપતિઓ થયા ત્યારથી યહૂદીઓની વસ્તીની શરૂઆત થઈ ગણાય. હિટલરે સાઠ લાખ યહૂદીઓનો એકસામટો સંહાર કર્યો ત્યાર પહેલાં ઈ.સ. ૧૯૩૦માં દુનિયાભરના યહૂદીઓની કુલ વસ્તી એક કરોડ અને સાઠ લાખની યહૂદીઓની કુલ વસ્તી થઈ. એની ગણતરી કરીએ તો ઈ.પૂર્વે ૧૭૬૦થી (યાકોબના સમયથી) ઈ.સ. ૧૯૩૦ સુધીમાં યહૂદી લોકોની વસ્તી ૨૪ વખત બેવડાતી ગઈ (૨$^{૨૪}$). એમ ૨૪ વખત બેવડાતાં ઈ.સ. ૧૯૩૦માં એમની વસ્તી એક કરોડ સાઠ લાખ થઈ. એમની વસ્તી કેટલાં વર્ષે બેવડાઈ એનો દર કાઢવા માટે નીચે પ્રમાણે કંઈક દાખલો ગણવો પડે.

ઈ.પૂર્વે ૧૭૬૦થી (યાકોબના લગ્નનું વર્ષ) ઈ.સ. ૧૯૩૫ (હિટલરે યહૂદીઓનો સંહાર કર્યો) ત્યાં સુધી ૩૬૯૫ વર્ષો થયાં. અને ૨૪ વડે ભાગો તો ૧૫૪ જવાબ આવે. એટલે કે પ્રત્યેક ૧૫૪ વર્ષે યહૂદીઓની વસ્તી બેવડાતી ગઈ. અને કુલ ૨૪ વખત બેવડાઈ.




અને પૃથ્વી ઉપર યહૂદીઓની વસતી આજે બરાબર એટલી જ છે, એટલે કે એક કરોડ સાઠ લાખની છે. હિટલરે ૬૦ લાખ યહૂદીઓનો સંહાર કર્યો એ પછી આજ સુધી ૬૦ લાખ વધ્યા.

આપણે યહૂદીઓની વસ્તીની એ ગણતરી કરી તે પ્રમાણે જ આખી દુનિયાની આજની કુલ વસ્તી ગણી જોઈએ. અને તેનો બેવડાવાનો આંક તથા ગતિ કેટલાં આવે તે ગણી કાઢીએ. આજે દુનિયાની કુલ વસ્તી ૪ અબજ ૨૦ કરોડ

(૪,૨૦,૦૦,૦૦,૦૦૦)ની છે. જળપ્રલય ઈ.પૂર્વે ૨૩૫૮માં થયો. ત્યારથી માંડીને આજ સુધી (જળપ્રલયથી પ્રભુ ઈસુ સુધીમાં ૨૩૫૮ વર્ષો, ઈ.સ. ૧૯૯૨નાં ૧૯૯૨ વર્ષ) ૪૩૫૦ વર્ષ થયાં.

જળપ્રલય પછી આઠ માણસો (એટલે કે ચાર જોડાં) બચ્યાં હતાં. નૂહ અને તેની પત્ની, અને તેમના દીકરા શેમ, હામ, યાફેત અને તેમની પત્નીઓ, તેઓ દ્વારા જળપ્રલય પછીની આજ સુધીની વસ્તી થઈ. આમ સાઠ જણમાંથી આટલી બધી સંખ્યા થતાં વસ્તી લગભગ ૨૯ વાર બેવડાઈ. (કેલક્યુલેટર દ્વારા આ ગણતરીની મેં પાકી ચકાસણી અનેકવાર કરી છે. અને આ ગણતરી નિઃશક સત્ય ઠરી છે.) ઉપર જણાવેલા જળપ્રલયથી આજ સુધીમાં ૩૪૫૦ વર્ષને ૨૯ વડે ભાગો તો ૧૫૦ આવે. એનો ઉપર પ્રમાણે જ અર્થ થયો કે ૧૫૦ વર્ષે માનવી-વસ્તી બેવડાતી ગઈ ! ત્યારે જ ૧૯૯૨માં દુનિયાની વસ્તી ૪ અબજ, ૨૯ કરોડ ઉપર છે. (ઈ.સ. ૧૭૫૦માં ફક્ત ૭૦ થી ૭૫ કરોડ હતી).

યહૂદીઓની ગણતરીમાં દર ૧૫૪ વર્ષે વસ્તી બેવડાયેલી આપણે જોઈ, જ્યારે આ પૃથ્વીની વસ્તીની ગણતરીમાં દર ૧૫૦ વર્ષે બેવડાતી જોઈ. એ તફાવત માત્ર આભાસ છે. સાચો નથી, કારણ, છેલ્લાં ૪૦ વર્ષથી પૃથ્વીની વસ્તીમાં અગાઉ કદી ન થયો હોય તેવો ભયંકર ઝડપી વધારો થઈ રહ્યો છે. અને હાલમાં તો પૃથ્વીની વસ્તીમાં દરરોજનો બે લાખનો વધારો થઈ રહ્યો છે. એ બધાંને લઈને આ સાધારણ તફાવત દેખાય છે. બીજું કે યહૂદીઓની વસ્તીની ગણતરી તો આપણે ૧૯૩૦ સુધીની જ લીધી હતી, જ્યારે પૃથ્વીની વસ્તીની ગણતરી ૧૯૯૨ સુધીની લીધી છે.

બાઈબલમાં જણાવેલા માનવ ઈતિહાસ પ્રમાણે ગણતરી કરતાં આજની વસ્તીના આંકડા કેટલા બધા ચોક્કસ પુરવાર થાય છે !

અને બતાવે છે કે પૃથ્વી પર માણસની હયાતી આદમથી માંડીને આજ સુધી ૬૦૦૦ વર્ષ કરતાં વધુ ન હોઈ શકે. અથવા જળપ્રલયથી આજ સુધી આશરે ૪૫૦૦ (લગભગ ૪૩૫૦) વર્ષ થયાં છે.

પરંતુ વિજ્ઞાનીઓના ઉત્ક્રાન્તિવાદ પ્રમાણે માણસ પૃથ્વી પર લાખો વર્ષોથી હયાત છે એમ માની લઈએ, તો ત્યારથી માંડીને આજ સુધી માણસની વસ્તી હજારો વાર બેવડાઈ હોત. અને મનુષ્યની હાલની વસ્તી અબજો ગણ્યા અબજોની થઈ હોત. પણ આજની દુનિયાની વસતી ઉત્ક્રાન્તિવાદી વિજ્ઞાનીઓની વાતને તોડી પાડે છે, અને બાઈબલના ઈતિહાસને સાચો ઠરાવે છે. અરે, ઉત્ક્રાન્તિવાદીઓની માન્યતાની સહાનુભૂતિ દર્શાવવા પૂરતુંય આપણે માનવીની વસ્તીની હયાતી માત્ર ૫૦,૦૦૦ વર્ષથી જ છે એમ માની લઈએ, તોપણ તેટલાં વર્ષો પ્રમાણે આજ સુધીમાં માનવ વસ્તી ૨૯૪ બાર બેવડાઈ હોત, અને એટલી બધી વસ્તી પૃથ્વી પર હોત કે, અવકાશમાં માઈલો સુધી માણસોના એકબીજાની ઉપર ખડકલા ખડકાયેલા હોત ! આ પરથી સમજી શકાય છે કે માનવ-હયાતીનાં એટલાં બધાં, એટલે કે ૫૦,૦૦૦ વર્ષ, સંભવી શકે નહિ - અરે ૧૦,૦૦૦ પણ નહિ.

આંગળીના વેઢે ગણી શકાય એવા દુનિયાના મહાવિજ્ઞાનીઓમાં સર આઈઝેક ન્યૂટનનું નામ મોખરે આવે છે. એ મહાવિજ્ઞાનીએ બાઈબલની કાલમાનની ગણતરીઓ પોતાની આગવી રીતે ગણી કાઢી હતી, અને બિશપ અશરની ગણતરીને અનુમોદન આપ્યું હતું, અને ખગોળશાસ્ત્રની ગણતરીઓ કોઈ રીતે એની વિરુદ્ધ નથી એમ પણ દર્શાવ્યું હતું. એ પછીની ત્રણ સદીઓની કોઈપણ શોધખોળ આ હકીકતમાં ફેરફાર કરી શકી નથી.

Discovery of a frozen mammoth




બરફમાં ધરબાયેલાં મહાકાય પ્રાણીઓમાંનું એક પ્રાણી



ખસતી મોટી હિમશીલા અને વહાણ ધરબાયેલું મનાય છે, તે સ્થળનાં ચિત્રો

સમય-માપણીમાં જેણે સતત ૩૦ વર્ષ ગાળ્યાં છે એવા મોટા અને આગળ પડતા વિજ્ઞાની ડો. હેનરી મોરીસ અને ડો. ડેનિસ બી. ગ્રોવર D.Sc., Ph.D.; F.R.I.C., આર્થર સી. કસ્ટાન્સ, અને એવા બીજા કંઈક વિજ્ઞાનીઓનું ભારપૂર્વક કહેવું છે કે આપણી પૃથ્વી અને માનવજાત છ-સાત હજાર વર્ષ કરતાં વધારે પુરાણી નથી. અને આ તો ફક્ત એક કુટુંબની એટલે એક પતિ-પત્નીથી થયેલી વસતીની ગણતરી આપી ! પણ ઉત્ક્રાન્તિવાદ પ્રમાણે બીજાં મનુષ્યો પણ ઉત્ક્રાંતિના ક્રમમાં વાંદરામાંથી બન્યા હશે ને ? (ઉત્ક્રાન્તિવાદની રજુઆત પ્રમાણે). તો એ બધાં મનુષ્યોથી થયેલી વસ્તીને ૨૯૪ વાર બેવડાવીએ તો આજે તો અદ્ધર આકાશમાં ૩૦-૩૫ માઈલ સુધી માણસોના ખડકલા જ હોત ને !

અને આ તો ફક્ત માનવજાતની વૃદ્ધિની વાત થઈ ! પણ આજે પૃથ્વી પર ૩૫૦૦ જાતનાં સસ્તન પ્રાણીઓ છે. ૩૦,૦૦૦ જાતની માછલીઓ, ૮૬૦૦ જાતનાં પક્ષીઓ છે; અને ૯૫૦૦ પ્રકારનાં સર્પ, ગરોળી વગેરે પેટે ચાલનારાં તેમ જ (જમીન અને પાણી બંને પર રહેનાર-ફરનાર ઉભયચરીઓ છે. એમાંના કેટલાંકની વંશવૃદ્ધિ અતિ ઝડપી અને જથ્થાબંધ હોય છે, - જેમ કે ઘરમાખી, ભૂંડણ, વગેરે. જો એ એ બધાં માત્ર ૫૦,૦૦૦ વર્ષથી વૃદ્ધિ પામતાં જતાં હોત તો ! માણસોને પૃથ્વી પર રહેવાની જગા જ ન હોત ! એટલે પૃથ્વી ૬૦૦૦ વર્ષથી જ છે, એ જ વાત વિજ્ઞાનની દ્રષ્ટિએ બરાબર છે.

વિજ્ઞાનના બીજા કેટલાક નિયમો, દાખલા તરીકે, થર્મોડાયનામિકના બંને નિયમો, એ બધા ૬૦૦૦ વર્ષની તરફેણમાં છે. આ બધું સિદ્ધ કરે છે કે પેલા પુસ્તકની રજૂઆત અસત્ય છે; અને પૃથ્વી ૬૦૦૦ વર્ષ કરતાં વધારે જૂની નથી.



બરફથી છવાયેલા વિસ્તારમાં વહાણ ધરબાયેલું છે, એમ માનવામાં આવે છે. ચિત્રમાં દર્શાવેલા તીર આગળ ૫૦ ટન જેટલું ઈમારતી લાકડું મિ. નાવારાએ જોયું હતું. ચિત્રની પશ્ચાદભૂમિકામાં ખસતી હિમશીલા છે.



ઈન્ફ્રારેડ (અધોરક્ત કિરણો) ફોટોગ્રાફી - આરારાટ પર્વત પર ૩૫૦ માઈલની ઊંચાઈએથી લેવાયેલું ચિત્ર. ચિત્રમાં વર્તુળ દર્શાવવામાં આવ્યું છે ત્યાં વહાણ ઘરબાયેલું છે. ઘાટા કાળા ભાગમાં ખસતી હિમશીલા આવેલી છે.

## ૧૯ ભારતની જળપ્રલયની વાત *પ્રલયતારિણી નૌકા*

**શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ**

પ્રલયતારિણી નૌકાની કથા શ્રીમદ્દ્ભાગવતના અષ્ટમ સ્કંધના ૨૪મા અધ્યાયમાં અને મત્સ્યાદિ અન્ય પુરાણોમાં એક જ રીતે વર્ણવેલી છે.

દશાવતારમાં ભગવાનનો પહેલો અવતાર મત્સ્યાવતાર છે. એ અવતારનું રહસ્ય વેદોના ઉદ્ધાર અને પ્રલયમાંથી ઋષિઓ, માનવો અને ધાન્યનાં બીજોનું રક્ષણ કરવાનું વર્ણન કરવામાં સમાયેલું છે. શ્રીમદ્દ્ભાગવતના કથાનક પ્રમાણે બ્રહ્માને ગાઢ નિદ્રા આવી ગઈ. દૈત્યોનો રાજા હયગ્રીવ એમની પાસેથી વેદોનું હરણ કરી ગયો. એને પાછા લાવવા અને અલ્પ સમયમાં આવી રહેલા પ્રલયમાંથી ઋષિમુનિઓ સહિત રાજા સત્યવ્રતની રક્ષા કરવા ભગવાને મત્સ્યાવતાર ધારણ કર્યો હતો.

એ રાજા મહાકલ્પમાં સૂર્યના પુત્ર શ્રાદ્ધદેવના નામથી પણ પ્રખ્યાત છે અને વર્તમાન યુગનો મનુ છે. પ્રલયના આગમન સમયે એ દ્રવિડ દેશનો રાજા હતો અને કૃતમાલા નદીને કિનારે તપ કરતો હતો. એક દિવસ એ કૃતમાલા નદીમાં પાણીથી તર્પણ કરતો હતો ત્યારે એની અંજલિમાં એક માછલી આવી ગઈ. રાજા આ માછલીને પોતાના કમંડળમાં નાખી આશ્રમમાં લઈ આવ્યો. પ્રભાતમાં જોયું તો માછલી મહામત્સ્ય બની ગઈ હતી. રાજા એને સાગરના જળમાં પધરાવી આવ્યો, ત્યારે આ મહામત્સ્યે મનુષ્ય જેવી વાણીમાં રાજાને કહ્યું, આ સ્થાન મારે માટે નિર્ભય નથી. માટે મારી રક્ષાનો યોગ્ય પ્રબંધ કર.

રાજા મત્સ્યની મનુષ્ય જેવી વાણી સાંભળી આશ્ચર્ય પામ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો. આપ કોઈ સામાન્ય જલચર નથી પણ કોઈ અવિનાશી દેવ છો. હું તો શ્રીહરિનો ભક્ત છું. કદાચ આ સ્વરૂપે આપ મને દર્શન આપવા આવ્યા હશો. કૃપા કરી આપનું સત્ય સ્વરૂપ સમજાવો.

રાજાનાં દીન વચન સાંભળી મહામત્સ્યે કહ્યું : "બ્રહ્મા નિદ્રાધીન છે. અસુરો વેદો હરી ગયા છે ને આજથી સાતમે દિવસે ભુર્લોક -ભુવર્લોક વગેરે લોકો પ્રલયના ઊમટેલા સાગરમાં ડૂબી જશે. એ વખતે મારી પ્રેરેલી એક મહાનૌકા આવશે. એ વખતે તું સપ્તર્ષિઓ, માનવો, ધાન્યનાં બીજો, પશુઓ અને પક્ષીઓ સાથે એ નૌકામાં બેસી જજે. વાસુકિ નાગનું નેતરું બનાવજે. એ નૌકાને હું પ્રલયના ઘોર સાગરમાંથી સુરક્ષિત સ્થળે લઈ જઈશ અને બ્રહ્માની રાત્રિ પૂરી થતાં સુધી પ્રલયના પૂરથી તમારી રક્ષા કરીશ.' મત્સ્યસ્વરૂપમાં રહેલા અવિનાશી અચ્યુતે એ પ્રમાણે રાજાને ચેતવણી આપી અને પોતે અંતર્ધાન થઈ ગયા.

છ દિવસ પૂરા થયા બાદ રાજાના આશ્ચર્ય વચ્ચે બારે મેઘો તૂટી પડયા. સમુદ્રનાં જળ ચોમેર પ્રસરી ગયાં. રાજા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો ત્યાં જ એણે સામેથી આવતી નૌકા જોઈ. મત્સ્યસ્વરૂપે ભગવાને આપેલી ચેતવણી પ્રમાણે રાજા, ઋષિઓ, માનવો, પશુપક્ષીઓ, ધાન્યનાં બીજો વગેરે સાથે એ નૌકામાં બેસી ગયો. મહામત્સ્યે પ્રકટ થઈ, પ્રલયસાગરમાં આ નૌકા ખેંચવા માંડી.

રાજા અને મત્સ્ય સાથે થયેલી રહસ્યમય અને ઐતિહાસિક વાતોનો ગ્રંથ એ મત્સ્યપુરાણ નામે પ્રસિદ્ધ છે. જુદાં જુદાં પુરાણોમાં આની આ વાત અનેકરૂપે કહેવાઈ છે છતાં બધાનો સાર એક જ છે.

કરી ગયો હશે.

બ્રહ્માની નિદ્રા, અસુરોનું વેદોને હરી જવું આ બધાં રૂપકો પણ એક જ વાતનું સૂચન કરે છે કે પ્રલય આવવાનો હોય, ત્યારે આસુરી વૃત્તિઓનું પ્રાબલ્ય જોવામાં આવે છે. જ્ઞાન લુપ્ત થાય છે. સૃષ્ટિના ઉત્પન્નકર્તા સુષુપ્ત દશામાં હોય છે. માત્ર અનંત કોટિ યુગનું ધારણ કરનારા અનંત ચૈતન્યસ્વરૂપ પરમાત્મા જ જાગ્રત હોય છે.

આ કથાનું વિશેષ મહત્ત્વ એ છે કે બધી પ્રજાઓએ, બધા ધર્મગ્રંથોએ એનો એક જ સ્વરૂપમાં સ્વીકાર કર્યો છે.

રાજા સત્યવ્રત પણ પ્રભુનો પરમભક્ત હતો અને બાઈબલનો નોહા કે ઈસ્લામનો નૂહ પણ પ્રભુભક્ત હતો. આવા એક પુણ્યશાળી માધ્યમ દ્વારા પ્રભુ નવનિર્માણ કરે છે એ વાત પણ આ કથા કહી જાય છે. એનો સાર એટલો જ છે કે કાળ ક્યારે આવશે એ નિશ્ચિત નથી માટે માનવે હમેશાં પ્રભુપરાયણ જીવન ગાળવું અને લેશમાત્ર કુવિચાર કે પાપનો સ્પર્શ થવા દેવો નહિ.

*(અખંડાનંદ જાન્યુઆરી ૧૯૭૬માંથી સાભાર)*

◆

# ૧૭ નૂહના વહાણના સંશોધનનો તબક્કાવાર ઈતિહાસ

- **૧૮૫૩ :** તુર્કસ્તાનની આર્મેનિયન જાતિના મૂળ વતનીઓએ ત્રણ અંગ્રેજોને સૌ પ્રથમ નૂહનું વહાણ બતાવ્યું હતું.
- **૧૮૮૩ :** કેટલાક સંશોધકો જ્યારે તુર્કસ્તાનના નકશા પરથી ત્યાં થયેલા એક પ્રચંડ ભૂંકપની અસરોનો અભ્યાસ કરી રહ્યા હતા, ત્યારે તેમણે નૂહનું વહાણ શોધી કાઢયું હતું. તેનો હેવાલ દુનિયાના લગભગ બધા જ દેશોનાં સમાચારપત્રોમાં પ્રગટ કરવામાં આવ્યો હતો.
- **૧૮૮૭ :** જોન જોસફ નામના મલબારના પ્રિન્સ નૂરીએ ત્રીજે પ્રયત્ને નૂહના વહાણનું માળખું શોધી કાઢયું હતું. ત્યારબાદ કેટલાંક વર્ષો પછી શિકાગો શહેરમાં એક વિશ્વધર્મ પરિષદ મળી હતી. તે વખતે ભરાયેલા પ્રદર્શનમાં જોન જોસફે વહાણ શોધી કાઢવાનો દાવો જાહેર કર્યો હતો. પરંતુ લેખિત દસ્તાવેજોના અભાવે તેમ જ તે અંગે ફંડફાળો ઊઘરાવવામાં ટેકો ન મળવાથી તેમના સંશોધનને અધિકૃત ગણવામાં આવ્યું નહોતું.
- **૧૮૯૨-૧૯૦૪ :** જ્યોર્જી નામના એક આર્મિનિયન સૈનિકે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સમાં નાસી છૂટયો હતો. તેણે પોતાની કિશોર વયમાં બે

વખત નૂહનું વહાણ જોયું હતું. તેની વાત ટેપરેકર્ડ થયેલી છે, જેનો ઈન્ટરવ્યૂ પણ લઈ શકાય છે.

- ♦ ૧૯૧૫-૧૯૧૬ : બે રશિયન વિમાનીઓએ ઊંચે આકાશમાંથી નૂહનું વહાણ જોયાનો દાવો કર્યો છે એમ કહેવાય છે. તેની વાતને ચકાસી જોવા માટે રશિયાના ઝારે ૧૫૦ જેટલા વિમાની સૈનિકોને નૂહના વહાણના સ્થળ તરફ રવાના કર્યા હતા. પરંતુ સામ્યવાદીઓએ તેમની ધરપકડ કરી ત્યારે તેમણે એ સંશોધકોના બધા જ દસ્તાવેજોનો નાશ કર્યો હતો. તેમ છતાં તેમાંના કેટલાક સંશોધકો કે જેઓ નાસી છૂટયા હતા તેઓએ નૂહના વહાણની વાત જાહેર કરી.
- ♦ ૧૯૩૬ : ન્યુઝિલેન્ડના વતની હાર્ડવીક નાઈટ નામના પુરાતત્વ ખાતાના નિષ્ણાતને આરારાટ પર્વત પરના ઢોળાવ પરથી નૂહના વહાણના લાકડામાંથી ઘડેલો ભંગાર મળી આવ્યો હતો. મિ. નાઈટ હજી જીવંત છે.
- ♦ ૧૯૧૭ : બગદાદના ત્રણ તુર્કી સૈનિકોએ પોતાની સેવાઓ પૂરી કરીને આરારાટ પર્વત પર ચઢવાનું શરૂ કર્યું. છેવટે તેઓએ વહાણ શોધી કાઢ્યું હતું.
- ♦ ૧૯૪૧-૧૯૪૪ : બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાના ટયુનિશિયા ખાતેના હવાઈ મથક પરથી તેમ જ એરિવાન ખાતેના સંશોધન મથક પરથી સો કરતાં વધુ વખત આરારાટ પર્વત પરથી ઉડ્ડયન

કર્યું હતું. તેમાંના ત્રણ સ્થળેથી (૧) એક અમેરિકન પાયલોટ (૨) એક રશિયન પાયલોટ અને ૩. બે અમેરિકન એરફોર્સ પાયલોટોએ નૂહના વહાણનો ફોટો લીધો હતો, 'સ્થર સ્ટ્રીપ' નામની ટયુનિશિયાની એક પુસ્તકની આવૃતિમાં તે ફોટા પ્રગટ પણ કરવામાં આવેલા.

- ◆ ૧૯૪૮ : રેસ્ટી નામના એક કુર્દીશ ખેડૂતે નૂહનું વહાણ શોધી કાઢયું હતું. એટલું જ નહિ, પણ ત્યાંના ગ્રામજનોના આગ્રહને વશ થઈને તેઓને તે બતાવ્યું હતું.
- ◆ ૧૯૩૨-૩૫ : ફેરનાન્ડ નાવેશ નામના એક અતિ ધનવાન ફ્રેન્ચ ઉદ્યોગપતિએ ૧૩૦૦૦ ફૂટની ઊંચાઈએથી હાથે ઘડેલા નૂહના વહાણનો લાકડાનો મોટો જથ્થો બરફમાંથી ખોદી કાઢયો હતો. તેમાંથી ૯ × ૯' × ૩' જેટલો ભાગ કાપીને ઉખાડી લીધો હતો. એ લાકડાનો ભાગ ઘણા જ જૂના સમયનો હોવાનું જણાયું છે. મિ. નાવેરા હજી હયાત છે.
- ◆ ૧૯૫૩ : જયોર્જ ગ્રીન નામના અમેરિકન ઓઈલ કંપનીના એક ઈજનેરે હેલીકોપ્ટરથી ઉડ્ડયન કરતાં વહાણનો ૧/૩ ભાગ ખુલ્લો પડેલો શોધી કાઢયો હતો. તેમણે એ સ્થાનનો ફોટો ૯૦ ફૂટ દૂરથી ઝડપી લીધો હતો. અત્યારે પણ ૩૦ જેટલા માણસોને તે ફોટા લીધાની યાદ તાજી છે. પરંતુ તે ફોટા કોઈને જોવા મળ્યાં નથી કારણ કે ૧૯૬૨માં જયોર્જ ગ્રીનની હત્યા થઈ હતી.

તેમણે લીધેલા ફોટાઓના તેમ જ તેમના બધા જ સરસામનનો નાશ સંદતર નાશ કરવામાં આવ્યો હતો.

♦ ૧૯૫૪-૫૮ : સાનફ્રાન્સિસ્કોના જોન લિવી અને લશ્કરના કર્નલ સેહાષ્ટ એટાલેએ એજ પ્રદેશમાંથી વહાણના પ્રદેશમાંથી વહાણના લાકડાનું સંશોધન કાર્ય કર્યું હતું. બન્ને વ્યક્તિઓ હાલ જીવે છે.

♦ ૧૯૬૨ : વિલ્બર બિશપ અને લોરેન્સ હ્યુવિટે ૧૭૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલા શિખર પરથી વિમાનમાંથી એ જગાનો અભ્યાસ કર્યો હતો. વળી ૧૪૦૦૦ ફૂટની ઊંચાઈએથી વહાણના માળખાનો નાશ એક ભાગ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ બને સંશોધકો હજી હયાત છે.

♦ ૧૯૬૯ : મેલા ફ્રેંચ ઉદ્યોગપતિ ફર્નાન્ડ નાવેરા ફરીથી આરારાટ પર્વત પર આવ્યા હતા. અને સર્ચ સંસ્થાના સંશોધકોને પોતે અગાઉ સંશોધન કરેલી જગા બતાવી હતી. તેઓને ફરીથી ત્યાંથી નૂહના વહાણના લાકડાના અવશેષો મળી આવ્યા હતા.

♦ **૧૯૭૦-૭૩ દરમિયાન નીચેનાં ત્રણ જૂથોએ વહાણના સંશોધન કાર્ય અંગે મહત્વની કામગીરી બજાવી હતી.**

૧. નેશનલ એસોસિએશન ફોર મિડિયા ઈવેન્જલિઝમ (NAME) નામની સંસ્થાએ નૂહના વહાણ સંશોધનકાર્યને

વેગ આપ્યો હતો. જોન વોરવિક મોન્ટગોમરીની રાહબરી હેઠળ તેમની ટીમ સાંથે નૂહના વહાણના સ્થળ પર રહીને એક ૧૬ m.m.ની મુવિ ફિલ્મ ઉતારી હતી.

૨. હોલીવુડ સ્ટુડિયોના એક નિર્માતા અગાઉ જે જગાએ નાવેરાએ સંશોધન કાર્ય કર્યું હતું, તેની ફિલ્મ ઉતારી હતી. પરંતુ તુર્કસ્તાનની સરકારે તે પર પ્રતિબંધ મૂક્યો હોવાથી એ ફિલ્મ પ્રસારિત થઈ શકી ન હતી.

૩. અમેરિકામાંના ટયુનિશિયાના હોલીવુડ ગ્રાઉન્ડ મિશન ઓફ પેલેસ્ટાઈન નામની સંસ્થાની આગેવાની ટોમ કોસ્ટર નામના આગેવાને લીધી હતી. તેમની ટીમે આરારાટ પરનું અધૂરું સંશોધન કામ પૂરું કર્યું હતું. આ જૂથના પ્રચારકો એમ માને છે કે બાઈબલના છેલ્લા બાકીના અધ્યાયો લખવા માટે ઈશ્વરે તેઓને નીમ્યા છે. તેથી તેઓ બાઈબલના જૂના સમયોનું અર્થઘટન કરવાની તેને અર્થપૂર્ણ બનાવવાની ફરજ બજાવી રહ્યા છે. આજે આ જૂથના સભ્યો દુનિયાના લોકોને આરારાટ પર્વત પરના સંશોધનના ફોટા બતાવી રહ્યા છે. જો કે આ ફોટાઓ વિષે હજી પણ બે મત પ્રવર્તે છે.

*(The Battle for Creation માંથી સંપાદિત)*

◆

# ૧૮ શોધખોળની તવારીખો

| | |
|---|---|
| ♦ ૧૮૫૬ | નાસ્તિક વૈજ્ઞાનિકો |
| ♦ ૧૮૭૬ | જેમ્સ બ્રાઈસ |
| ♦ ૧૮૮૩ | તુર્કીશ કમિશ્નરનો હેવાલ |
| ♦ ૧૮૮૭ | પ્રિન્સ નાઉરી |
| ♦ ૧૯૦૫ | એક વૃદ્ધ આર્મિનીઅન |
| ♦ ૧૯૧૫ | તુર્કીશ સૈનિકો |
| ♦ ૧૯૧૫-૧૯૧૬ | રશિયન - ઝાર |
| ♦ ૧૯૩૨ | કાર્વેથ વેલ્સ |
| ♦ ૧૯૩૬ | હાર્ડવીક નાઈટ |
| ♦ WWI | હવાઈ નિરીક્ષણ |
| ♦ ૧૯૪૮ | કુર્દીશ ખેડૂત રેશીત |
| ♦ ૧૯૫૩ | ફર્નાન્ડ નાવારા |
| ♦ ૧૯૬૯ | ફર્નાન્ડ નાવારા |

## ઉપયોગી થાય તેવાં પુસ્તકો


1. The Holy Bible
2. The Flood - Alfred N. Rehwinkel
   Concordia Publishing House,
   Saint Louis, Missouri
3. The Flood Receonridered
   Fredk A. Filly
   Fickering & Inglis Ltd. London
4. Noah's Three Sons
   Arthur C. Custance
   Academic Books
5. Genesis - John Calvin
   Geneva Series of Commentaries
6. Noahis Ark - Nathan M. Neyer
7. Genesis and Early Man
   Arthusr C. Custance
   Zondervan Publishing House
8. The Flood - Local or Globel ?
   Arthur C. Custance
   Zondervan Publishing House
9. Has anybody Really Seen Noah's Ark ?
   Violet Cummings
   Creation - Life Publishers
10. In Search of Noah's Ark
    Dave Balsiger & Charleo E. Seller
    Sun Classic Books
11. Adam When ? By Herold Camping
    Family Stations Inc
    Oakland Cal 94621

12. નૂહનું વહાણ - રેવ. યહોશુઆ પી. ક્રિશ્ચિયન

13. Dispensational Truth - Clarence Larkin
Rev. Clarence Larkin Est.
P.O. Box 334, Glenside ,
Pa. 19038 U.S.A.

14. બાઈબલનો માહિતીકોશ - રેવ. જયાનંદ આઈ. ચોહાન
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ-૬

15. The Early Earth - John C. Whitecamp Jr.
Bakes Book House,
Grand rapids, Michigan

16. Genesis in space and time
Francis A. Schaeffer
Hoder And Stoughten
London, Sydney, Auckland, Toranto.

## હૈયાશપથ

ઘેરાં વનવૃક્ષો રમ્ય અને રોમાંચ ભર્યાં,
અને એકાંતિક એ આરામગાહ વળી ત્યાં.
રાહ જોતાં ક્યારનાં, રે મુજને આમંત્રી રહ્યાં !
ને પેલે પાર પિતા-ગોદે ઝુલવા શી તનમના !

પણ લીધેલ હૈયાશપથ પાળવા રહ્યા મારે !
અને જોજનો પર જોજનો કાપવાં રહ્યાં મારે !
પ્રભુનાં 'લેખનો' કંઈ કેટલાંયે લખવાનાં છે પડયાં;
ગામેગામ, શહેરે શહેર પોં'ચતાય કરવા રહ્યાં !
નહિ તો જવાબ શો દઉં પ્રભુ-તપ્પાસને ?

એટલે જ

મહાકાળની નીંદમાં પોઢતાં પહેલાં,
નાથ-ચીંધ્યા કામ પૂર્ણ કરવાં રહ્યાં !
માટે જ જોજનો પર જોજનો મારે કાપવાં રહ્યાં.

જોજનો પર જોજન કાપવાં રહ્યાં,
રે નાથ, તમારે સહારે ! - તમારે સહારે !

જયાનંદ આઈ. ચૌહાન

ઓગસ્ટ ૨૪, ૧૯૯૩

◆

# રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનનાં પુસ્તકો

- ❐ બોલતા આંકડા *(અનુવાદ)*
- ❐ શબગુફાનો શહીદ *(અનુવાદ)* ત્રણ આવૃત્તિ
- ❐ વધસ્તંભની વાટે *(પાંચ આવૃત્તિ)* છઠ્ઠી બ્રેઈલમાં
- ❐ ગુજરાતી બાઇબલનો ઈતિહાસ
- ❐ બાઈબલ કોણે લખ્યું ? - ડ્રામા
- ❐ ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગે *(અનુવાદ)*
- ❐ ચોથા માગીની કથા *(અંગ્રેજીને આધારે)*
- ❐ અજાયબ ભવિષ્યવચનો *(મુક્તિ યોજનાનાં સાત પર્વ)*
- ❐ ઈસુ જીવન દર્શન - સચિત્ર *(બાળકો માટે)*
- ❐ ખોવાયેલું ઘેટું
- ❐ ગાંધીજીને ગમતાં ગીતો
- ❐ અનોખી ઈઝરાયલ પ્રજા *(પાંચ આવૃત્તિ)*
- ❐ બાઈબલ અભ્યાસ *(બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ ભાગ ૧ થી ૧૧)* પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ
- ❐ માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ? *(ટ્રાક્ટ)* બ્રેઈલમાં પણ છે.
- ❐ યરૂશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? *(બે આવૃત્તિ)*
- ❐ દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન *(પુનઃમુદ્રણ)*
- ❐ પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- ❐ રશિયા, ઈઝરાયલ અને બાઈબલ *(બીજી આવૃત્તિ)*
- ❐ ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ *(ચાર્ટ્સ)*
- ❐ માર્ગદર્શિકા *(ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)*
- ❐ બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ ભાગ-૧ *(પુનઃમુદ્રણ)*
- ❐ બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ ભાગ-૨
- ❐ આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસ *(શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)*
- ❐ અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ *(બીજી આવૃત્તિ) (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)*
- ❐ બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ
- ❐ માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ?
- ❐ તમારા સંજોગોના સંચાલક
- ❐ ખાલી કબરનો ચુકાદો
- ❐ જોશ જોવાનું પાપ *(બે આવૃત્તિ)*
- ❐ બાઈબલનો શબ્દકોશ
- ❐ પ્રભુ ઈસુ ભારત, કાશ્મીર, તિબેટમાં કદી આવ્યા જ નથી
- ❐ વિશ્વવ્યાપી જળપ્રલય
- ❐ ઈસુના પગલે પગલે
- ❐ ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ

8BGV2